## પદ-૩૧

"कित जांनमते हो प्राणनाथ"

સંસારભાવોથી મુક્ત અને સાધકદશામાં અનુરક્ત એવા શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં, સાધકને મમતાથી મુક્ત કરવા સમતાસાધનાનું કેટલું મહત્ત્વ છે તે દર્શાવ્યું છે.

આ પદમાં સુમતિ ચેતનજીને સમજાવે છે. ચેતન હવે ક્યારેક સુમતિના મંદિરે પધારે તો છે પણ તેનું મન હજુ ચંચળ છે. ચેતનની આ દશા જોઈ સુમતિ પોતાના પ્રાણનાથને કહે છે કે, હે પતિદેવ ! હવે તો સ્વઘર તરફ દૃષ્ટિ કરો. હવે સ્વજન-પરિજન સાથે રહી શાંતિ અનુભવો. સુમતિ ચેતનને સ્વસ્થાને લાવવા વારંવાર સમજાવે છે પણ અનાદિથી પડેલી આ કુટેવને કારણે ચેતન એમ જલ્દી સમજે એમ નથી.

કવિ આ એકત્રીસમા પદમાં 'શ્રી રાગ'માં કહે છે,

कित जानमतें हो प्राणनाथ!
इत आय निहारो घरको साथ...कित...।। १।।

સુમતિ, ચેતનને કહે છે કે હે પ્રાણનાથ ! તમે સંસારમાર્ગ અને મુક્તિમાર્ગ જાણ્યા પછી સંસારમાર્ગ તરફ શા માટે પ્રયાણ કરો છો ?

માર્ગ ભૂલેલા પથિકની સામે બે માર્ગ છે. બંનેનું ભાન કરાવ્યું છે. પણ નિર્ણય એના ઉપર છોડી દીધો છે. જેમકે કહ્યું છે,

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं।
उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे।।

હે મુમુક્ષુ ! તું સાંભળ ! ક્યો માર્ગ કલ્યાણનો છે અને ક્યો માર્ગ પાપનો છે તે જાણી પછી તારું શ્રેય શેમાં છે તે માર્ગનું અનુસરણ કર.

આ રીતે ચેતના (સુમતિ) ચેતનને કહે છે કે, હે ચેતન ! આત્મકલ્યાણનો માર્ગ અને સંસારનો માર્ગ ક્યો છે તે સાંભળી લીધા પછી તારું શ્રેય જેમાં થાય તે ગ્રહણ કર. આજ સુધી તે સંસારનાં કડવાં ફળનો અનુભવ કર્યો છે. તે રસ્તે મમતાએ તને મુંઝવ્યો છે અને સ્વઘરને જ તું ભૂલી ગયો છે.





સ્થૂલિભદ્રજી બાર વરસ સુધી રૂપકોશાના રંગમહેલમાં રહ્યા અને તેમણે પોતાના ઘર કે પરિવાર સામું પણ ન જોયું તેમ તમે પણ મમતારાણીના સંગે રમતા પારકાના થઈ ગયા અને પોતાનાને પારકા માનવા લાગ્યા. જેમકે ક્ષમાદિ દસ યતિધર્મ તે આત્મીયજન છે તેને તો આપ ભૂલી જ ગયા છો. હે નાથ ! આપ મારી સામું તો નથી જોતા પણ આ આપના પરિવારે શો ગુન્હો કર્યો છે કે જેથી તેની પણ સંભાળ લેતા નથી. સંસારના આટલા કડવા અનુભવો થયા છે છતાં આંખ કેમ ઉઘડતી નથી ? બીજી તરફ વૃત્તિ કેમ વળતી નથી ?

શ્રી બુદ્ધિસાગરજી લખે છે કે સંસાર ચાર પ્રકારનો છે. (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ભાવ. આમ ચાર પ્રકારના ચારગતિરૂપ સંસારમાં જીવો આડાઅવળા પરિભ્રમણ કરે છે પરંતુ એક સ્થાનમાં ઠરીને સહજ સુખ પામતા નથી.

સંસારમાર્ગમાં ચાર કષાય, ત્રણ દંડ, બે અશુભધ્યાન, અશુભલેશ્યા વગેરે અનેક રસ્તા છે. આ રસ્તે જતાં આત્મપરિણતિ અશુદ્ધતાને વરે છે. માટે હે ચેતન ! હવે તો અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરી શુદ્ધ ધર્મરૂપ ઘરમાં પધારો. કવિ બીજી કડીમાં કહે છે,

उत माया काया कबन जात, यहु जड तुम चेतन जग विख्यात।
उत करम भरम विषवेली संग, इत परम नरम मति मेलि रंग।।

હે ચેતન ! વિભાવદશામાં જવાથી સંસારનું પરિભ્રમણ કદી પણ ઘટવાનું નથી. સંસારમાં માયા, મમતા, શરીર તથા તેના ભોગની જ વાતો કાને પડયા કરશે અને ભોગપ્રાપ્તિ માટે છળકપટ કરી, આત્મવંચના કરવી પડશે. આ રીતે શરીર સુશ્રુષા કરવી તે વિભાવ દશાનું કારણ છે.

તમે જે માયા-મમતાને સ્ત્રી માનો છો તે કઈ જાતની છે, તેની તમને ખબર છે ? તે સાવ હલકા કુળની તથા હલકી જાતિની છે. સંસારમાં દીકરા-દીકરીના લગ્ન કરવા હોય તો ખાનદાની જોવામાં આવે છે. કુળવાન પોતાની ખાનદાની કદી પણ છોડે નહીં અને હલકા કુળની સ્ત્રીને હલકા કામ કરવામાં શરમ આવે નહીં. આ માયા અને મમતા તો હલકાકુળની સ્ત્રીઓ છે. તે જડ જેવી છે. તેની મતિ પણ જડ છે. તેનો પરિવાર જડ છે, ત્યારે નાથ ! તમે તો જગત પ્રસિદ્ધ ચૈતન્યઘન ચેતનરાજા છો. તમારો ધર્મ

તો જ્ઞાનાદિ ગુણ યુક્ત છે પણ વર્તમાનમાં જ્યારે તમારે પક્ષે જોઉં છું તો ઊલટું જ દેખાય છે. જડ પદાર્થ તમને ચાહતા નથી પણ તમે જડ પદાર્થને ચાહો છો. હે ચેતનદેવ ! આપ જાણો છો કે જડ પદાર્થોનો સંગ્રહ કરી ભૂતકાળમાં તેના માલિકો ઘણા ચાલ્યા ગયા. વર્તમાનમાં જાય છે અને ભવિષ્યમાં ચાલ્યા જશે. એક પણ જડ પદાર્થ તેની સાથે કે પાછળ ગયો નથી. આ સત્ય હકીકત હોવા છતાં તમે તેનો સંગ છોડતા નથી. તમે ચેતન જડની સંગત કરો છો તે કોઈપણ રીતે યોગ્ય નથી. કાગડાનો સંગ કરનાર હંસ કદીપણ શોભા પામતો નથી. “शोभते न सभा मध्ये बको यथा” તેમ તમે પણ શોભાસ્પદ લાગતા નથી. આવી દયનીય તમારી સ્થિતિ છે. તેમાં જરા પણ શંકાને સ્થાન નથી. નિબીડ કર્મોથી જીવ એવો તો ભ્રમિત થઈ જાય છે કે તેને પોતાનું પણ ભાન રહેતું નથી. અરે ! તમે તો તમારું નામ, ઠામ અને ગામ પણ ભૂલી જશો. જડની જાત અને જડનું નામ પણ તમે જ છો, એવો ભ્રમ પેદા થશે. એટલું જ નહીં આવા તો બીજા અનેક ભ્રમ ઊભા થશે.

વિભાવ તો વિષવેલ જેવો છે. જે ખાય તેને તો વિષની અસર થાય પણ જે તેનો સ્પર્શ કરે તેને પણ વિષની અસર થયા વિના રહે નહીં. પ્રાચીનસમયમાં રાજામહારાજાઓ પોતાના શત્રુને મારવા પોતાના રાજ્યમાં વિષકન્યા રાખતા હતાં. કર્મ તથા વૈભાવિકવૃત્તિઓ વિષકન્યા જેવી હોય છે. તેનાં અંગમાં જ નહીં અણુએ અણુએ વિષ ભર્યું હોય છે. તેના સંગે રહેનારાઓને હળાહળ ઝેરની અસર થયા વિના રહેતી નથી. માટે જ હે દેવ ! આપને હું વિનંતી કરું છું કે હવે આપ સ્વભાવ તરફ દૃષ્ટિપાત કરો અને વિભાવથી વેગળા બનો. માટે આ પ્રશસ્ત માર્ગે પ્રયાણ કરવા ફક્ત મોઢું ફેરવી દો. જો આટલું થશે તો સ્વરૂપ દર્શન થતાં વાર નહીં લાગે. હવે ચેતનનો પરિવાર કેવો છે તેનું અવલોકન કરવા કેવી રીતે વિનવે છે તે વાત કવિ ત્રીજી કડીમાં કહે છે.

उत काम कपट मद मोह मान, इत केवल अनुभव अमृत पान।
आली कहे समता उत दुःख अनंत, इत खेलहु आनंदघन वसंत।। ३।।

વિભાવદશાને કારણે જીવમાં વિવિધ ભાવો ઉત્પન્ન થાય છે અને અનેક ઈચ્છાઓ પેદા થાય છે. ભોગરૂપ કામ ત્રણ પ્રકારના છે. સ્ત્રીવેદ,





પુરુષવેદ અને નપુંસકવેદ. કર્મગ્રંથ કહે છે કે પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકથી નવમા ગુણસ્થાનના ત્રીજા સમય સુધી ત્રણેય વેદની સત્તા રહે છે. સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદનો ઉદય નવમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી જ હોય છે.

વેદનો ઉદય દેવ, દાનવને માનવ બધાને સતાવે છે પણ ક્યારેક કોઈક સાધુઓને પણ પીડે છે. હે સ્વામી ! તમે સંસારમાર્ગે જશો તો કામવાસનામાં ફસાઈ જશો. તે માર્ગે કપટનું ઘણું જોર છે. વિવિધ પ્રકારની વાસનાઓની પૂર્તિ માટે તમારે છળ-કપટ કરવું પડશે. ખોટી વસ્તુને સાચી ઠરાવતાં દંભ કરી ખોટું બોલવું પડશે. હૃદય આવું કરવા કબૂલ નહીં થાય છતાં પણ કાર્ય તો કરવું જ પડશે. તમે સ્વયં વિચારો, વાણી અને વર્તનમાં વિરોધાભાસનો અનુભવ કરશો, છતાં મમતાને કારણે પરને પોતાનું માની જાતિ, કુળ, રૂપ, તપ, ઐશ્વર્ય વગેરેનો મદ કરી મદોન્મત્ત બનો છો. મોહ મદિરાથી ચારે બાજુ જ્યાં ત્યાં ભટકો છો. મોહરૂપ અજ્ઞાનને કારણે વિવેકચક્ષુ બંધ થઈ જાય છે. તમે માન કષાયનું પોષણ થાય એવા કાર્યો કરો છો. આ બધાં લૂંટારાઓ સંસારમાર્ગે જવાથી નડે છે. પરંતુ હે નાથ ! સ્વભાવદશામાં તો માત્ર યથાર્થ સ્વરૂપના બોધરૂપ અનુભવ અમૃતનું જ પાન કરવાનું છે. વસ્તુ સ્વરૂપને યથાર્થરૂપે ઓળખી તેનાં વિચારમાં મગ્ન થવાથી અનુભવ જ્ઞાન વધતું જાય છે. જેમજેમ મગ્નતા આવતી જાય તેમતેમ મીઠાશ વધતી જાય છે અને એ મીઠાસરૂપ અમૃતપાન કરવાથી આનંદની વૃદ્ધિ થતી જાય છે.

અહીં સમતા પોતાની સખી સુમતિને કહે છે કે હે સખી ! વિભાવદશામાં અનંત દુઃખ છે. વળી જીવ નરક-નિગોદમાં જઈ કાળી વેદના ભોગવે છે. આ જીવ નિગોદમાં તો એક અંતમુર્હૂતમાં ૬૫૫૩૬ વાર જન્મે છે અને મરે છે. ત્યારે હે સખી ! અહીં તો આનંદઘન પ્રભુ પોતે જ વસંતોત્સવ ખેલે છે. વિલાસી લોકો વસંતઋતુમાં આનંદ-કલ્લોલ કરતાં અબીલ-ગુલાલ ઉડાડી આનંદ કરે છે તેમ આત્મભગવાન સ્વભાવદશામાં રહી વૈરાગ્ય રંગે રમે છે. તે આત્માનંદનું અબીલ અને ત્યાગનું ગુલાબ લઈ બધાને રંગી રહ્યા છે.

હે ચેતનજી ! તમે શાંતરસનું સ્વરૂપ વિચારો અને પરિવાર તરફ

દૃષ્ટિપાત કરો. કવિશ્રી શાંતિનાથના સ્તવનમાં પણ કહે છે,

"આપણો ચેતન ભાવ જે, એક ચેતનાધાર રે
અવર સવી સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે..."
શાંતિજિન એક મુજ વિનંતી...

હવે ચેતન બોલે છે કે મારો સ્વભાવ જ્ઞાન, દર્શનરૂપ છે. પરમ પારિણામિક મારો ભાવ છે. 'માત્ર શબ્દાર્થ જોતાં ચેતના આધાર અને ચેતન આધેય છે. પણ અહીં તો આધાર–આધેય ભાવનો તાદાત્મ્ય સંબંધ છે. બીજા બધા ભાવો પુદ્‌ગલ સંયોગી છે અને તેની સાથેનો સંબંધ સંયોગ સંબંધ છે. રાગ–દ્વેષ, ઈર્ષ્યા વગેરે આત્મસ્વભાવ નથી. મૃદુતા, ઋજુતા વગેરે મારો પરિવાર છે. હવે તું તેને ઓળખી લે.

આ પદમાં સમતા, સુમતિ સાહેલીને સ્વભાવ વિભાવનું અંતર શું છે તે બતાવે છે. સુમતિ એટલે શુભક્રિયા કરવાની રુચિરૂપ પરિણતિ. બારમા ગુણસ્થાન પછી ગુણસ્થાન ક્રમારોહમાં સમતા પ્રાપ્ત થાય છે. પછી પ્રવૃત્તિ કરાવનારી સુમતિ વિદાય લે છે અને સમતા તે સ્થાન ગ્રહણ કરે છે.

પન્યાસજી શ્રી ગંભીરવિજયજી કહે છે,

રાગ-દ્વેષ કષાય હરત હૈ, સહે શીત ઉષ્ણ અવિકારી;
યસી સુમતિ જિન વચન પીયત હૈ, કરે ગંભીર ભવોદધી પારીરે.

સુમતિનો રંગ કરવાથી તથા નિજ પરિવારને ઓળખવાથી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે. સુમતિના સંગે વિભાવનું જોર ઘટતું જાય છે. ચેતન ! ધીમે ધીમે નરમ પડતો જાય છે. મમતાનું ચિત્ર ખડું કરતા શ્રી યશોવિજયજી મહારાજ સચોટ ભાષામાં લખે છે,

ચેતન મમતા છાંડ પરીરી, છાંડ પરીરી, દુર પરીરી...ચેતન
પર રમણી શું પ્રેમ ન કીજે, આદરી સમતા આપ વરીરી... ૧
મમતા મોહ ચાંડાલ કી બેટી, સમતા સત્ય નૃપ કુંવરીરી
મમતા મુખ દુર્ગંધ અસત્યે, સમતા સત્ય સુગંધ ભરીરી... ૨
મમતા કી દુર્મતિ હૈ આલી, ડાકિની જગત અનર્થ કરીરી
સમતા કી શુભમતિ હૈ આલી, પર ઉપકાર ગુણે સમરીરી... ૩

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે મમતાને ચાડાંલ જાતિની કહી છે. તેમ આનંદઘનજીએ મોહ–મમતાને હલકી જાતના ખપાવ્યા છે. સમતા તો સંયમરૂપ રાજાની દીકરી છે. તેનું કુળ ઉત્તમ છે. આ રીતે સમતા





ચેતનને કહે છે કે હવે તમે તમારા ઘર તથા પરિવાર સામું જુઓ અને નિજ સ્વરૂપને સંભાળો.

આ પદમાં કવિની અનુભૂતિની સ્પષ્ટતા તાદૃશ્ય થાય છે તથા મનની વૈજ્ઞાનિક ભૂમિકા ઉપસાવતું આ પદ માનવને મન સાથે વાતો કરતો કરી મૂકે છે. સ્વયંને સ્વયંબોધ પમાડે તેવું નાનું પણ સુંદર પદ છે.

## પદ-૩૨

"पीया तुम, निठुर भये क्युं ऐसे"

શ્રી આનંદઘનજીએ આ પદમાં સુમતિની અંતરવેદના ઠાલવી છે. પતિભક્તિ સ્ત્રીનો પતિ જ્યારે તેની ઉપેક્ષા કરે છે ત્યારે તે કેવી વ્યાકુળતા અનુભવે છે તેનું નિરૂપણ આ પદમાં કર્યું છે.

ચેતન, સુમતિનો સાથ છોડી પરઘરે રખડી રહ્યો છે ત્યારે સુમતિ તેને સ્વસ્થાને લાવવા ઘણાં પ્રયત્ન કરે છે અને પોતાની વ્યાકુળતા વ્યક્ત કરતાં ચેતનને ઉદ્દેશીને કહે છે,

पीया तुम, निठुर भये क्युं...ऐसे...निठुर
में तो मन वच क्रम करी राउरी;
राउरी रीत अनेंसे... पीया तुम...निठुर...।। १।।

સુમતિ ચેતનને કહે છે કે હે શુદ્ધ ચેતન ! તમે આટલા નિષ્ઠુર કેમ થઈ ગયા છો ? તમે તો મારી સામું પણ જોતા નથી. હે નાથ ! આપને હું મન, વચન કાયાના યોગથી ચાહું છું. મારા મનમાં સતત આપનું જ રટણ તથા સ્મરણ છે. મારા મન–મંદિરમાં કેવળ આપની મનોહરમૂર્તિ જ છે. હું અનન્યભાવે આપનું જ ધ્યાન કરું છું ને આપનો જ જાપ કરું છું. સ્વપ્ન પણ આપના જ જોઉં છું. મારા સુખ અને દુઃખનો આધાર આપ છો. મેં આપની જ આજ્ઞા ધારણ કરી છે. હે નાથ ! વચનથી 'પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી આ ચાર ભાષા પણ આપની જ કરી દીધી છે. જ્યાં જાઉં ત્યાં આપની જ ચર્ચા, વાર્તાને ગુણોનું કથન કરું છું. કાયાથી હું આપને જ વરેલી છું. આપને હિતકારી સર્વ રીતોને મેં ધારણ કરી છે. આપના સગા તે મારા સગા છે તેવી રીતે તેની સાથે વહેવાર કરું છું. વળી આપની ઈચ્છાનુસાર અનુસરણ કરું છું છતાં હે નાથ ! આપ મારાથી રીસાયેલા કેમ છો ? આપ મારી સાથે કોઈપણ પ્રકારનો પ્રેમ ભર્યો વહેવાર કેમ કરતા નથી ? એકપક્ષી પ્રેમ ક્યાં સુધી ટકી શકે ? જેમકે "એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુવે સંધી" ૧ એક વ્યકિત પોતાનો સ્નેહ કેટલો સમય જાળવી રાખે ? હું આપને પ્રેમ કરું અને આપ બેદરકાર રહો





તે કેમ ચાલે ? હે નાથ ! આપ માયા–મમતા જેવી હલકી સ્ત્રીઓની સોબત કરો છો તે ક્યાં સુધી યોગ્ય ગણાય ? હલકા માણસની સંગતથી આપણે પણ હલકી વૃત્તિના બની જઈએ. પાણીનો સંગ દૂધ કરે તો દૂધની કિંમત ઘટે પણ દૂધનો સંગ જો પાણી કરે તો પાણીની કિંમત વધે છે. તેવી રીતે સજ્જનને સારા માણસની સોબત સો ગણી કિંમત કરાવે.

હે નાથ ! મારી સર્વઈચ્છાઓ તથા આકાંક્ષાઓ આપના શ્રી ચરણોમાં સમર્પિત છે. બસ હવે એ જ આશાએ જીવી રહી છું કે આપ મારી સામે જુઓ અને દર્શન આપો, જેથી મારા બહોંતેર કોઠામાં આનંદના દીવા પ્રગટે.

સુમતિ બીજી કડીમાં કહે છે,

फूल फूल भवर कीसी भाउंरी भरत हुं, निवहे प्रीत क्युं ऐसे ?
में तो पीयुते ऐसी मीलि आलि, कुसुम वाससंग जैसे...पीया तुम।। २।।

સુમતિ કહે છે કે હે નાથ ! પુષ્પ પ્રેમી ભમરો જેમ ફૂલની આજુબાજુ ફર્યા જ કરે છે તેવી રીતે હું પણ આપની આજુબાજુ ફર્યા જ કરું છું. આપના ગુણ સુગંધથી આકર્ષાયેલી જ છું. હું જાણું છું કે આપ તો શુદ્ધ સ્વરૂપી છો. અનંતનિધાન છો તેથી જ મારો મનરૂપી ભ્રમર આપના ગુણ પુષ્પની આસપાસ ફર્યા કરે છે.

સુમતિ સખી સમતાને કહે છે કે હે સખી, જેમ પુષ્પને પરાગ એકમેક છે તેમ હું તો મારા સ્વામીને મળી ગઈ છું. હું ચૈતન્યદેવનાં ગુણ–પર્યાયોરૂપ અંગોનું ધ્યાન કરું છું અને તેમના પ્રત્યેક ગુણોનું સ્થિર ઉપયોગથી સ્મરણ કરું છું. મારું ચિત્ત તેમાં જ સ્થિર થાય છે.

શ્રી મોતીચંદ કાપડિયા લખે છે સુમતિની આ વાત સાંભળી શ્રદ્ધા કહે છે કે તે કોઈ વખત તારા પતિ સાથે જુદાઈ રાખી હશેઃ ૧ નહીં તો તે વ્યકિત એવી નથી કે આટલો વખત રોષ રાખી શકે ? સુમતિ કહે છે કે જુદાઈની વાત જ ક્યાં છે ? જેમ સાકર ને મીઠાશ એક છે, જેમ પુષ્પને સુગંધ એકમેક છે તેમ હું પણ મારાપતિની સાથે એક છું. મારે મારા પતિ સાથે અભેદભાવ છે. મારામાં કદી દ્વિધાભાવ થવાનો નથી.

સુમતિ ચેતનને કહે છે,

ऐठी जान कहापर एती, नीर निवहिये भैंसे;
गुन अवगुन न विचारो, आनंदघन कीजिये तुम हो तैसे।। ३।।

હે ચેતન ! હે મારા નાથ ! તમે મારી વાત સાંભળો. માયા–મમતા સાથે તમારો ભોગ એ તો એંઠવાડ છે, કારણ કે માયા–મમતાને અનેક ભોગવી ચૂકયા છે. પાછી તે પણ ઠેકઠેકાણે ભટકે છે. બીજાનું ખાધેલું ખાવું અને બીજાનું છોડેલું ભોગવવું એ તો ભિખારીની દશા છે.

માયા ને મમતા તે હલકા કામ કરનારી સ્ત્રીઓ છે. જે તેની પાસે આવે તે બધા સાથે એ વિલાસ કરે છે. એવી એંઠથી આપ રાજી થાવ એ શું આપને શોભાસ્પદ લાગે છે ? આવા ગંદા પદાર્થો તો ફેંકી દેવા યોગ્ય હોય તેનો ભોગ ન હોય.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે "સકલ જગત છે એંઠવત" આ આખું યે જગત એંઠ સમાન છે. અનેકનું ભોગવેલું ભોગવવાનું છે.

પન્નવણાસુત્રમાં કહ્યું છે,

अणुस्साणं भन्ते! केवइया ओरालिय सरीरगा पण्णत्ता?

गोयमा! दुविहा पण्णत्ता तंजहा! बध्देलगाय मुक्केलगायः।।

અહો ભગવાન ! મનુષ્યને ઔદારિક શરીર કેટલાં કીધાં છે ?

અહો ગૌતમ ! ઔદારિક શરીર બે પ્રકારના કીધા છે. બંધેલગા અને મુક્કેલગા.

આ જીવ જગતના જેટલા પણ પરમાણુઓ સ્પર્શે છે તે તાજા કે કોઈના ન સ્પર્શાયેલ ભોગવે છે તેમ નથી. દરેક પરમાણુઓ અનેક જીવોના ભોગવેલા છે, તેણે છોડયા છે તે તું ભોગવે છે અને તે પણ મોહાસક્ત થઈ ભોગવે છે. કોઈનું ભોગવેલું અથવા ફેંકી દીધેલું ભોગવવું એ તો કાગડા અને ભિખારીની રીત છે.

પ્રભુ ! આપ તો શુદ્ધ નિરંજન સ્વરૂપ છો. આપની પાસે બધું જ છે. શા માટે પોતાની સમૃદ્ધિનો ભોગ કરતાં નથી ? આમ કરવું તે શું જ્ઞાનીજનોની શોભા છે ? આપની સ્થિતિ જોતાં એવું લાગે છે કે આપ તો પખાલીના પાડા જેવું કાર્ય કરી રહ્યા છો. ભેંસને ડોબું કહેવાય છે કારણ કે અધિક બુદ્ધિનો અભાવ છે. તેમ તમે પણ કુસંગતિને કારણે અક્કલ હીન થઈ ગયા હો તેવું લાગે છે. પણ જ્ઞાનીજનોની સંગાતિથી અજ્ઞાની જ્ઞાની બની શકે છે જેમ કે કહ્યું છે,

"सत्संगति कथयः किं न करोति पुंसाम" સત્સંગતિ માનવને





સત્માર્ગે લઈ જાય છે. તમે કોઈના ગુણ અવગુણ જ જોઈ શકતા નથી ? જરા તે માર્ગનો વિચાર તો કરો. અવગુણી એવી માયા–મમતાને છોડવાનો વિચાર સુધ્ધાં કરતા નથી. હલકાં માણસો સાથે રહેવાથી શું ફળ મળે તે આપ સ્વયં અનુભવી રહ્યા છો છતાં તેને છોડવાનો વિચાર કેમ કરતાં નથી.

હે નાથ ! હું તો તમને લાભ થાય તેવી હિતકારી વાત જ કરું છું. હે સ્વામી ! શુદ્ધ ચેતના તો તમને દસમા ગુણસ્થાનક પછી મળશે પણ મારો તમારો સંબંધ દસમા ગુણસ્થાન સુધી છે. માટે તમે મારા તરફ સ્નેહ ન રાખો તે કેમ ચાલે ? શુદ્ધ ચેતના ન મળે તો સુમતિથી કામ ચલાવવું પડે. હે નાથ ! તમારે તો કામથી કામ છે. આપને શુદ્ધ ચેતના ન મળે તો મારાથી કામ નિર્વહો અને આપની સ્વરૂપદશા પ્રાપ્ત કરવામાં જેટલી બની શકે તેટલી આપની સેવા કરવાનો લાભ આપો. આપ જાણો છો કે દસમા ગુણસ્થાન સુધી કષાયનો આવિર્ભાવ છે. તેને દૂર કરવા માટે સમતાભાવની જરૂર છે. આપ શુદ્ધ છો અને મને પણ આપના જેવી શુદ્ધબુધ્ધ દશાવાળી બનાવો. જેમ નદી સમુદ્રમાં મળી જાય છે તેમ મને પણ આપનામાં મિલાવી શરણે લઈ લો. મારો સ્વીકાર કરો.

સુમતિ અને શુદ્ધ ચેતના વચ્ચેનો તફાવત એટલો સૂક્ષ્મ છે કે તે અધ્યાત્મમાર્ગે આગળ વધેલા સાધકો જ વધારે સાચી રીતે અનુભવી શકે.

કવિશ્રી આનંદઘનજીએ આ પદમાં સુમતિએ, ચેતનને કરેલા ઉદ્‌બોધનને અભિવ્યકિત આપી છે. એમાં સુમતિની વ્યાકુળતા તથા એણે ચેતનને આપેલા ઉપાલંભ સાથે ચેતન પ્રત્યેની નિષ્ઠા સચોટ રીતે વ્યક્ત થઈ છે. રૂપક કે દૃષ્ટાંત પ્રયોજીને કવિએ પોતાના વક્તવ્યને સુચારુ બનાવ્યું છે.

# પદ-૭૩

“मिलापी आन मिलाओ रे”

શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં સુમતિની અંતરવ્યથાનું દર્શન કરાવ્યું છે. ચેતનનાથને મળવા અતિ ઉત્સુક સુમતિ પોતાની સાહેલીઓ, પતિમિત્ર અનુભવ વગેરેની સહાય લે છે કારણ કે હવે વિરહ અસહ્ય લાગે છે તેથી કવિશ્રીએ “ગોડીરાગ”માં આ પદનો પ્રારંભ કર્યો છે. તેઓ કહે છે,

मिलापी आन मिलाओ रे, मेरे अनुभव मीठडे मित्त...मिलापी
चातल पीउ पीउ पीउ रहे रे, पीउ मिलावे न आन;
जीव पीवन पीउ पीउ करे प्यारे, जीउ नीउ आन ऐ आन...मिलापी...।। १।।

સુમતિ, પતિના અનુભવમિત્રનો સંપર્ક સાધે છે અને પોતાનું હૃદય ખોલીને જેમ એક સાહેલીને વાત કરે એ રીતે પડદો રાખ્યા વિના અનુભવને વાત કરે છે. હે અનુભવ ! તું તારો મિત્ર ચેતનને મને મેળવી આપ. તેના વિયોગે હું ઝૂરી રહી છું. તેની રાહ જોઈ હું રાત-દિવસ દ્વારે તથા ગોખે બેસી રહું છું. તેના ઉપર હું શુદ્ધ પ્રેમ રાખું છું. મેં મારૂં જીવન તેને સમર્પી દીધું છે. તેના વિરહે મારી તો ઊંઘ પણ ઊડી ગઈ છે. છતાં પણ ચેતન ! મારે મંદિરે પધારતા નથી. હે અનુભવ ! તું તો મારા સ્વામીનો ઘનિષ્ઠ મિત્ર છો. મને વિશ્વાસ છે કે તારું કહ્યું તે માનશે માટે જ આજે તારી પાસે આવી ખોળો પાથરી વિજ્ઞપ્તિ કરું છું. તારે મારું આટલું કામ કરી જ આપવું પડશે. એક વખત ચેતનદેવ મારી પાસે આવ્યા પછી તો તેને મારામય કરી આનંદમગ્ન કરાવી દઈશ. પછી તો તેને મારાથી દૂર જવાનું મન પણ નહીં થાય પણ એક વખત તું તેને સમજાવી મારી પાસે મોકલ. તે આવશે એટલે તેને ધીરે-ધીરે સમજાવીને હું શુદ્ધ ચેતના પાસે મોકલી આપીશ.

ચાતક પક્ષી જેમ વરસાદની રાહ જોઈ પિયુ પિયુ બોલ્યા કરે છે. વર્ષાઋતુ નજીક આવતા બપૈયો તેની આતુરતાથી રાહ જુએ છે, તેમ હું પણ પતિ મિલનની આશામાં ઉત્સુકતા અને આતુરતાથી તેની રાહ જોઉં





છું. ચાતકની જેમ પતિના નામની જપ-માળા કર્યાં કરું છું. મારા મનમાં તેના જ વિચારો તથા સ્મરણ રહ્યાં કરે છે. મારી આંખો પતિ-દર્શનની તૃષિત થઈ ચારે બાજુ દોડયા કરે છે. મારા કાન તેના શબ્દો સાંભળવા ઉત્સુક છે.

મારા શ્વાસોશ્વાસે ચેતનસ્વામીનો જાપ ચાલે છે. મારા જાપની અસર જડ શ્વાસ ઉપર થઈ પણ મારા આત્મસ્વામી પર તેની કાંઈ અસર નથી. માટે હે અનુભવ ! મારી આવી દશા હોવા છતાં તું શા માટે તારા મિત્રનું મને મિલન કરાવી આપતો નથી ? હું પતિવ્રતા સ્ત્રી છું આ જગતમાં તેના સિવાય મારું કોઈ નથી, છતાં તને પણ મારી દયા આવતી નથી. ચેતનને મમતાનો મોહ કેટલો છે તે ક્યાં તારાથી અજાણી વાત છે ?

જ્યારે કોઈપણ વ્યકિતની કોઈપણ બાબતમાં આતુરતા વધી જાય છે. ત્યારે સામી વ્યકિત આજ્ઞા કરવા લાયક છે કે હુકમ ચલાવવા લાયક છે તે જોવાની શક્તિ કે મતિ તેનામાં રહેતી નથી. તેથી આ કડીમાં ‘લાવ, લાવ’ શબ્દ આજ્ઞાર્થમાં લેવામાં આવ્યો છે.

હવે સુમતિ ! પોતાની અંતરવ્યથા વ્યક્ત કરતાં શું કહે છે તે સાંભળીએ:-

दुखीयारी निशदिन रहुं रे, फिरुं सब सुधबुध खोय;
तनकी मनकी कवन लहे प्यारे, कीसें देखाउं रोय...मिलापी।। २।।

હે પ્યારામિત્ર અનુભવ ! તું બધું જાણે છે છતાં પણ મારાથી કહ્યા વિના રહી શકાતું નથી. હું રાત-દિવસ તેના વિરહથી દુ:ખી છું. જેમ વિયોગી વ્યકિતને સુખ પણ દુ:ખરૂપ લાગે છે અને પૂનમના ચાંદની શીતળ ચાંદની આગ વરસાવતી જણાય છે, મખમલના ગાલીચા પણ કાંટાની જેમ ખૂંચે છે, તેમ મને પણ સંસારનાં સર્વ કાર્ય દુ:ખપૂર્ણ લાગે છે. મને ક્યાંય ચેન પડતું નથી. આ વિરહવેદનામાં હું મારી શુદ્ધિ પણ ખોઈ બેઠી છું. મૂઢની માફક હું જ્યાં ત્યાં ફર્યા કરું છું. વિરહાગ્નિને કારણે મારા મનની શાંતિ પણ બળીને રાખ થઈ ગઈ છે. મારું શરીર વેદનાથી પીડિત છે. મારું આ દુ:ખ કોને કહેવા જાઉં અને કોની પાસે જઈ રોવું ? હવે તું મલ્યો છે તેથી આશા બંધાણી છે કે તું જરૂર ચેતનને સમજાવીશ.

સુમતિ આગળની કડીમાં કહે છે,

निसि अंधियारी मोही हसे रे, तारे दांत दिखाइ;
भादु कादु में कियो प्यारे, असूअन धान वहाइ...मिलापी।। ३।।

હે અનુભવ ! તું મારા મનની સ્થિતિ જાણે છે. મન જ્યારે દુઃખી હોય ત્યારે પ્રકૃતિ પણ રડતી જ દેખાય છે. રાત–દિવસ આ વિરહ વ્યથાથી મારું મન દુઃખી થઈ રહ્યું છે. તેમાં વળી અંધારી રાત્રી તો જાણે મારા દુઃખ પ્રત્યે હસી રહી છે તેથી તે મને બહુ વસમી લાગે છે. તેમજ આ આકાશમાં દેખાતા તારાગણ તો જાણે દાંત કાઢી કાઢીને ખડખડાટ મારા પર હસી રહ્યા છે ને મારી ઠેકડી કરી રહ્યા છે. એક તો હું દુઃખી છું અને તે બધા આમ કરીને મારા દુઃખ ઉપર ડામ દઈ રહ્યા છે.

હે મિત્ર ! મેં ચેતનના વિયોગમાં આંસુની એટલી ધાર વહાવી છે કે આ ભાદરવા મહિનામાં બધે કાદવ થઈ ગયો છે. ચોમાસામાં વરસાદ પડે છે તે માટે કવિએ સુમતિના આંસુની કલ્પના કરી છે. કાચા રસ્તા પર વરસાદને કારણે ગારો તથા કાદવ થઈ જાય છે. કવિએ અહીં વ્યથાની અતિશયતા દર્શાવવા માટે પાણી અને કાદવની સરસ કલ્પના કરી છે.

વિરહીજનો માટે રાત્રી વધારે ભયાનક હોય છે કારણ કે રાત્રીના એકાંતસ્થાનમાં કામદેવ પોતાનું જોર વધારે ચલાવે છે. સંસારગ્રસ્ત સ્ત્રીઓ સંસારમોહમાં આસક્ત હોવાથી પતિ વિરહમાં અત્યંત વિલાપ કરે છે. આંસુડા સારે છે. પણ તેનું સાધ્ય ઇન્દ્રિયની વિષયની તૃપ્તિ હોય છે પરંતુ અહીં તો સુમતિ બોલી રહી છે તે શુદ્ધ પ્રેમથી પતિ તરફ આકર્ષાય છે. તેનું સાધ્ય શુદ્ધ ચેતનત્વ પ્રગટ કરવાનું છે. વિરહીજનોને વ્યાકુળતા થવાનું કારણ તેની મોહદશા છે. અહીં અંધારી રાત એટલે અજ્ઞાન. આ આત્મજ્ઞાનનાં આવરણરૂપ દશા છે. તેમાં તારાઓ રૂપ દંત પંકિત તે મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાનાદિ ઉપરથી શ્વેત દેખાતા ખોટા ચમકારા સમજવા. અશ્રુની ધારા ચાલે છે તે વધારે ખેદયુક્ત સ્થિતિ બતાવે છે.

સુમતિ કહે છે કે હે મિત્ર ! આ રીતે હું પતિવિરહમાં રડી રહી છું છતાં પણ મારા પતિ મારા ઉપર કૃપા કરી મંદિરે પધારતા નથી, માટે હે મિત્ર ! તું મને તેને મેળવી આપ. કવિ કહે છે,

चित्त चोरी चिहुं दिसे फीरे, प्राणमें दो करे पास;
अबलासें जोरावरी प्यारे, एती न कीजे रीस...मिलापी...।। ४।।





હે પ્યારા અનુભવ ! મારી ચિત્તરૂપી ચકવી પતિવિરહે હૃદયના દુઃખથી જાણે કે મારા હૃદયના બે ટુકડા થઈ જશે, માટે હૃદયને બંને હાથે દાબી દુનિયામાં ફરે છે. ચક્રવાક અને ચક્રવાકી નદીના સામેના તટ ઉપર હોય છે પરંતુ રાત્રિ થતાં ચક્રવાક તથા ચક્રવાકીનું મિલન થતું નથી તેથી ચક્રવાકી આખી રાત પિયુ પિયુનું રટણ કરતી ફર્યા કરે છે. તેમ હે મિત્ર ! મારી પણ એવી જ દશા છે કે મારું હૃદય હમણાં જ બેસી જશે. વિરહને કારણે મારા હૃદયના ધબકારા પણ વધી ગયા છે. હવે તો હૈયું પણ હાથ રહેતું નથી. માટે તને કહું છું કે તું મારા પતિને મેળવી આપ. હે નાથ ! હવે તો તમે દર્શન આપો.

છેલ્લી કડીમાં કવિ કહે છે,

आतुर चातुरता नहि रे, सुनि समता टुंक बात;
आनंदघन प्रभु आय मिले प्यारे, आज धरें हरभात...मिलापी।। ५।।

સુમતિ અનુભવ મિત્રને કહે છે કે આજ સુધી તે મારી ઢંગધડા વિનાની વાતો સમતાથી સાંભળી. તને ખ્યાલ છે ને કે જેને ઘણી આતુરતા હોય તેને ચતુરાઈ રહેતી નથી કારણ કે વ્યકિતને કાંઈક મેળવવાની ઝંખના જાગે છે ત્યારે તેની માનસિક સ્થિતિ ડોળાયેલી રહે છે. હે પ્યારા મિત્ર અનુભવ ! મેં તારી પાસે નિરર્થક ઘણો બબડાટ કર્યો, આવી વાતોથી કદાચ તને નારાજગી આવી ગઈ હશે. પણ ભાઈ ! તું તો વિવેકી છે. તું જાણે છે કે ગરજવાનને અક્કલ ન હોય તેમ તું મારી બધી વાતો પર ધ્યાન ન આપતો. અત્યાર સુધી તે ઘણી સમતાથી મારી વાતો સાંભળી. બસ ટૂંકમાં મારે એ જ કહેવાનું છે કે તું ગમે તેમ કરીને આનંદસમૂહ ચિદાનંદ સ્વરૂપ પ્રભુને મારે ઘરે લઈ આવ. મારા નાથ ઘરે આવતાં મારા આંગણીએ આનંદની રંગોળી પુરાશે.

અધ્યાત્મરસના અનુભવી આ સંતે આ પદમાં અદ્‌ભુત આધ્યાત્મિક ગાંભીર્યભર્યું છે. સાચા મુમુક્ષુની આવી જ સ્થિતિ સર્જાઈ છે. ઝુરણા વિના આત્માને મેળવી શકાતો નથી. અત્યંત ઝુરણા થાય, રાતદિવસ આત્મા સિવાય જેના તન, મન કે વાણીમાં બીજું કાંઈ ન હોય, આવી સ્થિતિ આવે ત્યારે આત્મા મળે જેને શાસ્ત્રીય પરિભાષામાં સમ્યગ્દર્શન કહેવાય છે. ભાવોમાં તીવ્રતા આવતાં વિકલ્પોમાંથી મુક્ત થવાય છે ને સ્વરૂપદશા

તરફ પ્રગતિ થાય છે. જેમ વસ્તુ પ્રાપ્ત કરવા અતિ આતુરતા હોય છે અને પ્રાપ્ત થતાં આનંદાનુભૂતિ થાય છે તેવી સ્થિતિ મુમુક્ષુ આત્માની હોય છે. સુમતિની વેદના જાણે સાધકની વેદના બની જાય છે.

કવિના ચાતુર્યનું અને ભાવ દર્શાવવાની અદ્‌ભુત પ્રતિભાનું અહીં દર્શન થાય છે.





## પદ-૩૪

"देखो आली नट नागरको संग"

સાધકને મોક્ષની વિરહવેદનાનો સાદેશ અનુભવ કરાવવાની અમોઘશક્તિ ધરાવનાર શ્રી આનંદઘનજી મહારાજે, આ પદમાં ચેતનાની વિરહદશાનું સચોટ નિરૂપણ કર્યું છે. કવિએ અહીં સુમતિને શ્રદ્ધા પાસે મોકલી છે. સમ દુઃખી સખીઓ પરસ્પર કેવી વાતો કરે છે તેનું કવિએ 'ગોડી રાગમાં' સુંદર વર્ણન કર્યું છે. સુમતિ શ્રદ્ધા પાસે બેસી પોતાના પતિ વિષે કહે છે. બે સાહેલીઓ એકઠી થાય ત્યારે આવી વાતો કરે એ તદ્‌ન સ્વાભાવિક છે. સુમતિ શ્રદ્ધાને કહે છે.

देखो आली नट नागरको सांग, और ही और रंग;
खेलत तातें, फीका लागत अंग...देखो...।। ३।।

સુમતિએ અનુભવમિત્રને પોતાના દુઃખની વાત કરી એટલે અનુભવ ચેતનને સમજાવવા જાય છે. ત્યાર પછી સુમતિ પોતાની સાહેલી શ્રદ્ધાને કહે છે કે જો તો ખરી સખી, મારા સ્વામી ! કેવા કેવા ખેલ કરે છે. મારા નટનાગર તો નાટકિયાના ખેલ કરવામાં એવા તો પ્રવીણ બની ગયા છે કે તે નિત નવા-નવા વેશ ધારણ કરે છે. ક્યારેક તે હુકમ ચલાવનાર રાજા બને છે તો ક્યારેક હુકમ ઝીલનાર કોટવાળ બને છે. કોઈવાર મોટા ધનપતિ તો વળી કોઈવાર શેઠના દાસ બને છે. ક્યારેક ક્રોધે ભરાઈને બધાંને ધ્રુજાવે છે તો ક્યારેક અભિમાનના ઉન્નત આસને ચડી બેસે છે, કોઈ વખત છળ-કપટ કરી માયાચાર કરી હોંશિયારીથી બીજાને છેતરે છે તો વળી લોભને વશ બની ચારે બાજુથી ધન-સંચય પણ કરે છે. ક્યારેક ભિખારી બની ભટકે છે તો વળી ક્યારેક વનસ્પતિ બની લટકે છે તો કોઈ વખત નારકીના મહાદુઃખને કારમી વેદના અનુભવે છે તો વળી કોઈવાર દેવગતિનાં મહાસુખમાં અટકે છે. ક્યારેક તિર્યંચગતિમાં ભટકે છે તો વળી કોઈ વખત મનુષ્ય બનીને મલકે છે. આવા વિધ-વિધ ખેલ તે કરે છે. અત્યારની તેની અવસ્થા જોતા લાગે છે કે તેમનાં અંગો કેવા શ્રમિત થઈ ગયા છે. માનવ વધારે પડતો ભોગી કે વિષયાસકત રહે તો તેનું શરીર

પણ ફીકું રહે છે. માયા, મમતા, તૃષ્ણા વગેરે કુલટાઓ સાથેના અતિભોગને કારણે તેમના અંગો કેવાં શિથિલ થઈ ગયા છે. તેમની આંખોમાં નબળાઈ દેખાય છે અને શરીર પર રતાશ તો જાણે ચાલી ગઈ છે. મારા એ આત્મસ્વામી અસંખ્યાત પ્રદેશે અનંત કર્મવર્ગણારૂપ મલિનતાથી મલિન બને છે. જેમજેમ મલિનતામાં વધારો થતો જાય છે તેમ–તેમ તેનો રંગ ફીકો પડતો જાય છે હવે તેઓ સ્વરૂપ શુદ્ધ દેખાતા નથી. તેમને હવે સ્વપરિણતિ તરફ જોવાનું મન પણ થતું નથી. આ કડીમાં અંગ શબ્દનો અર્થ પરિવાર પણ લઈ શકાય. જ્યારે બાપ દુરાચારી થઈ જાય છે ત્યારે બાળકો જાણે નિરાધાર થઈ ગયા હોય તેવો અનુભવ થાય છે. તે દયાપાત્ર બની જાય છે. તે રીતે આત્મા જ્યારે પરપરિણતિમાં ભટકે છે અને માયા–મમતાની કુસંગે ચડી જાય છે ત્યારે તે અધમ કાર્યો કરે છે એટલે ક્ષમા, સરલતા, મૃદુતારૂપ તેનો પારિવાર ઝાંખો પડી જાય છે. તેને ચેતનનાં આ કાર્યો જરા પણ રુચતા નથી પણ ચેતન વળ્યો વળે તેમ ન હોવાથી ચિંતાને કારણે તેઓ ફીક્કા પડી જાય છે.

વળી સુમતિ શ્રદ્ધાને કહે છે,

औरहानो कहा दिनें बहुत कर, जीवित है इह ढंग...।
मेरे और विच अंतर एतो, जे तो रुपो इ रांग...।।देखो।।२।।

સુમતિ કહે છે કે હે સખી ! મારા એ નાથ માટે કેટલું કહેવું ? વારંવાર કહેવા અને ઠપકો આપવા છતાં હજુ સુધી તે ઠેકાણે આવ્યા નથી. અનુભવમિત્ર સાથે આટલું કહેરાવ્યું છતાં તેને કોઈ અસર થઈ હોય તેવું લાગતું નથી. તેની આ કુટેવ કોઈ આજકાલની નથી. માયા–મમતાનો સંગ તો ઘણો જૂનો છે અને તેથી જ તેની સાથે રહી, વારંવાર અવનવા વેશ ધારણ કરે છે. તેની પાછળ બીજાને કેટલું શોષાવું પડે છે. તેનો તો વિચાર સુદ્ધાં કરતા નથી. અરે ! ઘણી વખત તો નજીક ઊભા હોય ત્યારે તે સાંભળે તેમ તેને હું મ્હેણા મારું છું, ક્યારેક ઉપાલંભ પણ આપું છું અને કહું છું કે એ સ્ત્રીઓ અને મારા વચ્ચે અંતર તો જુઓ. તેની શું કોઈ ખાનદાની છે ? જેટલું કથીર અને ચાંદીમાં અંતર છે તેવું મારાને એના વચ્ચે અંતર છે. હું શુદ્ધ રૂપા જેવી છું મારું કાંઈક મૂલ્ય તો કરો. સુમતિ કહે છે કે જેમ રૂપું અને રૂપાના શ્વેત રંગ વચ્ચે જરા પણ અંતર નથી તેમ મારા





અને મારા સ્વામી વચ્ચે જરાપણ અંતર નથી. તેમ છતાં મારા સ્વામી પરભાવમાં રમણતા કરે છે. તેઓ પોતાના શુદ્ધ ઉપયોગમાં રમણતા કરવાની પ્રવૃત્તિ આદરતા નથી, તેથી તેઓ સાચી વસ્તુને ખોટી અને ખોટી વસ્તુને સાચી જાણે છે ને પછી ફસાય છે. આ કારણે મારી વાત સાંભળવા તૈયાર જ નથી. અરે ! મારી સામું જોવા પણ તૈયાર થતાં નથી. પરઘરમાં શું છે અને નિજઘરમાં શું છે તેનો ચિતાર આપી નિજમંદિરે પધારવા વિજ્ઞપ્તિ કરી છે.

હવે સુમતિ કહે છે,

तनु शुद्ध खोय धूमत मन एसे, मानुं कुछ खाइ भांग;
एते पर आनंदघन नावत, कहा और दीने बांग? देखो...।।३।।

હે શ્રદ્ધા ! મારા નાથે તો જાણે શરીરની કોઈ શુદ્ધ–બુદ્ધ રાખી જ નથી. જો તો ખરી કેવાં લથડિયાં ખાય છે. ગમે ત્યાં અથડાય છે. ગમે ત્યાં પડે છે. ફાવે તેમ બોલે છે. જાણે કે તેણે ભાંગ ન પીધી હોય ? દારૂ પીધેલાની દશા જેવી ચેતનની દશા થઈ રહી છે. જેની તેની લાતો ખાય છે. ઘરનાનો તિરસ્કાર સહે છે. અરે ! તેનું મન તો ક્યાંય ચકરાવે ચડયું હોય તેવું લાગે છે. તેના બોલવામાં કંઈ ઢંગધડો નથી તેનાં દિદાર તો જો કેવા વિચિત્ર લાગે છે. તેનું કોઈ ઠામ–ઠેકાણું જ દેખાતું નથી.

શુદ્ધ ચેતનમાં એક બાજુ અનંત ગુણો છે તો બીજી બાજુ વિષય–કષાયરૂપી કર્દમમાં વિવિધરૂપે રાચવાપણું જણાય છે. ચેતનના વર્તનને એક ભંગેરીની પંકિતમાં મૂકવામાં સુમતિએ જરાપણ ખોટું કર્યું નથી છતાં પણ સુમતિ સતી સ્ત્રી છે. કોઈ પણ સ્ત્રી પોતાના પતિનું ખરાબ બોલે નહીં અને બોલે તો પણ તેને સંકોચ રહે છે.

સુમતિ અને શ્રદ્ધા બંને સાહેલીઓ છે. તેઓને ભવોભવનો સંગ છે. વળી બંને એક જ ઘરમાં રહે છે તેથી સુમતિએ શ્રદ્ધાને વાત કરી છે. સુમતિ કહે છે કે ચેતનનાથને સમજાવવામાં કે કહેવામાં મેં કાંઈ બાકી નથી રાખ્યું છતાં પણ જો તે મારે મંદિરે ન પધારે તો મારે આ વાત કોને કોને કહેવા જવી ? મારૂં આ દુઃખ કોની પાસે જઈને રોઉં ? હવે તો હદ થઈ ગઈ છે. હવે તો એટલું જ બાકી છે કે ઢંઢેરો નથી પીટાવ્યો. શું હું હવે બાંગ પોકારું ? ઘણી વખત અતિ વેદનામાં આવા શબ્દો સહજ સરી પડે છે. આ

શબ્દો સુમતિની અંતરની દાઝના છે. ચેતનને ઠેકાણે લાવવાની પ્રબળ ઈચ્છા છે. આ ઈચ્છા પૂર્ણ ન થતાં નિરાશા વ્યાપી જાય છે, ત્યારે ગમે તે શબ્દો મોઢામાંથી સહજ સરી પડે છે. બુદ્ધિસાગરજી મહારાજે ચેતનાને બોલતી કરી છે. જે હોય તે આખરમાં ચેતનને વિભાવમાંથી કાઢી સ્વભાવમાં સ્થિર કરવાના જ બધા પ્રયત્નો છે. પછી સુમતિ હો, સમતા હો, કે ચેતના હો, એ બધા આત્મભાવો જ છે.

આ પદમાં કવિએ પરિણતિને એક વિયોગિની સ્ત્રી સાથે સરખાવી છે. જીવનમાં જો સુમતિ આવે તો સારું કાર્ય થાય અને યોગોની શુભ પ્રવૃત્તિ થતાં શ્રદ્ધાનો સાથ મળે પરંતુ ચેતનને આ સંસારનો રંગ લાગ્યો હોવાને કારણે સ્વભાવ-વિભાવનું ભાન નથી. તેમનામાં સ્વ-પરનો વિવેક નથી માટે સુમતિ, સમતા ગુરુ સ્થાને રહી આ કાર્ય કરી રહી છે. આ પદમાં સુમતિ પોતાની અંતર વેદના ઠાલવે છે. તેની વેદનાની ઉત્કૃષ્ટતા હૃદયને સ્પર્શી જાય છે.





## પદ-૩૫

### "करे जारे जारे जारे जा"

માનવમાત્ર પોતાની બુદ્ધિ અનુસાર કાર્ય કરે છે. જેનામાં જેવી બુદ્ધિ તેવું તેનું કાર્ય. અનુભવીલોકો તેને મતિ કહે છે. બુદ્ધિ જો સુકાર્ય, સત્સંગ અને સત્શાસ્ત્ર વગેરેમાં વપરાય તો તેથી બીજાને પણ લાભ થાય છે. જેને સુમતિ કહેવામાં આવે છે. સુમતિનો સાથ આત્માને પ્રગતિ પંથે લઈ જાય છે. સુમતિ સમતાનો સાથ કરે છે જેથી તે છ, સાત ગુણસ્થાનક સુધી પહોંચી શકે છે. સમતા શ્રદ્ધાનો સાથ કરે છે તે વહેવાર નયે દસમા ગુણસ્થાન સુધી લઈ જાય છે અને પછી શુદ્ધચેતના ચેતનને સિદ્ધસ્થાન સુધી લઈ જાય છે.

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં પણ સુમતિની વિરહવેદનાને ઉત્કટતાથી આલેખી છે. ચેતન, કુમતિ સંગે ચડયો છે તેથી સંસારરણમાં તે રખડે છે. ચેતનનો આ રઝળપાટ સુમતિને અસહ્ય લાગે છે. હવે આ પદમાં શ્રદ્ધા, સુમતિને આશ્વાસન આપી પોતાને ઘરે જવા સમજાવે છે. સુમતિ પોતાને ઘરે જાય છે છતાં તેને ચેતન સ્વામીના દર્શન થતાં નથી. 'દીપક અથવા કાનડો' રાગમાં લખાયેલ આ પદમાં કવિ કહે છે,

करे जारे जारे जारे जा,<br>
सजि शिणगार बणाइ आभूषण, गई तभ...सूनी सेजा...करे।। १।।

જ્યારે સુમતિ શ્રદ્ધા પાસે આવી પોતાની દુઃખદ વાતો કરી રહી છે ત્યારે શ્રદ્ધા પણ સુમતિની આ વાતો પ્રેમથી સાંભળે છે. પછી શ્રદ્ધા કહે છે કે હે સુમતિ ! તે અનુભવમિત્રને ચેતનસ્વામી પાસે મોકલ્યો છે તે બહુ સારું કર્યું છે કારણ કે અનુભવ ઘણો જ ચાલાક અને બુદ્ધિમાન છે. વળી એક ક્ષણ પણ તે ચેતનથી દૂર જવા ઈચ્છતો નથી એવી ગાઢ મિત્રતા છે. ચેતન તેનાથી જરૂર સમજી જશે અને તારા મંદિરે પધારશે. મને વિશ્વાસ છે કે તે આવશે, માટે ઘરે જા અને તેના સ્વાગતની તૈયારી કર.

સુમતિની ઈચ્છા ન હોવા છતાં શ્રદ્ધાના કહેવાથી તે પોતાને ઘરે

જાય છે અને સુમતિ એક સૌભાગ્યવતીને શોભે એવો શૃંગાર સજે છે. હાથ, પગ, કાન, નાક ને ગળામાં આભૂષણો ધારણ કર્યાં અને પતિને મળવાની ઉત્સુકતાથી શયનગૃહમાં ગઈ ત્યાં જઈને જુએ છે તો શય્યા સૂની પડી હતી. આ પંક્તિનો ધ્વનિ એ છે કે બાહ્યક્રિયારૂપી શણગાર સરસ કર્યો હોય છતાં શુદ્ધ ઉપયોગ ન હોય તો શણગાર નિરર્થક છે. ધર્મ માટે ગમે તેટલાં કાર્યો કરવામાં આવે, ધામધૂમ કરવામાં આવે પણ જો તેમાં આત્માનો શુદ્ધ ઉપયોગ ન હોય તો તે ક્રિયાથી લાભ થાય તો પણ આત્મલાભ થતો નથી. શુભ લાભ અલ્પ પ્રમાણમાં થાય છે. તૃણ કે છાણના અગ્નિ સમાન થાય છે. શુદ્ધ ઉપયોગ વિનાની ક્રિયા વર વિનાની જાન અને પ્રાણવિનાના શરીર જેવી છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી
જૈન દશા ઉનમેં હી નાહી, કહે સો સબ હી જુઠી...પરમ...
પર પરનતિ અપની કરી માને, કિરિયા ગરવે ઘેહેલો,
ઉનકું જૈન કહો કયું કહીએ, સો મૂરખ મેં પહેલો...પરમ...

જૈનધર્મ એ આડંબરનો ધર્મ નથી. અજ્ઞાની, મૂઢ ને ગમાર લોકો ધર્મના નામે ધામધૂમ કરે છે, ને મોટા મોટા આરંભો કરી ધર્મના બહાને ઉત્સવો કરે છે. તેવી ક્રિયાઓ કરી આત્મસંતોષ માને છે. કવિ કહે છે કે તેને જૈન કેમ કહી શકાય ? આ સ્તવનમાં કવિએ ક્રિયાનો નિષેધ નથી કર્યો પણ શુદ્ધ ઉપયોગપૂર્વકની ક્રિયા જ વધુ ફળવતી ક્રિયા બની શકે છે. આ વાત વિશેષ સ્પષ્ટ કરતાં શ્રી ઉપાધ્યાય મહારાજ કહે છે,

ક્રિયા વિના જ્ઞાન નહિ કબહું, ક્રિયા જ્ઞાન બીનું નહિ,
ક્રિયા જ્ઞાન દોઉ મીલત રહત હૈ, જયૌ જલરસ જલમાંહી... પરમ

જ્ઞાન અને ક્રિયા સાપેક્ષ છે. જ્ઞાન વિના ન ક્રિયા હોય અને ક્રિયા વિના જ્ઞાન ન હોય. જ્ઞાન અને ક્રિયા એ બંને એક સિક્કાની બે બાજુઓ છે. જેવી રીતે પાણીમાં પાણી અને પાણીનો રસ એકરસ છે. જીવ છ લક્ષણયુક્ત એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ લક્ષણયુક્ત જીવ છે. સમ્યગ્દર્શન વગર જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન નહીં, આમ સમ્યગ્જ્ઞાન વડે આત્માના વીર્યને સ્ફુરાયમાન કરી ઉપયોગને ચારિત્ર અને તપ રૂપી ક્રિયાવંત કરવું તે સમ્યગ્ક્રિયા. આમ છ–એ લક્ષણનું





અન્યોન્ય અને પૂરક પરિણમનથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. શ્રી ઉમાસ્વાતિજી કહે છે કે ज्ञानक्रियाभ्याम् मोक्ष। જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે પણ જ્ઞાન સાથે શુદ્ધ ઉપયોગરૂપ ક્રિયા હોવી ઘટે.

સુમતિ, શુદ્ધચેતના અને શ્રદ્ધા એ બધા એક ઘરના જ સભ્ય છે. સુમતિને પતિનું મિલન ન થતાં તેની શી દશા થાય છે. તે વર્ણવતા કવિ આ પદની બીજી કડીમાં કહે છે,

विरहव्यथा कछुं एसी व्यापती, मानु कोई मारती बेजा;
अंतक अंत कहालुं लेगोप्यारे, चाहे जीव तुं ले जा. करे।। २।।

સુમતિએ પતિની સેજ ખાલી જોઈ એટલે તે અત્યંત નિરાશ થઈ ગઈ. તેને ત્યારે એવો આઘાત લાગે છે કે જાણે કોઈએ તેના પર અનેક બાણોની વર્ષા કરી ન હોય ! પતિ વિરહથી પીડિત સુમતિ અસહ્ય વેદના ભોગવતા કહે છે કે હે કાળ ! હવે તું મને ક્યાં સુધી હેરાન કરીશ. મારી સહનશક્તિની હવે હદ આવી ગઈ છે. હે નાથ ! જેમ કામદેવ પોતાની બાણવર્ષા ચલાવે ને વ્યક્તિને ઘાયલ કરે છે તે રીતે હું પણ ઘાયલ થઈ ગઈ છું. ઘાયલની વેદના ઘાયલ જાણે. અહો અંત લેનારા ! તું મારો અંત ક્યાં સુધી લેશે ? તું સિદ્ધ સ્વરૂપે અંતક એટલે અંત લેનાર છે પણ હાલ વિરહાવસ્થામાં રાખીને મારો અંત ક્યાં સુધી લઈશ ? દુનિયાનો નિયમ છે કે કોઈનો અંત ન લેવો. આ પ્રકારની વિરહવેદના આપી તું તો મને પીડી રહ્યો છે. આના કરતાં તો તું મારા પ્રાણ હરી લે જેથી આવી વેદનામાંથી તો મારી મુક્તિ થાય.

હે ચેતન ! મારું ચેતનાપણું અને સમતા એ બંને લઈ લે. એ બંનેનો અંત આવતાં ચેતના ચેતનમાં મળી જશે. હું તારામય બની જઈશ. પતિચરણમાં પ્રાણ ત્યાગ કરવો એ તો આર્યનારીનો ધર્મ છે. બસ તારે હવે જે કરવું હોય તે કર, પણ મારી આ સ્થિતિ દૂર કર.

અહીં કવિના જમાનામાં વિશેષપણે દૃઢ બનેલી માન્યતાનું રૂપક છે. જે સમયે ભારતમાં સતીપ્રથા હતી. પતિના મૃત્યુ પછી પત્ની પતિની ચિતામાં બળી મરતી હતી કારણ કે ત્યારે એવી માન્યાતા હતી કે પતિ પાછળ સતી થનાર સ્ત્રીને બીજા ભવમાં એ જ પતિ મળે છે. એટલે ચેતના પણ કહે છે કે હું પ્રાણ દેવા તૈયાર છું. સુમતિ વિરહાનલમાં હોવાથી

તેને પ્રકૃતિ પણ પીડા ઉપજાવી રહી છે. તે કહે છે,

कोकिल काम चंद चूतादि, चेतन मत है जेजा।
नवल नागर आनंदघन प्यारे, आइ अमित सुख देजा...करे।। ३।।

બીજી કડીમાં 'બેજા' ને બદલે 'નેજા' પાઠ લેવાથી "નેજા" એટલે ધોબી. જેમ ધોબી કપડાં ધોતી વખતે ધોકા મારે છે તેમ સુમતિને વિરહવ્યથાના પ્રહાર સખત લાગે છે તે સહન કરવા અતિ દુષ્કર છે.

સુમતિ, મનોમન દુઃખી થતાં મનોગતભાવે પતિને કહે છે કે હે ચેતન ! કોકિલનો કલરવ, કામદેવનો રતિ વિલાસ, ચંદ્રની શીતળ ચાંદની અને આંબાના મોર, આંબાની મીઠીછાયા, વર્ષાઋતુમાં મેઘગર્જના, વીજળીનો ચમકાર તથા ધીમે ધીમે વરસાદનું વરસવું એ બધાં આહ્‌લાદક તથા આનંદપ્રદ ત્યારે જ બને છે જ્યારે નાયક–નાયિકા સાથે હોય.

વિભાવદશામાં જીવને એ બધાં સાધનો અતિ આનંદભૂત તથા શાંતિદાયક લાગે છે. વળી આવાં સ્થાનો કામોદ્દીપક બને છે. પરંતુ જો નાયક – નાયિકામાંથી કોઈ એક જ વ્યક્તિ હોય તો જે સુખનું સ્થાન છે તે દુઃખરૂપ લાગે છે. તેથી ચેતના કહે છે કે તમે તે વસ્તુઓ સુખનાં સાધન ગણ્યાં છે. તો તેને લઈને આપ મારા મંદિરે પધારો ને અસીમ સુખ, પ્રદાન કરો.

હે આનંદસ્વરૂપનાથ ! આપના મત પ્રમાણે જેમ કોયલ, ચંદ્ર, આંબો વગેરે સુખ આપનારા છે તે રીતે આપના શુદ્ધમતે આર્યક્ષેત્ર, શરીરનું આરોગ્ય, ઇન્દ્રિયોની પૂર્ણતા તેમજ દેવ, ગુરુ, ધર્મનો યોગ એ બધાં સાધનો જે આ ભવમાં મળ્યાં છે તે સ્વભાવરૂપ અનંત સુખ આપનારાં છે. સ્વભાવ–વિભાવનો ભેદ કરી વિવેક જાગૃત કરાવનાર બુદ્ધિ પણ તમને મળી છે. માટે જ કહ્યું છે કે વિભાવવશ બની, તમે અયોગ્ય સ્થાને ભટકી રહ્યા છો. માયા–મમતાના રાગમાં આસકત બની આપ વિવેકભ્રષ્ટ બની ગયા છો. આપને માટે યોગ્ય એવાં સાધનો લઈ મારે મંદિરે પધારો. મારા તથા આપના આનંદનું સ્થાન એક જ છે. આત્મપ્રદેશે પ્રદેશે રમણ કરવું એ જ આપનું ક્રીડાસ્થલ છે. આપ આપના સાથીઓને લઈને ત્યાં પધારો.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે કે અનાહત્ ધ્વનિ તે અંતરમાં કોકિલનો સ્વર છે. આત્મધ્યાને સ્વભાવે રમવું તે રૂપ કામ જાણવો.





આંતરિક શાંતભાવરૂપ ચંદ્ર સમજવો અને ચારિત્રરૂપ આમ્રવૃક્ષની અનુભવ કલિકારૂપ મોર સમજવો. આ સર્વ હેતુઓ આપણાં મિલનમાં પ્રેરક બને છે. પરસ્વભાવમાં રાચવું અને માચવું, આનંદ માનવો એ જ બાહ્ય પ્રદેશાગમન છે. બાહ્યપ્રદેશ ગમનથી કદી પણ સુખ મળતું નથી. આત્મ સ્વભાવમાં રમણતા કરવી તે અંતરપ્રદેશ ગમન છે હે આનંદઘન પ્રભુ ! હવે આપ અંતરપ્રદેશમાં આવીને હે અંતરાત્મ નવલનાગર ! તું મને સુખ આપ, અંતરપ્રદેશગમનથી અનંત સુખ પ્રગટ થશે.

કવિનું આ પદ લાલિત્યસભર છે, અત્યંત સુંદર છે. કવિએ સુમતિની વિરહ–વેદનાની ઉત્કૃષ્ટતાનું અને મિલનની પ્રબળ આશાનું વર્ણન સાંસારિક વિરહિણીની વ્યથાના વર્ણનનો આશ્રય લઈ કર્યું છે.

## ૫૬-૩૬

"वारे नाह संग मेरो"

માનવહીરાના સાચાપારખુ શ્રી આનંદઘનજી મહારાજે પોતાનાં આધ્યાત્મિક પદોમાં સુમતિના મુખે એની દશાનું વિધ–વિધ રીતે વર્ણન કર્યું છે. જેમ ગૃહજીવનમાં યુવાની ધન કમાવાની અવસ્થા છે તેમ સાધક માટે યુવાની એ આધ્યાત્મિક સાધના કરવાનો સમય છે. માટે યુવાનીને માનવ જીવનની સર્વશ્રેષ્ઠ અવસ્થા ગણવામાં આવે છે.

'માલસિરિ રાગમાં' લખાયેલા આ પદમાં સુમતિ, એક જ અવસ્થામાંથી પસાર થતી હોય તેમ અફસોસ વ્યક્ત કરે છે.

वारे नाह संग मेरो, युहीं जीवन जाय;
ए दिन हसन खेलन के सजनी, रोते रेन विहाय...वारे...।। १ ।।

સુમતિ ! ચેતનને વારંવાર સમજાવી રહી છે, તેણે અનુભવને ચેતન પાસે મોકલાવ્યો અને પોતે શ્રદ્ધા પાસે આવી. શ્રદ્ધાએ સુમતિને, પોતાને મંદિરે જવા કહ્યું અને ચેતનના સ્વાગતની તૈયારી કરવા ભલામણ કરી. સુમતિ સોળ શણગાર કરી શયનગૃહમાં ગઈ પણ ચેતનનાથ આવ્યા નથી તે ખ્યાલ આવતા ને શયનકક્ષ ખાલી જોતા નિરાશ થઈ ગઈ. તેથી શૈયા પાસે બેસી, શોક કરી પાછી તે શ્રદ્ધા પાસે આવે છે અને વાત કરવા લાગે છે.

હે સખી ! મારા પતિ ચેતન તો મારી પાસે આવતા જ નથી. તેને મારો સંગ ગમતો નહીં હોય ? હે સખી ! યુવાનીના દિવસો મૂલ્યવાન ગણાય છે, આ અવસ્થામાં સ્ત્રી પોતાના પતિ સાથે કેવો આનંદપ્રમોદ કરે, પરંતુ મારે તો આ દિવસો રોઈ રોઈને કાઢવાના છે. યૌવનના આવા સોનેરી દિવસો, મારા તો આમ ને આમ ચાલ્યા જાય છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ લખે છે "આત્મા જ્યારે ક્ષયોપશમ ભાવ વર્તતો હોય ત્યારે તેની બાલઅવસ્થા ગણાય છે. કારણકે શુદ્ધ ચેતનને શુદ્ધચેતનાનું પ્રત્યક્ષમિલન તેરમા સયોગી ગુણસ્થાનકે થાય છે. ક્ષાયિકસમકિત અને ક્ષાયિકભાવ આવ્યા વિના આ ગુણસ્થાનક આવી





શકે નહીં. જો ચોથા ગુણસ્થાનકે ક્ષાયિક સમ્યક્ત્વ હોય તો પણ બાલ ગણાય છે કારણકે પ્રાથમિક ભૂમિકાની અવસ્થા છે. ધીરે ધીરે ક્ષાયિકભાવની વૃદ્ધિ થતાં આત્મવિશુદ્ધિ થાય છે. ત્યારે ચેતનને નિજાનંદનો ખ્યાલ આવે છે માટે જ ચેતના કહે છે કે અનંતઆનંદમાં રમવું તથા શુદ્ધ સ્વભાવમાં ખેલવું તેવી મારી ઈચ્છા પૂર્ણ ન થતાં મારા તો રોઈ રોઈને દિવસો વ્યતીત થઈ રહ્યા છે. રાત્રી તો મને કાળજાળ જેવી લાગે છે.

હે સખી ! પતિ વિનાની શય્યા જોઈ યૌવનમત્ત સ્ત્રીની શી હાલત થાય તે શું તું નથી જાણતી ?

ચેતનાનો યૌવનકાળ એટલે ધર્મના સાધકબાધક કારણો જે વિશિષ્ટ ફળ આપનાર હોય. આવી સમજણના અભાવે સર્વ સંસારી જીવો વિષયકષાય સેવન, ભોગવિલાસ, ધનસંચય તથા મોજશોખમાં યૌવન પૂર્ણ કરી નાંખે છે પરંતુ ધર્મ તથા ધર્માનુષ્ઠાનનો વિચાર સુદ્ધાં કરતા નથી.

ધર્મયૌવનકાળમાં નિમગ્ન સુમતિ, શ્રદ્ધાને કહે છે,

नग भूषणसें जरी जातरी, मोत न कछु न सुहाय;
इक बुद्धि जीयमें ऐसी आवत है, लीजेरी, विष खाय...वारे...।। २।।

પુરુષોની આંખો સૌંદર્યલક્ષી હોવાને કારણે દરેક સ્ત્રી પોતાના શરીર ઉપર અનેક અલંકારો પહેરે છે. સુંદર દેખાવું એ સ્ત્રીની સહજ પ્રકૃતિ છે. સતી સ્ત્રીઓનું લક્ષ હંમેશાં પોતાના પતિનો આનંદ તથા ઇચ્છા તરફ જ હોય છે. પતિનો આનંદ એ જ તેનો આનંદ બની જાય છે. માટે જ કવિ કહે છે કે સુમતિને હવે અલંકારો તો શંકરે ગળામાં વીંટાયેલ સર્પ સમાન ભાસે છે. પતિની ગેરહાજરીમાં મોતીની માળા બોજારૂપ લાગે છે. સુમતિને અલંકારો પહેરવાં ગમતાં નથી. તે વિચારે છે કે કોને રીઝવવા અને કોને મનાવવા આ અલંકારો પહેરવાં ? અત્યારે સુમતિની વિરહવેદના એટલ બધી ગઈ છે કે તેને સ્નાન કરવું કે સારાં વસ્ત્રો પહેરવાની પણ ઈચ્છા થતી નથી. તેના જીવનમાં નિરાશા વ્યાપી ગઈ છે, તેથી હતાશભાવે તે આ બધું બોલી રહી છે કારણકે ચેતનના આવવાના કોઈ ચિહ્ન દેખાતા નથી. સુમતિને જીવન પણ અકારું લાગે છે. તેથી તે કહે છે કે હે શ્રદ્ધા ! મને થાય છે કે આ રીતે જીવવું એનાં કરતાં ઝેર ખાઇને મરી જવું વધારે સારું. દુનિયાની રીત છે કે જે સ્ત્રીને પતિ ન બોલાવતો હોય તે સ્ત્રી બધાથી

તિરસ્કૃત થાય છે. આવી સ્ત્રીને જીવનમાંથી રસ ઊડી જાય છે. ક્યારેક તે આત્મઘાત કરવા તૈયાર થાય છે. માટે સુમતિ કહે છે કે હું ઝેર ખાઇને મરી જાઉં જેથી બધી વાતનો અંત આવી જાય. માનવને જ્યારે સહનશક્તિની હદ આવે છે ત્યારે મરવાનો વિચાર આવે છે.

કવિએ અહીં સ્ત્રીસ્વભાવનું દર્શન કરાવ્યું છે. સુમતિએ પાંચ મહાવ્રતનાં આભૂષણોમાં દશ યતિધર્મનાં નંગ જડયાં છે. કોઈ અગત્યના પ્રસંગે કિંમતી અલંકારો પહેરી શૃંગાર કરવામાં આવે છે. પરંતુ શુદ્ધ ઉપયોગ વગર મહાવ્રતનું પાલન, બાહ્ય તપ વગેરે પુણ્યબંધનું કારણ બને છે. વળી, આત્મા જ્યારે જ્યારે પૌદ્‌ગલિક ભોગો તરફ દૅષ્ટિ કરે છે ત્યારે ત્યારે ઝેર પીવાની ક્રિયા કરી ભાવમરણ કરે છે. શ્રીમદ્‌ રાજચંદ્રજી કહે છે કે "ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો," પતિ વિયોગે રાતના ઊંઘ ન આવવી, મનોમન પતિનાં સ્મરણમાં ખોવાઈ જવું કે જેથી સ્થળ કે સમયનું પણ ભાન ન રહે, સુમતિ પણ આવી સ્થિતિ ભોગવી રહી છે.

માનવમન અતિખેદજનક સ્થિતિમાં હોય ત્યારે ઊંડા – ઊંડા શ્વાસ લેવાઈ જાય છે, ને મોટેથી નિશ્વાસ નીકળી જાય છે. સુમતિ પણ નિશ્વાસ નાખી રહી છે. તેને ઊંઘ પણ આવતી નથી કારણકે માણસને ઊંઘ આવે તો દર્દ અર્ધું થઈ જાય છે પણ ચિંતાની સ્થિતિમાં નિંદ્રા આવતી નથી. કોઈપણ વિચારોના પ્રવાહમાં પડેલું મન જ્યાં સુધી શાંત ન થાય ત્યાં સુધી નિદ્રા પણ આવે નહીં.

સુમતિ અનિદ્રાથી પીડાતી, નિશ્વાસ નાખતી, મનોમન પ્રશ્ચાતાપ કરી રહી છે. તે વિચારે છે કે આટઆટલું સમજાવવા છતાં, આટલા સંદેશા મોકલવા છતાં તે જરાપણ સમજતા નથી. ને ઘરે આવતા નથી. પછી મારે આ ઘરમાં રહીને શું કરવું ? હું ભગવા વસ્ત્ર પહેરી, જોગણ બની આ ઘર છોડી ચાલી નીકળું કારણકે ઘર તથા ઘરની બધી વસ્તુઓ મને ખાવા ધાય છે. હે સખી ! તું આનંદઘન એવા મારાનાથને સમજાવીને કહે કે તમારા વિયોગે સુમતિ જોગણ બની જશે પછી તમારે પણ તેની પાછળ ભેખ ધારણ કરવો પડશે માટે સમજો અને ઠેકાણે આવો.

આ પદનો આધ્યાત્મિક અર્થ ઘણો માર્મિક તથા ગંભીર છે. જેમ





પતિપરાયણ સ્ત્રીને પતિ વિયોગે ઊંઘ આવતી નથી તેમ વિભાવદશામાં રત જીવને યોગનિદ્રા આવતી નથી કારણકે વિભાવદશામાં ત્રણેય યોગનું અશુભ પ્રવર્તન ચાલતું હોય છે. ત્યારે યોગનિદ્રામાં ત્રણેય યોગની અશુભ પ્રવૃત્તિ અટકાવી બાહ્યદશામાંથી અંતરદશામાં જીવ આવે ત્યારે યોગનિદ્રા લઈ શકે છે. સંસારભાવમાં રચ્યોપચ્યો જીવ યોગનિંદ્રા તો શું તેનો ભાસ પણ પામી શકતો નથી. સ્વ તરફ દૅષ્ટિ કરતાં બાહ્યમાં ઊંઘ આવે છે અને અંતરમાં જાગૃતદશા પ્રગટે છે.

નીચો શ્વાસ શોકથી, ક્રોધથી અને અસ્થિરતાથી આવે છે. વિભાવદશામાં વર્તતો જીવ નીચ પરિણતિરૂપ નિસાસા મૂકયા કરે છે. પણ ઉચ્ચ પરિણતિરૂપ ઉચ્છ્‌વાસ લેતો નથી એટલે કે વિશુદ્ધતર જીવનની અપેક્ષાએ સર્વ નિસાસા જ છે.

આ પદમાં સુમતિના સ્ત્રીસહજ સ્વભાવનાં દર્શન થાય છે. જ્યારે સ્ત્રી કંટાળી જાય છે ત્યારે તે બોલી ઉઠે છે કે આના કરતાં તે હું મરી જાઉં તો સારું. આ અતિ પ્રેમની નિશાનીના શબ્દો છે.

હવે શ્રદ્ધા, ચેતનને કહે છે કે હે ચેતનજી ! તારા ઉપર અત્યંત પ્રેમ રાખનારી એક સાધ્વી જેવી તારી પત્ની તારા મંદિરેથી નીકળી જશે. તો તારે ભભૂતિ લગાવવાનો વખત આવશે. તું રાખમાં રગદોળાઇશ માટે કંઇક વિચાર કર. સુમતિ સતી છે. તું જો સ્વમંદિરે આવ તો નિરંતર તારા દુઃખનો છેડો આવી જશે. સર્વ ચિંતાથી મુક્ત બની જઈશ. સુમતિ કહે છે કે જો ચેતન સમજી જાય તો અમે બંને વિજન પ્રદેશમાં સાદિ–અનંત અવ્યાબાધ સુખ ભોગવશું.

આ પદમાં વિરહિણી સ્ત્રીની દશા અને તેના મનોભાવનું આબેહૂબ વર્ણન કર્યું છે. આનંધનજીએ દર્શાવેલ વિચારો પ્રૌઢ છે. પદનો ભાવ હૃદયને સ્પર્શી જાય એવો છે. વાચકને ગંભીર ભાવોથી ભરી દે છે તેમજ અધ્યાત્મના વિશાળ પ્રદેશમાં વિચરણ કરાવી મનને આનંદથી ભરી દે છે.

## પદ-૩૭

"ता जोगे चित्त ल्याओ रे"

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજે યોગ શું છે ? તથા તેનાથી શો લાભ થાય છે તેનું વાસ્તવિકદર્શન આ પદમાં કરાવ્યું છે. જેમ પીળું એટલું સોનું નહીં અને સફેદ એટલું રૂપું નહીં તેમ સંસારનો ત્યાગ કરી, લંગોટ લગાવીને ભભૂતિ લગાવી દેવા માત્રથી યોગી થઈ જવાતું નથી. યોગમાર્ગ ઉપલકદૃષ્ટિથી જોતાં સાવ સરલ અને સુગમ લાગે છે પરંતુ અધ્યાત્મદૃષ્ટિએ જોતાં, આ માર્ગ માનીએ છીએ તેવો સરલ તથા સુગમ નથી.

આ માર્ગને બાહ્ય વેશભૂષા સાથે સંબંધ નથી પરંતુ તે માનસિક, વાચિક તથા કાયિક પ્રવૃત્તિ સાથે સંબંધ રાખે છે. જેની વૃત્તિમાંથી સંસાર નીકળી જાય તે સંસારથી વિરક્ત બની યોગમાર્ગ અપનાવે છે. સુમતિ હવે વિરક્ત બની ગઈ છે. તે સંસારમુક્ત થઈ જોગણ થવા જઈ રહી છે. સુમતિ, શ્રદ્ધાને કહે છે કે તું ચેતનને સમજાવજે હું તો જોગણ બની મારા નાથને શોધવા નીકળી પડું છું. કવિ આનંદઘનજી મહારાજ 'વેરાવલરાગ'માં આ પદમાં કહે છે,

ता जोगे चित्त ल्याओ रे, वहाला ता जोगे
समकित दोरी शील लंगोटी, धुल धुल गाढ धुलाउं,
तत्त्व गुफामें दीपक जोउं, चेतन रतन जगाउं रे वहाला।
ता जोगे।।३।।

સુમતિએ શ્રદ્ધાને ભલામણ કરી અને કહ્યું કે ચેતન ઘરે આવે તો તું સમજાવજે. નહીં તો હવે જોગણ થઈને હું તો નીકળી પડું છે. મારો એ નાથ ! ક્યાં ક્યાં ફરે છે ? તથા કોની કોની સાથે ફરે છે ? તે શોધી તેનો હાથ પકડી તેને હવે ઘર ભેગો કરીશ. માટે તેની શોધ કરવા હું જાઉં છું.

મીરાંબાઈ કહે છે,

"શોધવા ચાલી, પિયુને શોધવા ચાલી,
પિયુને શોધવા ચાલી, પ્રેમની જોગણ પિયુને શોધવા ચાલી"

આ પંક્તિનો તથા કવિશ્રીના આ પદનો આશય સમાન જણાય છે.





સુમતિ શ્રદ્ધાને કહે છે કે હું જાઉં છું, ચેતન આવે તો કહેજે મારા ઉપર ઉદાર દૃષ્ટિ રાખે અને કહેજે કે તમારા વિયોગથી ભૂલી પડેલી ભામિની તમારા ઉપર એકાંતહિત દૃષ્ટિએ જુએ છે. તેના યોગ કેવા છે તે જુઓ ! તે તમારી પાછળ જોગણ બની ગઈ છે.

જે જોગ લે છે તે જોગણ. જોગયોગનો અર્થ છે જોડાવું. જેના વડે ચેતનાનું ચેતન સાથે જોડાણ થાય, સંયોગ થાય તેને જોગ અથવા યોગ કહેવાય છે. હવે અહીં સુમતિ પણ ચેતનને યોગમાં મનને જોડવા વિજ્ઞપ્તિ કરે છે. ચેતન જો એક વખત યોગમાં મન લગાવે તો હું તેની પાસે જ છું. સુમતિ તથા ચેતનના જોડાણ પછી વિકાસક્રમમાં શુદ્ધ ચેતનાનો પણ યોગ થઈ જશે. માટે જ આ પદમાં કહ્યું છે કે 'હે વ્હાલા ! તમે યોગમાં ચિત્ત લગાવો. યોગમાં ચિત્ત લગાવવા માટે વેશ પણ ધારણ કરવો પડશે. બાહ્ય આ વેશ ઉતારી કમરે લંગોટી લગાવવી પડશે તેને ટકાવી રાખવા કમરે દોરી બાંધવી પડશે પછી લંગોટી તથા દોરીની ગાંઠ લગાવવી પડશે.

કવિએ અહીં હઠાદિ યોગમાર્ગની વાત કરી નથી પરંતુ જે યોગ આત્માને વિશુદ્ધિમાર્ગે લઈ જાય તેવા યોગની વાત કરી છે. આ માર્ગે જવા પ્રથમ સાધકે માર્ગાનુસારી બનવું પડે છે. સતદેવ, સતગુરુ અને ધર્મ પર શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. આ માર્ગ મળ્યા પછી જ સંસાર પરિમિત થાય છે. સાધ્યનું સામીપ્ય થાય છે, પરંતુ તે પહેલા એક વખત ચિત્તને યોગમાર્ગે લગાવવું પડે છે. યોગીઓ કમરે લંગોટી લગાવવા દોરી બાંધે છે તે સમકિતના સડસઠ બોલની દોરી છે. તેને કમરના મધ્યભાગમાં બાંધવામાં આવે છે કારણકે તેમ કરવાથી અન્યત્ર ભાગતું મન સ્થિર થઈ જાય છે. જેમ ઘોડાને અંકુશમાં રાખવા માટે તેના શરીરના મધ્યભાગમાં પટ્ટો રાખવામાં આવે છે અહીં તે રીતે સમ્યક્ત્વરૂપ દોરાનો ઉપયોગ સમજવો.

યોગના અંગ તરીકે બધાં યોગદર્શનકારો બદ્ધકચ્છ થવાનો ઉપદેશ આપે છે. એનો અર્થ એ કે યોગમાર્ગમાં પ્રવેશ કરવા અખંડ બ્રહ્મચર્ય પાલન અનિવાર્ય છે. ત્રણેય યોગથી બ્રહ્મચર્ય પાલન કરવું તેને પાંચ પ્રકારના યમ કહેવામાં આવે છે. પાતંજલ યોગસૂત્રમાં યોગના આઠ અંગ બતાવ્યા છે. તે રીતે આચાર્ય હરિભદ્રસૂરિજીએ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં પણ

યોગની આઠ દૃષ્ટિ બતાવી છે. શ્રી હેમચંદ્રાચાર્યજીએ 'યોગશાસ્ત્ર'માં પણ આઠ અંગ બતાવ્યા છે. તેમાં પ્રથમ અંગ છે 'યમ' કારણ કે યમ યોગમાર્ગનો પાયો છે. પાયા વિના ઈમારત બની શકે નહીં. મૂળ વિના વૃક્ષ થઈ શકે નહીં તે રીતે યમ એક પ્રકારનું બીજ છે માટે જ આ માર્ગે જનાર સાધકે બ્રહ્મચર્યનું પાલન અનિવાર્ય કરવું જ પડે છે, માટે જ કવિએ "શીલ લંગોટી" ની વાત કરી છે. શીલનો અર્થ શુદ્ધાચાર પણ થઈ શકે છે.

જૈનશાસ્ત્રકારે સાધુઓના શીલાંગના અઢાર હજાર ભેદ બતાવ્યા છે. શીલને યોગના અંગ તરીકે વર્ણવી નૈષ્ઠિક બ્રહ્મચારી માટે સ્ત્રીવિષયક વાતો, સ્મરણ, કથન, રહસ્યાત્મક વાતો, રાગપૂર્વક અવલોકન, સંકલ્પ, અધ્યવસાય અને સંભોગની નિષ્પત્તિ આ આઠ અંગવાળું મૈથુન વર્જ્ય છે. ભાવ એ છે કે યોગમાં પ્રવેશ કરનાર વ્યકિતએ બ્રહ્મચર્ય પાળવું જોઇએ. બ્રહ્મચર્ય એટલે બ્રહ્મ સ્વરૂપ આત્મા અને ચર્ય એટલે રમણ કરવું. આત્મભાવોમાં રમવું અથવા આત્મામાં રમવું તે બ્રહ્મચર્ય છે. સત્ય શ્રદ્ધા પ્રગટતાં તત્ત્વના ઉંડાણમાં જઈ શકાય છે. યોગાંગની સાધનાથી બ્રહ્મરંધ્રમાંથી સિદ્ધાવસ્થાનું દર્શન થાય છે, તેમજ પિંડસ્થધ્યાન કરતાં છેવટે રૂપાતીત ધ્યાનની હદ સુધી ચેતનજી પહોંચી જાય છે ત્યારે તે ચિદ્‌ગુફામાં દીપક જુએ છે 'જેને જૈનદર્શન સમ્યગ્જ્ઞાનનો દીપક કહે છે.

યોગ મુખ્યતયા ત્રણ પ્રકારના હોય છે. રાજયોગ, ભક્તિયોગ, કર્મયોગ આ કોઈપણ પ્રકારનો યોગ કેમ ન હોય ? ભૂમિકા બધાની સરખી જ હોય છે. પછી તેમાંથી જુદા જુદા માર્ગ નીકળી શકે છે. મકાનમાં પાયા તો બધાનાં સરખા હોય પણ દિવાલો ચણ્યા પછી દરેક મકાનનો આકાર જુદો જુદો હોઈ શકે છે તેમ યોગીઓ તત્ત્વરૂપ ગુફામાં પ્રવેશ કરી ચેતનતત્ત્વને જાગૃત કરે છે.

આ પદમાં આનંદઘનજીએ યોગીના દ્રવ્યવેશની નહીં પણ ભાવવેશની વાત કરી છે. સાધક સાધના માર્ગે જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારથી તેને સાધ્યનું દર્શન થાય છે. ચિદ્‌ગુફાની શુદ્ધિ પછી વસ્તુતઃ શુદ્ધચેતના તથા શુદ્ધ ચેતનની સ્થિતિ સમજાય છે અંતે બંનેની અભેદ સ્થિતિનાં દર્શન થાય છે. પછી તો આત્મા, રત્નની જેમ પ્રકાશતો દેખાય છે. પ્રમાણનયતત્ત્વલોકમાં કહ્યું છે કે "જ્ઞાન સ્વ–પર પ્રકાશક છે". રત્ન જેમ





સ્વયં પ્રકાશિત છે તેમ આત્મા પણ સ્વયં પ્રકાશિત છે. આત્મા પર કર્મ મલિનતા લાગેલી છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી આઠ રૂચક પ્રદેશને છોડી દરેક પ્રદેશ પર કર્મરજ લાગેલી છે. આત્મારૂપ રત્નને પ્રકાશતો કરવાનો યોગ હું તત્ત્વગુફામાં બેસીને ધારણ કરું છું આ ભૂમિકાએ પહોંચવા માટે અને અલક્ષ્ય સ્વરૂપને પ્રગટ કરવા કેટલાક સંપ્રદાયના યોગીઓમાં ધૂણી સળગાવવાની પરંપરા છે જેથી તેઓ ધ્યાનમાં એકાગ્ર થઈ શકે. વાસ્તવમાં ચેતન તો શુદ્ધ, બુદ્ધ, નિરંજન સ્વરૂપી છે. વર્તમાન સ્થિતિ એ તેને કર્મનું આવરણ આવી ગયું છે તે દૂર કરવા અધ્યાત્મ માર્ગના સાચા યોગીઓ વિશુદ્ધ ધૂણી જગાવે છે. કવિ આ ધૂણીની વાત બીજી કડીમાં કરે છે તે આપણે જોઈએ.

अष्ट कर्म कंडेली धूनी, ध्याना अगन जगाउं
उपशम छनने भसम छणाउं, मली मली अंग लगाउं रे…वहाला…।। २ ।।

જોગીઓ પોતાના આંગણામાં ધૂણી જગાવે છે. તેની ભસ્મ કપડે ચાળી પછી શરીર પર લગાવે છે.

કવિએ અહીં ભાવયોગીની વાત કરી છે. ભાવયોગી પોતાના ચેતન આંગણમાં અષ્ટકર્મની ધૂણી જગાવે છે. જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મ આત્માના પ્રદેશે પ્રદેશે દૂધપાણીની જેમ એકમક થઈ ગયા છે. જેને જૈનશાસ્ત્ર સત્તા કહે છે. જે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો રાગદ્વેષાદિ પરિણામથી ખેંચાઈને આત્મામાં આવે અને અભિન્નપણે રહે તેને કર્મબંધ કહેવામાં આવે છે.

જે કર્મ આત્મા સાથે રહે પણ ફળ આપવા યોગ્ય હજુ થયું ન હોય તેને સત્તા કહેવામાં આવે છે. જે કર્મ ઉદયમાં આવી ફળ આપી ખરી જાય તે ઉદય અને જે કર્મ લાંબે સમયે ઉદયમાં આવવાનું છે તેનો ઉદયાવલિકામાં પ્રવેશ થયા પછી તપશ્ચર્યા વડે ઉદયમાં લાવી વહેલું ભોગવી લેવું તેને ઉદીરણા કહેવાય છે.

આ આઠેય કર્મના બંધને પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગબંધ એવા પ્રકારો છે. પણ આ આઠેય કર્મોનો કચરો અગ્નિ વિના બળતો નથી માટે સાધકો અષ્ટકર્મરૂપ છાણામાં ધ્યાનની અગ્નિ લગાવી ધૂણી જગાવે છે.

જીવ અનાદિકાળથી આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ અશુભધ્યાને

કર્મબંધ કરે છે અને શુભધ્યાને કર્મથી મુક્ત બને છે. આવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ અગ્નિમાં કર્મરૂપી છાણાને બાળી પછી તેની રાખ ઉપશમ ગળણાથી ચાળીને તે ભસ્મ શરીર ઉપર ઘસી ઘસીને લગાવવામાં આવે છે. રાખમાં કચરો કે નાના કાંકરા, કાંકરી વગેરે રહી જાય છે. માટે કવિએ ચાળવાની વાત કરી છે. ઉપશમ ચાળણી એટલે નિવૃત્તિ ભાવરૂપ ચાળણી.

આ કડીમાં કવિએ ઉપશમને ચાળણીનું રૂપક આપ્યું છે. નિવૃત્ત ભાવની ચાળણી વડે કર્મ છાણની રાખને ચાળી શરીર પર મસળી મસળીને લગાવવી તેનો અર્થ એ છે કે જે કર્મનો હજુ વિપાકોદય થયો નથી પણ પ્રદેશો વડે ઉદીરણા કરી કર્મ ભોગવી લેવાં જેથી ચેતન કર્મમલરહિત બની જાય છે એટલે કે જન્મમરણ રહિત થઈ જાય છે. આ પ્રકારની સાધનાથી ભવની ભાવઠ ભાંગી જાય છે. ચેતન તથા ચેતનાનો અભેદ સંબંધ સ્થાપિત થાય છે. વાસ્તવમાં ચેતન–ચેતનાનો અભેદ સંબંધ તો છે જ પણ કર્મોની દિવાલ આવી જતાં ચેતન–ચેતનાની ભિન્નતા વ્યવહારદૃષ્ટિએ લાગે છે. પુદ્‌ગલરૂપ કર્મ ચેતનને સંસાર પરિભ્રમણ કરાવે છે. આ કર્મ નાશની ચાવી સદ્‌ગુરુ પાસે છે. ગુરુ વિના જ્ઞાન નહીં માટે સદ્‌ગુરુના ઓથે કર્મથી મુક્ત થવાય છે. હવે ગુરુનો મહિમા કવિ કેવો વર્ણવે છે તે જોઈએ.

आदि गुरुका चेला होकर, मोहके कान फरांउं;<br>
धरम शुकल दोय मुद्रा सोहे, करुणानाद बजाउं रे वहाला! ता जोगे... ।। ३ ।।

આ કડીમાં ગુરુને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. વળી યોગાભ્યાસ માટે ગુરુ શરણ અતિ આવશ્યક છે. કબીર કહે છે,

गुरु गोविंद दोनो खडे, किसको लागुं पाय;<br>
बलिहारी गुरु आपकी, जिसने गोविदं दियो बताय।

કબીરે ગોવિંદ કરતાં ગુરુની મહત્તા બતાવી છે, કારણકે ગોવિંદને ઓળખાવનાર ગુરુ છે માટે ગુરુનો પ્રથમ ઉપકાર છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર<br>
એવો લક્ષ થયા વિના, ઊગે ન આત્મવિચાર"

જિનેશ્વરનો માર્ગ ઉત્તમ હોવા છતાં માર્ગ બતાવનાર ગુરુ પ્રથમ





સ્થાને છે તેથી તેનો પ્રત્યક્ષ ઉપકાર છે, પછી જિનેશ્વરનો માર્ગ છે. નવકાર મહામંત્રમાં પ્રથમ "नमो अरिहंताणं" પછી "नमो सिद्धाणं" છે. પ્રથમ અરિહંત પ્રભુને નમસ્કાર અને પછી સિદ્ધ ભગવાનને કારણકે અરિહંત પ્રભુને ગુરુસ્થાને ગણવામાં આવ્યા છે. આ રીતે સંતો–મહર્ષિઓએ ગુરુની વિશેષતા બતાવી છે. તેથી કવિ કહે છે કે आदि गुरुका चेला હે ચેતન ! તું આદિનાથ પ્રભુનો શિષ્ય થઈને હવે મોહનો તો કાન વીંધી નાખ. કવિએ અહીં ગુરુ સ્થાને કોઈ સામાન્ય માનવને સ્થાપ્યા નથી. તીર્થંકરોમાં આદિ તીર્થંકર એવા મહાન ગુરુનો ચેલો થવાથી તો સર્વપ્રથમ.

"માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય,<br>
જાતા સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય"

સદ્‌ગુરુના શરણવિના માનાદિક શત્રુઓને હણી શકાતા નથી. ગુરુના આધાર વિના, પોતાની ઈચ્છાથી તો આ કષાયો વધતા જાય છે. પણ ગુરુના શરણ માત્રથી આ કષાયો અલ્પ પ્રયત્ન માત્રથી ચાલ્યા જાય છે. જે સાધકના કષાયો મંદ પડી ગયા હોય તે સાધકની મુખમુદ્રા પર અલૌકિક આભા ઝળકી ઊઠે તે સ્વાભાવિક છે. તેથી જ કવિ કહે છે **"धरम शुकल दोय मुद्रा सोहे"**

ધર્મધ્યાન અને શુક્લધ્યાનની મુદ્રાથી હું શોભતો કરૂણાનાદ બજાવીશ. યોગીઓ કાન વીંધે છે અને તેમાં મુદ્રા પહેરે છે એ યોગીઓની નિશાની હોય છે. તેમ ચેતનને કર્મભારથી હળવો કરવા સુમતિ કહે છે કે હું ધર્મ અને શુક્લધ્યાનની મુદ્રા ધારણ કરીશ. સાધ્યના સામીપ્ય માટે મુદ્રાઓ પહેરવામાં આવે છે. ધર્મધ્યાનના ચાર પાયા છે. તેમાં પિંડસ્થ વગેરે ચાર પ્રકારના ધ્યાન, મુદ્રાનું સ્વરૂપ ખડું કરે છે. તેવી રીતે ધર્મધ્યાનના ચાર પાયામાંથી ત્રણ પાયા, મુદ્રાનો ઉપયોગ બતાવે છે. શુક્લ ધ્યાનમાં મુદ્રા અલ્પ હોય છે કારણ કે એ ધ્યાનમાં અંતરાત્મ પ્રદેશના ઊંડા પ્રવાહમાં અવગાહન કરવાનું છે. છતાં તેને પણ મુદ્રામાં સરખાવવામાં વાંધો નથી. પરંતુ ધ્યાન વિષયનો અભ્યાસ ગુરુના સાન્નિધ્યમાં કરવાથી લક્ષ્ય પ્રાપ્ત થઇ શકે છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી, સ્વછંદ તે રોકાય,<br>
અન્ય ઉપાય કર્યાં થકી, પ્રાયે: બમણો થાય,

જે સાધક પોતાના બુદ્ધિબળથી સાધના માર્ગે આગળ વધે છે અને સદ્‌ગુરુના યોગને ઈચ્છતા નથી તેમજ ગુરુકુળવાસનો સ્વીકાર કરતા નથી તેનો સ્વછંદ રોકાતો નથી પણ પોષાય છે માટે આત્માર્થીઓ ગુરુકુળવાસ કરે છે.

કવિ આગળ વધીને કહે છે કે યોગીઓ શંખનાદ અથવા બીજા વાજિંત્રો વગાડે છે તેમ હું પણ કરૂણાનાદ કરી 'મા હણો, મા હણો' નો અવાજ ફૂંકીશ.

ઈશ્વર કરૂણાસિંધુ છે. તેમાંથી એકાદ કરૂણાનું બિન્દુ લઈ હું પણ ઘરે ઘરે દરેકમાં તન–મનમાં અને જન–જનમાં અહિંસાનો સંદેશ ફેલાવીશ. જે બીજાને હણે છે તે સર્વ પ્રથમ પોતે જ પોતાને હણે છે. દ્રવ્યહિંસામાં ભાવહિંસા સમાઈ છે માટે જ કરૂણાનાદ બજાવવાની વાત કરવામાં આવી છે.

સુમતિ, ચેતનને કહે છે કે હે વ્હાલા ! આવા મહાપુરૂષનો ચેલો બની મોહરાજાના કાન વીંધી ઉત્તમધ્યાનની શ્રેણીએ ચડી જગતમાં જીવોને 'મા હણો મા હણો' નો ઉપદેશ આપો અને મારા મંદિરે પધારી મારી વિરહવ્યથાને દૂર કરો. મારા પર કૃપાદૃષ્ટિ કરી, રસરંગમાં રેલી કરો. હે નાથ ! પધારો... પધારો... પધારો...

કવિ આગળ શું કહે છે તે જોઈએ.

इह विध योग सिंहासन बैठा, मुगति पुरी कुं ध्याउं;
आनंदघन देवेन्द्रसे योगी, बहुर न कलिमें आउं रे वहाला।
ता जागे... ।। ४ ।।

હવે શુદ્ધ ચેતના કહે છે કે ચેતનનું મન તો હવે યોગમાં આસકત થઈ ગયું છે. તે યોગ સિંહાસને બેસી અજરામરપદનું ધ્યાન કરે છે.

સાધક, સર્વપ્રથમ સાલંબન ધ્યાન કરે છે. જેમાં ધ્યાનનો ક્રમિક વિકાસ થાય છે. પછી ધીરે ધીરે માનસિક ધ્યાન થાય છે. ત્યારબાદ શુભધ્યાનમાં લીન બની ધ્યાતા–ધ્યેય તદાકાર બની જાય છે. ત્યારબાદ શુભધ્યાનમાં લીન બની ધ્યાતા–ધ્યેય તદાકાર બની જાય છે. ચેતન જે સમતા સ્વરૂપ હતો તે હવે શાંતિ સ્વરૂપ દેખાય છે. માટે જ શાંતિનાથ પ્રભુના સ્તવનમાં કવિએ કહ્યું છે,





"મુગતિ સંસાર બેઉ સમજાણે"

સાધક ! સંસાર અને મોક્ષ બંનેને સમાન ગણે છે. આમ પ્રગતિ કરતાં કરતાં જે રૂપસ્થ ધ્યાની રૂપાતીત ધ્યાનમાં પ્રવેશ કરે છે. પહેલાં તે પ્રભુને અને પોતાને જુદો ગણતો હતો પણ હવે પોતે જ ઈશ્વર સ્વરૂપ છે તેવું અનુભવે છે. પહેલા તે ઈશ્વરને પૂજતો હતો, ભમતો હતો પણ હવે મોઢામાંથી શબ્દો સરી પડે છે કે અહો–અહો હું મુજને કહું "નમો મુજ નમો મુજ રે"

આ શબ્દો પોતાનું મહત્વ વધારવા માટે કે પૂજા ભક્તિ માટે બોલવામાં આવ્યા નથી પણ સાધકની આ ચરમ અવસ્થા છે. આ સ્થિતિએ સાધક સ્વયંને ઈશ્વર સ્વરૂપ જુએ છે. તેથી કહે છે કે હું મને જ નમસ્કાર કરૂં છું. ઈશ્વર બીજો કોઈ નથી પણ હું પોતે જ ઈશ્વર સ્વરૂપ છું. अप्पा सो परमप्पा" આત્મા જ પરમાત્મા છે. ધ્યેયનું ધ્યાન કરતો હતો પણ મારો અને તેનો તો અભેદ સંબંધ છે. હું અને ધ્યેય સરખા જ છીએ. શક્તિ – વ્યકિતમાં ફેર પડે પણ યોગ્ય પ્રયાસથી શક્તિગત જે ગુણો છે તે વ્યક્ત થઈ જાય છે.

આવી સ્થિતિએ પહોંચ્યા પછી શુદ્ધ ચેતના તથા ચેતનનો એવો સહયોગ થઈ જાય છે કે આ વાક્ય ચેતના બોલે છે કે ચેતન એ પ્રશ્ન જ રહેતો નથી. યોગીઓ યોગસાધના કરતાં કરતાં કદાચ અધૂરી સાધના સાથે આયુષ્ય પૂર્ણ કરે તો તે શ્રીમદ્ ભગવતગીતા કહે છે કે "शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते" "યોગભ્રષ્ટ જીવ યોગીના ઘરે અથવા શ્રીમાનના ઘરે જન્મ ધારણ કરે છે. જૈનશાસ્ત્ર કહે છે કે "ठिईण सेट्ठा लवसत्तमाणा" "સાધક સાધના કરતાં આયુષ્ય પૂર્ણ કરે તો સર્વાર્થ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે. જો ફકત સાતલવનું આયુષ્ય હોત તો અવશ્ય મોક્ષપદ પામત પરંતુ એટલું આયુષ્ય અલ્પ હોવાને કારણે તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળાદેવ બનવું પડે છે પણ તે દેવભવ પછી એક મનુષ્યનો ભવ કરી અવશ્ય મોક્ષ મેળવે છે. પણ સંસારમાં અથડાતો નથી. તેથી ચેતના કહે છે કે મારો ચેતનરામ જો યોગ સિંહાસન પર આરૂઢ થાય તો નિરંજનપદનું ધ્યાન કરતાં તેવા પદને પામે છે નહીં તો દેવેન્દ્ર તો અવશ્ય થાય છે. તે આસનસિદ્ધ બની અનુત્તરવિમાનમાં જાય છે પછી

માનવભવ પામી અધૂરીસાધના પૂર્ણ કરી પૂર્ણપદ પામે છે. તેથી સમકિત દોરી અને શીલ લંગોટી વડે તે યોગમાર્ગમાં પ્રગતિ કરે છે. પછી તે પાપરૂપ કાદવમાં ફસાતો નથી.

કવિશ્રી આનંદઘનજી સ્વાનુભવ દ્વારા કહે છે કે ઉત્તમ યોગબળ મળ્યું હોવા છતાં ગુરુ વિના તેની પ્રાપ્તિ થતી નથી. ગુરુની કૃપાથી કેવી દશા પ્રાપ્ત થાય છે તે શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

"સદ્ગુરુના ઉપદેશથી આવ્યું અપૂર્વ ભાન;
નિજ પદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન,

સદ્ગુરુના ઉપદેશથી અપૂર્વ ભાન થાય છે. જેમાં જિનપદ પોતામાં જ દૃશ્યમાન થાય છે. અનાદિનું અજ્ઞાન દૂર થતાં ધ્યાતા – ધ્યાન – ધ્યેયની એકતા સધાય છે. આત્મસ્વરૂપ પ્રગટ થાય છે. કવિએ ભાવવેશની વાત કરી છે.

શ્રી બુદ્ધિસાગરજી મહારાજ પણ કહે છે,

"अनुभव अमृत भिक्षा मागुं, हुं तो धूणी संयमनी जगाउँ रे... जोगी
अंतर आतम परमातमनी, ऐकय भावना भांग घुंटावुं रे... जोगी
मन प्यालामां भरीने पीतां, देखुं उलटी आंखे सुख पावुं रे... जोगी
बुद्धिसागर योग महोदय, पामी निश्चय निर्भव थाउँ रे... जोगी

કવિએ આ પદમાં યોગીઓનાં ઉપકરણોને, આધ્યાત્મિક અર્થમાં ઘટાવ્યાં છે. આ એમની ઉન્નત કલ્પનાશક્તિ અને દૃષ્ટિનો પરિચય કરાવે છે.





## પદ-૩૮

"મનસા નટ નાગરસૂં જોરી હો"

અધ્યાત્મની ઉન્નત ટોચને સર કરી, જ્ઞાનગરિમા વધારી, કર્મ જંજીરને તોડવા કટિબદ્ધ થયેલા એવા શ્રી આનંદઘનજી મહારાજે ચેતન અને ચેતનાના સંબંધનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. ચેતન અને ચેતનાનો સંબંધ દીપક અને પ્રકાશ જેવો છે.

આજ સુધી સુમતિ, ચેતનને સમજાવતી હતી પણ હવે ચેતનમાં વાસ્તવિક સ્વભાવભાન આવતાં સુમતિ તથા શ્રદ્ધા એક થઈ શુદ્ધ ચેતનામાં મળી જાય છે. જેમ પ્રયાગમાં ગંગા, યમુના અને ગોદાવરીનો ત્રિવેણીસંગમ રચાય છે તેમ બારમા ગુણસ્થાનકના અંતે સુમતિ, શ્રદ્ધા અને શુદ્ધચેતનાનો ત્રિવેણીસંગમ થાય છે. બારમા ગુણસ્થાનકનો છેલ્લો સમય અતિ પવિત્ર ગણાય છે કારણકે ચેતન ત્યાં સ્નાન કરી ઘાતીકર્મોની મલિનતાથી, મુક્ત બની પરમપવિત્ર બની શુદ્ધ આત્મ મંદિરમાં પ્રવેશ કરે છે. જ્યાં દુઃખ કે શોકની કાળીઘેરીવાદળી સ્પર્શી શકતી નથી પણ ચેતન તથા ચેતનાની એકરૂપતા થતાં આનંદ વર્તે છે.

"મારૂ રાગ"માં લખાયેલ આ આડત્રીસમા પદમાં કવિ કે છે,

मनसा नट नागर सूं जोरी हो, मनसा नट नागरसूं जोरी हो,
नट नागरसूं जोरी सखी हम, और सबनसैं तोरी हो... मनसा।। १ ।।

હવે શુદ્ધચેતના પોતાની વાચા ખોલે છે ને કહે છે કે હે સખી ! શુદ્ધ ચેતન એવા આત્મદેવ સાથે હવે મેં તો મન જોડી દીધું છે. હવે મને તેની માયા લાગી છે. એકની સાથે પ્રીત બાંધ્યા પછી બીજે ક્યાંય બાંધવાની રહેતી નથી. પછી તો જગત ઝેર સમાન કડવું – કડવું લાગે છે. મીરાં કહે છે,

મુખડાની માયા લાગી રે... મોહન પ્યારા
મુખડું મેં જોયું તારૂં, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારૂં રે... મોહન પ્યારા

મીરાંને મોહનની પ્રીત લાગી છે. મોહનનો પ્રેમ લાગ્યા પછી તેનું

બીજે ક્યાંય ચિત્ત લાગતું નથી. એ રીતે ચેતનાને, ચેતન મળી ગયા પછી બીજુ કાંઈ તેને જોઈતું નથી. ચેતનને પણ સ્વરૂપદર્શન થયા પછી હવે જડ પૌદ્‌ગલિક પદાર્થોમાં તેનું મન ચોટતું નથી. આજ સુધી પુદ્‌ગલનું જ દાસત્વ સ્વીકાર્યું હતું અને તેને કારણે દુઃખી થતો હતો. પણ હવે સમજાયું કે સર્વ દ્રવ્ય, સ્વતંત્ર છે. મારા સુખનું અસ્તિત્વ જડ દ્રવ્યોમાં નથી.

આ પ્રકારનું ચિંતન કરતાં શુદ્ધ ચેતના, સુમતિને કહે છે કે હે સખી ! હવે મેં મારું મન ચેતનજીમાં જોડી દીધું છે. ચેતનનો ઉપયોગ તો કોઇવાર આત્મિકદ્રવ્ય પર તો કોઈવાર પૌદ્‌ગલિકદ્રવ્યો પર ચાલે છે. ચેતન જ્યારે યોગમાં ચિત્ત પરોવે છે ત્યારે તેનું મન સ્વવિષયક આત્મદ્રવ્યમાં જોડાય છે. શુદ્ધદશામાં શુદ્ધ ચેતનાનો ચેતન સાથે અભેદ છે અને પૌગલિક દ્રવ્યનો સંયોગ સંબંધ છે.

ચેતનાને પદાર્થ સાથેનો આદિ–અંતવાળો સંબંધ સમજાવે છે. શુદ્ધચેતના કહે છે કે હવે મને એક ચેતન સિવાય બીજે ક્યાંય પ્રીતિ નથી. મારાસ્વામી તો અનંત જ્ઞાનાદિક પારમાર્થિક સુખનિધાન છે. હવે હું આત્મદેવને છોડી ક્યાંય પણ જવા ચાહતી નથી.

કવિએ આ પદમાં ચેતનને નટનાગર કહ્યો છે. નટનાગર એટલે ખેલ કરનાર નહીં પણ સૂત્રધાર એવો અહીં અર્થ છે. ચેતન હવે ખેલ કરતો નથી પણ ખેલ ગોઠવવાનું કાર્ય કરે છે. સૂત્રધારનું કામ ઘણું મુશ્કેલ છે પણ સૂત્રધાર વગર ખેલ સારો થાય નહીં, તેથી ખેલ કરનારાઓ કરતાં સૂત્રધાર વધુ કમાણી કરે છે. તેમ શુભાશુભ કર્મની કમાણી ચેતનને ભોગવવાની રહે છે. જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગની વિશુદ્ધિમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લયની બાજી સિદ્ધ પરમાત્મા પણ એક અપેક્ષા ભેદથી ખેલી રહ્યા છે. ખરેખર નટનાગરતો કેવળજ્ઞાનીઓ છે. સર્વ દ્રવ્યોમાંથી ઉપયોગ ખેંચી લીધા પછી દુનિયાની તેને કાંઈ પડી નથી. પછી તેની ખુમારી કોઈ જુદી જ હોય છે. તે કેવી છે એ વાત કવિ પ્રસ્તુત પદની બીજી કડીમાં કહે છે,

लोक लाज नहि काज, फुल मरजाया छोरी;
लोक बटाउ हसो विरानो, अपनो कहत न कोरी... मनसा।। २।।

શુદ્ધ ચેતના કહે છે કે મેં તો હવે લોક – લાજ પણ છોડી દીધી છે. કારણકે લોકલાજથી આત્મ સ્વામીનો પૂર્ણ પ્રેમ મળતો નથી. મારી આંતરિક





સ્થિતિ જોતાં લાગે છે કે દુનિયા સાથે મારો હવે મેળ જામશે નહીં કારણકે દુનિયાનો પ્રેમ જડ પદાર્થો સાથે છે. તેઓ તો કૃત્રિમતામાં રચ્યા–પચ્યા છે ત્યારે મને તો વાસ્તવિકતાનો રંગ લાગ્યો છે અને સતની લગની લાગી છે. જેને લોકો ઇષ્ટ ગણે છે તેને હું અનિષ્ટ ગણું છું માટે જ મારો દુનિયા સાથે મેળ જામશે નહીં તેથી આવું પરસ્પર વિરુદ્ધનું કાર્ય છોડી મેં તો સર્વસંગ પરિત્યાગ કરી, મારા આત્મસ્વામી સાથે પ્રીત જોડી છે.

ચેતના કહે છે કે, મારા આ પ્રકારના વર્તન પર દુનિયા મારા પર હસશે તેમજ ઈચ્છાનુસાર બોલશે. અરે ! મહેણાં મારી મને મૂર્ખ પણ કહેશે. ભલે જેને જેમ કહેવું હોય તેમ કહે પણ હું મારા માર્ગથી હટવાની નથી. દુનિયા તો પારકીપંચાત કરવામાં શૂરવીર છે. તેઓ તો પૂરી જિંદગી તેમાં જ ખર્ચી નાખે છે તેથી મારે કોઈ નિસ્બત નથી. સારી સ્ત્રીઓ નાટકિયા ઉપર પ્રેમ કરે નહીં પણ કોઈ વખત નાટકિયાને ચાહતા પરિણામ સારું જ આવે છે.

ઈલાયચીકુમારે નટડીને પ્રેમ કર્યો અને તેને મેળવવા લોકલાજ કુળમર્યાદા બધું છોડી દીધું. નટડી સાથે નટ બનીને નાચ્યો પણ પરિણામ ત્યાગરૂપ આવ્યું. વાસના અગ્રભાગ નાચતાં કેવળજ્ઞાન લઈ – લોકાગ્રે પહોંચવાની પૂર્ણ તૈયારી કરી લીધી. આમ, ધર્મ સંન્યાસ લેવાની ચેતનની ઈચ્છા થાય તો શુદ્ધ ચેતના અને ચેતનનો સંયોગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

ભર્તૃહરિએ સંસારત્યાગ કરી સંન્યાસ લીધો અને નદી કિનારે રેતનું ઓશીકું કરીને સૂતાં હતાં ત્યાં રસ્તે જતી પનિહારીઓ કહે છે જોયું ! રાજ્ય છોડયું પણ રાજાની ટેવ થોડી છોડી છે ? સુવિધા બધી જ જોઈએ છે. તેણે રૂના તકિયા તો છોડયા તો રેતીના તકિયા સ્વીકાર્યા. આ સાંભળી ભર્તૃહરિએ રેતીના ઢગલાને પહોળો કરી નાખ્યો ને સૂતા રહ્યા. ત્યાં પાણી ભરીને પાછી ફરતી સ્ત્રીઓ જુએ છે ને કહે છે કે જોયું ! ભગવાં વસ્ત્ર પહેર્યાં છે. સંસાર છોડયો છે પણ ક્રોધ થોડો છોડયો છે. એક જરાક ગાદીતકિયાનું આપણે બોલ્યા ત્યાં તો રીસ ચડી ગઈ. એટલા માટે જ ચેતના કહે છે કે દુનિયા, દુનિયાની રીતે જ ચાલે છે. તેના બોલવા સામું જોતા કોઈ કાર્ય ન થાય માટે જ લોકલાજ છોડી હું તો નટ–નાગરને ચાહું છું. શુદ્ધ ચેતના કહે છે,

मात तात सज्जन जात, बात करत है भोरी!
चाखें रसकी क्युं करी छूटे ? सुरिजन सुरिजन होरी हो... मनसा।।३।।

સુમતિ, આપણે ત્યાગમાર્ગે જઈએ તો રોકનારા ભોળા માણસોનો આ સંસારમાં તોટો નથી. માતા-પિતા, સગા-સંબંધીઓ આપણને એ માર્ગે જતાં અટકાવે છે તથા તે માર્ગની કઠિનતા આપણી સામે રજૂ કરે છે. તેમ છતાં ન માનીએ તો કર્તવ્યધર્મની વાતો કરે છે. સંસારી લોકો વૈરાગ્યવાસિત માનવને ત્યાગમાર્ગથી રોકવા કેવા કેવા પ્રયત્નો કરે છે તે વાત ઉત્તરાધ્યયનસૂત્રમાં મૃગાપુત્ર દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે મા-બાપ તેને સંયમની દુષ્કરતા કેવી છે તે સમજાવતા કહે છે કે બેટા ! તારૂં શરીર તો સુકોમળ છે આ ભયંકર ગરમીમાં તું ખુલ્લે પગે કેમ ચાલીશ ? ત્યારે મૃગાપુત્ર કહે છે,

जहा इहं अगणी उण्हो, इतो अणंत गुणो तहि
नरएसु वेपणा उण्हा, असाया वेइया मए"

હે મા ! અહીં કરતાં અનંતગણી અગ્નિની વેદના મેં નરકમાં ભોગવી છે. તો મા કહે છે કે પણ બેટા ! આ કડકડતી ઠંડીમાં ખુલ્લે શરીરે કેમ જીવી શકાશે. તારાથી એ કેમ સહન થશે ? મા ! जहा इहं इमं सीयं, एतोऽणंत गणे तहिं' અહીંથી અનંતગણી ઠંડી પણ એકવાર નહીં અનેકવાર નરકભૂમિમાં ભોગવી છે. આવી જ રીતે જ્યારે નમિરાજર્ષિ રાજ્યત્યાગ કરી દીક્ષા લઈ જંગલવાસ કરે છે ત્યારે સ્વજનો તથા મિથિલા નગરીનાં લોકો શોકગ્રસ્ત બની જાય છે. એવા સમયે ઇન્દ્ર મહારાજ નમિરાજર્ષિને સમજાવવા આવે છે અને કહે છે,

एस अग्गी य वाऊय, एयं डज्झई मंदिरं।
भगवं अंते उरं तेणं, कीसणं नाव पेक्खह।।

હે ભગવાન ! અગ્નિ અને પવનથી આ મંદિરે ( શરીર ) બળી રહ્યું છે વળી મિથિલાનગર તથા અંતઃપુર પણ બળી રહ્યું છે. તમે તેના તરફ દૃષ્ટિ કરતા નથી તેનું શું કારણ ? નમિરાજર્ષિ કહે છે, 'मिहिलाए डज्झमाणए, न मे डज्झइ किंचणं "હે દેવેન્દ્ર ! મિથિલાનગરના બળવાથી તેમાં મારું કાંઇપણ બળતું નથી. જ્યારે નમિરાજર્ષિ કોઈપણ રીતે માનતા નથી ત્યારે પાછો ઇન્દ્ર કહે છે કે હે રાજન્ ! જે રાજાઓ તમને આજ સુધી નમ્યા નથી





તેને પહેલાં વશ કરો પછી સંયમમાર્ગે જજો. ત્યારે નમિરાજર્ષિ કહે છે,

जो सहस्सं सहस्साणं, संगमे दुज्जइ जिणे।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ।

દુર્જયસંગ્રામમાં દશ લાખ અને સહસ્ત્રો સુભટોને જીતવા કરતાં એક આત્માને જીતવો વધારે ઉત્તમ છે. આત્મવિજય એ સર્વોત્તમ વિજય છે. આ પ્રમાણે ત્યાગમાર્ગની કઠિનતા તથા કર્તવ્ય તરફ કટિબદ્ધ કરવા સંબંધીઓ વગેરે અનેકાનેક પ્રયત્નો કરે છે. પરંતુ ભોળા લોકો સમજતા નથી એ જ એનું ભોળપણ છે. પણ જેણે એક વખત સત્સંગનો રસ પીધો હોય તેને અન્યરસ મીઠો ક્યાંથી લાગે ? શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

લોકલાજ સેં જો ચિત્ત ચોરે, સો તો સહજ વિવેક હી સુના
પ્રભુગુન ધ્યાન વગર ભ્રમ ભૂલા, કરે કિરિયા સો રાતે રૂના,
ધાડે-ધાડે સાંભરે સાંઈ સલુણા...

લોકલાજમાં જેનું ચિત્ત ચોરાયેલું છે તે વિવેકરહિત બને છે, પણ પ્રભુગુણ ધ્યાનમાં જેનું ચિત્ત લાગેલ છે તેનો ભ્રમ ભાંગી જાય છે. ઉપયોગ વિનાની ક્રિયા નિષ્ફળ છે. જેણે પ્રભુગુણનો રસ એકવાર ચાખ્યો છે તેને જડ પદાર્થોમાં પ્રેમ ક્યાંથી આવે ? તેને એ બધું શેરડીના કૂચા જેવું લાગે છે. જેમાં રસ બિલકુલ નથી. માટે જ કવિ કહે છે કે સર્વ સંબંધોનો ત્યાગ કરી સાચાસ્નેહને પિછાણી હું મારા આત્મદેવને પ્રેમ કરું છું. હવે ચેતના તથા ચેતનનો પ્રેમરસ કેવો છે તે વર્ણવતાં કવિ કહે છે,

ओराहनो कहा कहावत ओरपें, नाहि न कीनि चोरी;
काछ कछयो सो नाचत निवहेई, और चाचरी चरी कोरी - मनसा।। ४।।

શુદ્ધ ચેતના, સમતાને કહે છે કે હું મારી અંગત વાત બીજાને શા માટે કરું ? ચેતન સાથે મેં જે સંબંધ બાંધ્યો છે તેમાં મેં કાંઈ થોડી ચોરી કરી છે ? મને તેનાં પ્રેમરસનો રંગ લાગ્યો છે અને તેમાં જ આનંદનો અનુભવ થાય છે. પ્રેમ કદી છુપાવ્યો છુપાવી શકાતો નથી. જેમ સાકર જે ખાય તેને તેનો સ્વાદ આવે તેમ જે પ્રેમરસ ચાખે તેને જ આત્મપ્રાપ્ત થાય. સંત કબીરે પણ કહ્યું છે કેઃ-

પ્રેમ છુપાયાના છુપે, જિસ દિલમેં સચ્ચા હોય,
પ્રીતિ મુખસે ના કહે, પર નૈનોં પ્રેમસે રોયઃ

ચેતના કહે છે કે પ્રેમની આ રીતથી હું આત્મસ્વામી સાથે બંધાયેલી છું. સ્વામી બે પ્રકારના છે. (૧) દ્રવ્યસ્વામી (૨) ભાવ સ્વામી. જે દેહધારી છે તે દ્રવ્યસ્વામી અને આત્મરૂપ ભાવી તે ભાવ સ્વામી ગણાય છે. આત્મસ્વામીનો સંબંધ સહજ નિત્ય સુખ સમર્પે છે માટે મેં તો આત્મસ્વામી સાથે જે સંબંધ જોડયો છે તે કોઈ કાળે પણ છૂટવાનો નથી. હું સમજુ છું કે તેમણે આજ સુધી ઘણી ભૂલો કરી છે અને તેથી જ તેણે પોતાનું આત્મધન લૂંટાવી દીધું છે. તેણે ઘડીએ ઘડીએ રાગ-દ્વેષ, પ્રમાદ, વિકથા, કષાય વગેરે ભાવો કર્યાં છે પણ હવે તેને પોતાની ભૂલો સમજાણી છે. હવે તો તેણે ચરમાવર્તમાં પ્રવેશ કર્યો છે. જેને કારણે હવે તેને સ્વ-પરનો ભાસ થવા લાગ્યો છે. હવે તેણે પ્રબળ પુરુષાર્થ પ્રારંભવો પડશે. ત્યારે જ તેની નિશ્ચયથી શુદ્ધિ થશે. જેમ કુસ્તીબાજ કુસ્તી કરવા કમરે કચ્છ બાંધે છે કારણકે કુસ્તી કરતાં તેનાં કપડાં અવ્યવસ્થિત થઈ ન જાય. તેમ મોક્ષગામી થવા માટે પણ એવી જ તૈયારી કરવી પડશે. હે ચેતન ! સર્વવિરતિનો વેશ પહેરી, યોગ્ય રીતે ભજવી બતાવ એમાં જ તારી શોભા છે. જેમ નટનાગરની સાથે વાજા વગાડવાવાળા, તબલચી, શરણાઈવાળા વગેરે અનેક હોય છે પણ મુખ્ય નાચનાર તો એક જ હોય છે તે રીતે મુખ્ય કાર્ય એક જ હોય અને લક્ષ્ય તે તરફ મંડાયેલ રાખવાનું હોય છે. સાધ્ય તો એક મોક્ષ છે. અન્યકાર્ય સ્વર્ગાદિરૂપ છે. ચેતન લક્ષ્યને પકડી કાર્ય કરશે તો પાર પામશે નહીં તો આવા વેશ તેણે અનેકો વાર ધાર્યા છતાં કાંઈ ફળ મળ્યું નહીં. ચેતન યોગ્ય સાધન ગ્રહણ કરી, સાધ્યપ્રતિ પ્રયાણ કરે. કવિ કહે છે,

ग्यानसिंधू मथित पाई, प्रेमपीयूष कंटोरी हो,
मोदत आनंदघन प्रभु शशिघर देखत द्दष्टि चकोरी - मनसा।। ५।।

મુમુક્ષઓ શ્રુતજ્ઞાનરૂપ સતશાસ્ત્રનું મંથન કરે છે ત્યારે તેમાંથી જે સત્ત્વ ને તત્ત્વ મળે છે તે જ શાસ્ત્રનો સાર છે. પછી તેને સમજાય છે કે જડ અને ચેતન બંને જુદાં છે. હું જ્ઞાયક સ્વભાવી આત્મા છું. હું રૂપી કે અરૂપી ગમે તે હોઉ પણ જ્ઞાનગુણ જે મારા છે તે જડમાં નથી. જોવા જાણવાની શક્તિ જડમાં નથી માટે હું મારા સ્વભાવમાં રહું એ જ યોગ્ય છે. જ્યારે આત્મા આવી જાગૃતઅવસ્થામાં આવી જાય છે ત્યારે શુદ્ધ





ચેતનારૂપ ચકોરી આનંદઘન એવા ચંદ્રને જોઈ અત્યંત હર્ષઘેલી બની આનંદમગ્ન બની જાય છે. પુરાણની વાત છે કે દેવોએ સમુદ્રમંથન કર્યું હતું. ત્યારે તેમાંથી ચૌદ રત્નો નીકળ્યાં હતાં તેમાં એક ચંદ્ર પણ હતો અને અમૃત પણ નીકળ્યું હતું. પછી પ્રશ્ન થાય છે કે અમૃત કોને આપવું ? તુરંત ચંદ્ર હાજર થયો અને ચંદ્રને અમૃત આપી દીધું. ચંદ્ર અમૃત આરોગી ગયો અને અમર બની ગયો. ચંદ્રે અમૃતપાન કર્યું હોવાથી તેમાંથી હંમેશાં અમૃત ઝરતું રહે છે. ચંદ્રની ચાંદની સર્વજનપ્રિય છે.

કવિએ આનંદઘન એવા પ્રભુને ચંદ્ર તરીકે વર્ણવ્યા છે. શુદ્ધ ચેતનાને ચકોરી કહી છે. ચેતનરૂપ ચંદ્રને જોઈ શુદ્ધચેતનાની દ્દષ્ટિરૂપ ચકોરી પ્રેમરસ પાન કરી હર્ષઘેલી બની જાય છે. તેમજ શુદ્ધચેતના આત્પપતિના સ્વરૂપને નિહાળે છે અને કર્મની નિર્જરા કરે છે. શુદ્ધ ચેતના ચંદ્રસ્વરૂપ આત્માને ચકોરીની દ્દષ્ટિથી નિહાળે છે અને આનંદ પામી પ્રફુલ્લિત થાય છે.

આત્મા જ્યારે સર્વ પદાર્થો પરથી પોતાનો ઉપયોગ હટાવી સ્વનો ઉપયોગ સ્વમાં જોડી દે છે ત્યારે નટનાગરના ખેલ સમાપ્ત થઈ જાય છે. આત્મા આત્મામાં જોડાઈ, ચેતન જેમ જેમ ઊપયોગની સ્થિરતા સાધતો જાય છે તેમ તેમ આત્મવિશુદ્ધિ થતાં ગુણસ્થાનકનું આરોહણ કરતો જાય છે.

કવિ આનંદઘનજી મહારાજે આ પદમાં પોતાની અનુભૂતિના ઉલ્લાસને ચેતનાની ઉક્તિ તરીકે અભિવ્યક્ત કર્યો છે. આવી અનુભૂતિવાળી વ્યક્તિઓને લોકવ્યવહારની સમજ ક્યારેક ઓછી પડે છે તો બીજી બાજુ લોકોની નિંદા-ટીકાની પણ એમને કોઈ પરવા હોતી નથી કારણકે તેઓ તો પોતાની ધૂનમાં જ મસ્ત હોય છે.

કવિને પોતાને જે સ્વરૂપ પ્રાપ્તિ થઈ છે તેમાં જ આગળ વધવાના પોતાના દૃઢ નિશ્ચયને જાહેર કરી દીધો છે. કવિનો આત્મવિશ્વાસ કેટલો દૃઢ છે એની પ્રતીતિ આ પદ કરાવે છે.

## પદ-૩૯

"तरस की गई - दइ कौ दइकी सवारी री"

કવિશ્રી આનંદઘનજી કહે છે કે ચેતનની હવે આંખ ઉઘડી છે. તેણે હવે સ્વઘરે પધારવા પ્રયાણ કર્યું છે. ચેતના, ચેતનને સમ્યગ્દૃષ્ટિથી ચકોરી માફક જોઈ રહી છે. ચેતન જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ ચેતનાની ઈન્તેજારી વધતી જાય છે. પણ અનુભવી કહે છે કે આવા ઉત્તમમાર્ગો ઘણી વખત લપસણા હોય છે. ક્યારે ગબડી પડીએ તે કહી શકાય નહીં. આ વાતને લઈને શુદ્ધ ચેતના, શુદ્ધ ચેતનને અનુલક્ષીને સમતાને વાત કહી રહી છે.

માનવમાત્રનો સ્વભાવ છે કે તેની આદત કોઈ પણ નિમિત્ત મળતાં છૂટી જાય છે. પણ સંસ્કાર પાછા જાગૃત થઈ જાય છે. મન ગુલાંટ ખાઈ જાય છે. મનની વૃત્તિઓ ક્યારે ઉછાળો મારે છે તે કહી શકાય નહીં, માટે કવિએ આ ઓગણચાલીસમા પદમાં કહ્યું છે,

तरस की जई दइ कौ दइकी सवारी री
तीक्षण कटाक्ष छटा लागत कटारी री...तरस...।।१।।

શુદ્ધચેતના સમતાને કહી રહી છે કે હે સખી ! હું તો મારા પતિને તરસી રહી છું તથા તેની રાહ જોઈ રહી છું અને તેના વિયોગે બળી રહી છું. ચેતન જ્યારે સ્વ સ્વરૂપમાં સમાઈ જાય છે પછી તો કાંઈ ચિંતા નથી પણ જ્યાં સુધી મન ઠેકાણે ન હોય ત્યારે મોહનીયકર્મ તો જોર કરવાનું જ. ચેતનની આંતરવૃત્તિ સ્વરૂપમાં જોડાતા મોહ મોળો પડી જાય છે. પણ ચેતન જ્યાં સુધી વ્યવહારદૃષ્ટિમાં હોય ત્યાં સુધી તો તેને પૌદ્ગલિક સુખની આકાંક્ષા રહે જ છે. પાંચેય ઈન્દ્રિયોનાં સુખભોગની કામના થયા કરે છે. પણ ચેતન જો પોતાને સંભાળી લે તો કર્મ ઉદયમાં આવીને ચાલ્યા જાય છે પણ કર્મ સામે નજર કરતાં તો કર્મની મોટી ફોજ ઊભેલી દેખાય છે. મોહરાજા તો ઘણું મોટું લશ્કર લઈને આવ્યા છે. આ જોતાં મારો ભ્રમ ભાંગી ગયો. આ મોહરાજા ચેતનને કામબાણથી ઘાયલ કરતાં કાંઈવાર લાગતી નથી. યુવાન સુંદરીનાં નયન કટાક્ષ પુરુષ હૃદયને આરપાર ભેદી





નાંખે છે. માનવને એક બાણથી જો ઘાયલ કરી શકાતો હોય તો જેનાં ઉપર પાંચ ઈન્દ્રિય અને મનના કામબાણની વર્ષા થાય તેની તો શી દશા થાય ? ચેતન માટે પણ મારા મનમાં એવો જ ભય છે. મોહને મહાત કરવો ઘણો મુશ્કેલ છે.

ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

રાગ કેશરી છે વડ રાજા રે, વિષયાભિલાષ તે મંત્રી તાજા રે,
જેહના છોરુ ઇન્દ્રિય પંચોરે, તેહનું કીધો એ સફળ પ્રપંચો રે.

મોહરાજાનો સૌથી મોટો પુત્ર તે રાગ કેશરી છે. તે બાપની ગાદી પર આવી બેઠો છે. આ રાગ એવો તો ચપળ અને ચંચળ છે કે તેની નજરમાં જે કોઈ એક વખત આવે તે ભોગપંકમાં ફસાઈ જાય છે. વિષયની તૃષ્ણા તે મોહ કટક દળ છે. તેને વશ કરવા પ્રબળ પુરુષાર્થ જરૂરી છે. મોહનીયકર્મ બધાંને ઊંધા ચશ્મા ચડાવી દે છે. જેમ કૂતરો હાડકાંને – લઈને ચાવે છે. હાડકામાં કોઈ રસ નથી, પણ હાડકું ચાવતાં – ચાવતાં તેના મોઢામાંથી લોહી નીકળે છે. કૂતરો પોતાના જ લોહીના ભ્રમથી હાડકાંનો સ્વાદ માની લે છે. બસ, સર્વ સંસારી જીવોની કૂતરા જેવી દશા છે. પુદ્ગલસુખની ઈચ્છા તે હાડકાંને બટકાં ભરવા સમાન છે. માટે હે સમતા ! હવે તું મારા સ્વામીને સમજાવી ઘરે લાવ, કારણકે હવે હું પ્રમત્તદશા છોડી અપ્રમત્તદશા વડે મારા સ્વામીની આજ્ઞા ઉઠાવવા તત્પર બની છું. સ્થિરતારૂપ ઘરમાં સ્વામીનો પ્રવેશ નહીં થાય ત્યાં સુધી મને ચેન પડશે નહીં. હવે શુદ્ધચેતના ચેતનને વિનવે છે. તે કેવી રીતે એ બીજી કડીમાં જોઈએ.

सायक लायक नायक, प्रानको पहारीरी
काजर का जनलाज, बाज न कहुं वारी री...तरसकी...।।२।।

ચેતન પર જ્યારે ભોગ તૃષ્ણા ઘેરો ઘાલે છે ત્યારે પાંચેય ઈન્દ્રિયોનાં વિષયાદિ બાણો તેને વીંધી નાખે છે. આવું તીક્ષ્ણ શસ્ત્ર તેનાં પ્રાણ હણનાર નીવડે છે. પુરાણકાળમાં અગ્ન્યસ્ત્ર, વાયવાસ્ત્ર વગેરે શસ્ત્રો હતાં જે શત્રુઓનાં શિરને ઊતારીને જ આવતાં એ રીતે કામબાણ જેને લાગે તેની પણ દુર્દશા થાય છે. ચેતન, વિષય સુખની લાલસાથી લલચાય છે ને પછી દુઃખી થઈ નિજ સ્વરૂપને ભૂલી જાય છે. વિષયાંધ બનેલ

ચેતનને પોતાની અનંત શક્તિનાં જાણે દર્શન જ થતાં નથી. જ્ઞાન, દર્શન સુખને અનંતવીર્ય જેવી મહાન શક્તિઓ પડી હોવા છતાં તેનું તો તેને જ્ઞાન કે ભાન જ નથી. વાસ્તવમાં ચેતન નાયકને લાયક છે. ષટદ્રવ્યને જાણનાર તથા જોનાર ચેતન છે અને તેની સાથે સંબંધ સ્થાપિત કરનાર પણ ચેતન જ છે. પરને પ્રકાશતો ચેતન સ્વદૃષ્ટિ કરે તો નાયકના બિરૂદને શોભાવે તેવો છે વળી અનંત ગુણનો ધણી હોવાને કારણે તેને નાયકને લાયક કરી શકાય. અરે ! એ તો સ્વભાવતઃ લાયક નાયક છે. છતાં પણ તે જ્યારે ભોગતૃષ્ણાને આધીન હોય ત્યારે કર્મ સ્વામીત્વ વ્યક્ત છે અને તેનું ગુણ સ્વામીત્વશક્તિમાં અવ્યક્તરૂપે પડેલું જ છે. ચેતન તો ઉત્કૃષ્ટ આનંદ ભોગવવાને લાયક છે. પણ અત્યારે તો તેને ભોગ – તૃષ્ણાના એક એક બાણ હણી રહ્યાં છે. અનંતશક્તિપુંજ ચેતન અત્યારે તો બિચારો બાપડો થઈ ગયો છે.

जीर्यन्ति जीर्यत, केशा, दंता जीर्यन्ति जीर्यतः।
योवनाशा धनाशा च जीर्यतोऽपि न जीर्यंति।।

માનવના વાળ સફેદ થઈ જાય, દાંત પડી જાય, વૃદ્ધાવસ્થા આવી જાય તો પણ તેની ભોગેચ્છા કે ધનેચ્છાને જાણે ઘડપણ આવતું નથી. સાધકજીવનમાં પણ આ ભોગેચ્છા ભાન ભૂલાવે છે.

સ્થૂલિભદ્રે લોકલાજ છોડી અને અરણિક મુનિએ સાધુ જીવનનો ત્યાગ કર્યો. ભોગની અસર તળે માનવ અધમાધમ કામ કરે છે. ભોગવૃત્તિના નિરંકુશથી પોતાનું જોર બરાબર જમાવે છે. તેથી ચેતના કહે છે કે હે સમતા ! મને મારાસ્વામીને મળવાની તીવ્ર ઈચ્છા છે. મારા તન, મનમાં તેનું જ રટણ છે.

ચોથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનથી ચેતનાની શુદ્ધિ થતી જાય છે. જેમ જેમ ગુણસ્થાનની શ્રેણી વધતી જાય છે તેમ તેમ અનંતગણી શુદ્ધિ થતી જાય છે. જેમ જેમ સ્વરૂપસ્થ થવાય તેમ તેમ ગુણસ્થાનક આરોહણ વધતું જાય છે.

ચેતના, પોતાના સ્વામીનું સ્વરૂપ વારંવાર વિચારે છે તેથી આઠમા નિવૃત્તિબાદર ગુણસ્થાનકથી ક્ષપકશ્રેણીનો અને શુક્લ ધ્યાનનો પ્રારંભ થાય છે. શુક્લ ધ્યાનમાં શુદ્ધચેતના પોતાનાં સ્વામીની સાથે ઐક્ય અનુભવે





છે. તો પણ તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક વિના ચેતન સ્વામીને પ્રત્યક્ષ મળી શકતી નથી અને ચેતનનો સાક્ષાત્કાર થયા વિના ચેતના ઠરીને ઠામ બેસતી પણ નથી.

આવી સ્થિતિમાં ચેતનાના ઉદ્ગારો કેવા સરી પડે છે તે કવિશ્રી ત્રીજી કડીમાં વર્ણવે છે.

मोहनी मोहन ठग्यो जगत ठगारी री।
दी जीए आनंदघन, दाह हमारी री...तरसकी...।।३।।

શુદ્ધ ચેતના કહે છે કે ભોગ તૃષ્ણા ( તૃષા ) એવી તો ભૂંડી અને ઠગારી છે કે તે આખી દુનિયાને ઠગે છે. તે તો નિત્યપ્રતિ નવયૌવના સમ રહે છે અને તેની પાસે આવનારાઓ યુવાન છતાં વૃદ્ધ દેખાય છે. સબળ – નિર્બળ જણાય છે. કારણ કે ભોગેચ્છા તેનું સર્વ સત્ત્વ હણી નાંખે છે. ભોગતૃષ્ણાનું રાજ્ય નાના, મોટા, યુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ, ગરીબ, તવંગર, રાજા, પ્રજા, ગામડું, શહેર કે જંગલ ભણેલો કે અભણ બધાનાં હૃદય પર તેનું રાજ્ય વિસ્તરેલું છે તથા હૃદય સિંહાસન પર બેસી આરામથી રાજ્ય ભોગવે છે. બિચારો ચેતન તેના તરફ ખેંચાય છે અને દુઃખી થાય છે. અરે ! ભોગની ભૂતાવળ તો સાધુને પણ ચોંટી જાય છે. વિશ્વામિત્ર પણ તેની છાયામાં આવી ગયા હતા. ખુદ ભોગેચ્છા મેનકાનું રૂપ લઈને તપસ્યા કરવાં વિશ્વામિત્ર પાસે નૃત્ય કરવા લાગીને છે વટે તપસ્યાનો ભંગ કરાવ્યો.

હે આનંદઘન પ્રભુ ! મારો ચેતનનાથ પણ ઠગારી ભોગતૃષામાં ઠગાઈ ગયો છે. પણ જો તેની પાસે સ્વરૂપજ્ઞાન હોત તો આ ઝંઝટ ઊભી જ થાત નહીં. પણ હવે તો એને આ બધું બહુ ફાવી ગયું છે. માટે હે સમતા ! તું મારું આ અગત્યનું કામ કરી આપ.

ઉત્તરાધ્યયનસૂત્રના બાવીસમા અધ્યયનમાં કહ્યું છે,

रहनेमी अहंभये, सुखे चारुभासिणी
ममं भयाहि सुयणु, न ते पिला भविस्सई।।

રહનેમિને ભોગવાસના એ ભરમાવ્યા તેથી પોતાની સાધ્વી ભાભી ઉપર આસકત થયા, પોતે સાધુ છે સામે સાધ્વી રાજમતી છે. તેનું પણ ભાન ભૂલ્યા અને કહે છે કે भुत्त भोगी तओ पच्छा जिण मग्गं चरिरसामो !

હે રાજમતી ! તું આ યુવાનવયમાં મળેલ સુખભોગ ભોગવી લે પછી આપણે બંને જિનેશ્વરના માર્ગે જઈશું. આ શબ્દો સાંભળતા રાજમતીનું ક્ષત્રિય લોહી ઉકળી ઉઠયું ને સિંહણની માફક ગર્જના કરતાં રાજમતી કહે છે

धिरत्थु तेऽजसोकामी, जो तं जीविय कारणा।
वंतं इच्छसि आवेउं सेयं ते मरणं भवे।।

રાજમતી રહનેમિને કહે છે કે ધિક્કાર છે તમારા જીવનને ! જો સાધુવેશમાં આવા ભાવ જાગતા હોય તો તમારા માટે મૃત્યુ વધારે શ્રેષ્ઠ છે.

રાજમતીના આવા કઠોર ને નિર્વિકારી શબ્દોથી માર્ગ ભુલેલ રહનેમિ સાચા માર્ગે આવ્યા ને સ્થિર થયા.

ચેતનસ્વામી પણ સાવ ભોળિયા છે. તે પણ જેને તેને રવાડે ચડી જાય તેવા છે. માટે હે સમતા ! તું તેને સમજાવી મારી પાસે મોકલ. ભોગ તૃષા, ચેતનને ભૂલાવામાં નાખી દેશે. યુક્તિ–પ્રયુક્તિ કરવામાં તે બાહોશ છે. ચેતન, આવી અધમ સ્ત્રીઓ સાથે ભટકયા કરે છે અને અમે બેઠાં બેઠાં જોયા કરીએ ને મનમાં ને મનમાં બળ્યા કરીએ, આવું ક્યાં સુધી ચાલશે ?

હે આનંદઘન, ચેતન, સ્વામી ! આપ હવે મોહિનીની માયાજાળ તોડી નાંખો. મારા હૃદયમાં આપના પરોક્ષપણાથી વિયોગરૂપ દાહ ઉત્પન્ન થયો છે. તેની શાંતિ માટે પુષ્કરાવર્તના મેઘસમાન આપનું દર્શન આપો. કે જેથી મારા હૃદયનો દાહ શાંત થાય અને આનંદની છાયા છવાઈ જાય.

આ પદમાં શુદ્ધચેતનાની અંતરવેદના વ્યક્ત થાય છે. કવિએ આ પદમાં બે મુખ્ય કાર્ય કર્યાં છે. ચેતનની ભોગતૃષા અને શુદ્ધચેતનાની ફરિયાદ ચેતનને ઉપદેશ દેવામાં આવ્યો છે કે ત્યાગ અને વૈરાગ્યથી આનંદધામની પ્રાપ્તિ થાય છે.

વિષયવાસનાથી વાસિત મન નથી શાંતિ લેતું કે નથી શાંતિ લેવા દેતું. શુદ્ધચેતના આનંદઘન પ્રભુને વિનંતી કરે છે કે અમને અમારા પ્રભુનો સુયોગ ગોઠવી આપો, કહ્યું છે,

"સાચો સંગમ પ્રભુ સાથે હજુએ ના થયો,
એ દિશામાં રેલો મારો, હજુએ ના ગયો.

શુદ્ધચેતનાને શુદ્ધ ચેતનનો સંગમ આજ સુધી થયો નથી. ચેતન





સ્વામી જાગશે ત્યારે ચેતનાની સર્વ ઉપાધિઓ ભાગશે. ચેતન જ્યારે શુદ્ધચારિત્રનો આરાધક બનશે ત્યારે વાસનારૂપી વેલી ભસ્મ બની જશે. એવી અલૌકિક ભાવના આ પદમાં વર્ણવવામાં આવી છે. સાધનાના પ્રશસ્ત માર્ગે આત્મપરિણતિનું પરિણમન થતાં આત્મિક વિકાસક્રમ થાય છે. પરિણામે તે ત્યાગમાર્ગે આગળ વધે છે. એવી ઉદાત્ત ભાવના આ પદમાં છે. આ પદમાં યુદ્ધનું રૂપક પ્રયોજીને મોહરાજા પોતાના લશ્કર વડે આત્મા ઉપર કેવું ભયંકર આક્રમણ કરે છે તેનું સચોટ બયાન આપ્યું છે.

## પદ-૪૦

"મીઠો લાગે કંતડો ને"

વ્યાપકવિશ્વમાં વિધવિધ પ્રકારની શક્તિઓ છે. દરેક શક્તિ પોતાના ક્ષેત્રમાં રહી કામ કરે છે તેમ એકબીજા પ્રાણીઓ પોતાની ઈચ્છા વ્યક્ત કરી શકે તથા સંવેદના દર્શાવી શકે તેવી શક્તિ છે તે છે શબ્દ.

વૈયાકરણોએ ત્રણ પ્રકારની શબ્દ શક્તિ બતાવી છે.

( ૧ ) અભિધા ( ૨ ) લક્ષણા અને ( ૩ ) વ્યંજના.

સાંસારિક સંબંધોમાં પતિ-પત્નીનો સંબંધ અનોખો છે. એના પાયામાં પ્રેમ રહેલો છે. આધ્યાત્મિક જગતમાં ચેતન અને ચેતનાનો સંબંધ પ્રિયતમ અને પ્રિયતમા જેવો છે.

સ્થૂલ દામ્પત્યપ્રેમ સંબંધમાંથી સૂક્ષ્મ આત્મચેતનાના વિકાસ સુધી પહોંચવાનું છે. સ્થૂલસાંસારિક સંબંધની વાત કરીએ તો આખો સંસાર એના વડે જ ચાલે છે. રામ કે કૃષ્ણ, આદિનાથ કે શંકર બધાના જીવનમાં પત્નીનો યોગ હતો પરંતુ એ યોગે અંતે તેઓને આત્મભાવમાં સંયોજી દીધા. મુનષ્ય હો યા પશુ-પક્ષી, દેવ હો યા ઈન્દ્ર દરેકના જીવનમાં આવાયોગ સંયોગ છે. પત્નીને મન પોતાના પતિથી કશું જ વિશેષ નથી. પતિ વિયોગે સબળા લાગતી સ્ત્રી અબળા બની જાય છે. પતિ-પત્નીના સંબંધો જેવાં સંબંધ અન્ય જીવો સાથે હોઈ શકે નહીં. ચેતના તથા ચેતનનો પણ આવો જ સંબંધ છે. 'આશાવરી' રાગમાં કવિ આ ચાલીસમા પદમાં કહે છે,

મીઠો લાગે કંતડો ને ખાટો લાગે લોક,
કંત વિહુણી ગોઠડી તે, તે રણમાંહિ પોક... મીઠડો...।। ૧।।

આર્યસન્નારીનું ખાસ લક્ષણ છે કે પતિ જ તેને માટે પરમેશ્વર સમાન છે. એ જ તેના પ્રભુ છે. તેથી પતિ તેને મીઠો, મધુરો જ લાગે છે અને જગતનાં અન્ય પ્રાણીઓ ખારા લાગે છે.

કવિએ આ પદમાં લોક શબ્દ મૂક્યો છે. જૈનદૃષ્ટિએ લોક એટલે છ દ્રવ્યનું જ્યાં અસ્તિત્વ હોય તે લોક. સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે કે 'एगे लोए' –લોક એક છે. જેટલા આકાશમાં જીવાદિ દ્રવ્યો રહી શકે છે તેને લોક





કહેવાય છે.

પંચાસ્તિકાયમાં કહ્યું છે,

समवाओ पंचणहं समउत्ति जिणुचमेंहि पण्णतं।
सो चेव हवदि लोओ, तत्तो अभिओ अलोओ एवं।।

પંચાસ્તિકાયનો સમૂહ તે સમય છે. આ રીતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે અને જ્યાં પંચાસ્તિકાયનો સમૂહ છે તે લોક છે. જ્યાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્‌ગલાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યોનું અસ્તિત્વ હોય, જ્યાં ચાર ગતિ, પાંચ જાતિ, સિદ્ધ અને સંસારી અવસ્થાઓ હોય તેને લોક કહેવાય છે.

આ લોકમાં પાંચ અજીવ અને એક જીવ વગેરે પદાર્થો છે. તેમાંથી શુદ્ધચેતનાને ચેતનદ્રવ્ય સિવાય બીજા એક પણ ગમતા નથી કારણ કે હવે તેનું મન તે બધાથી ખાટું થઈ ગયું છે. એક વાત તો નિર્વિવાદ છે કે જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ તો હોય જ છે પણ ચેતનનો મૂળ સ્વભાવ રાગ-દ્વેષ રહિતની દશા વીતરાગ અવસ્થા. આ વીતરાગભાવમાં સ્થિર થવું એ જ સંસારની ચરમસીમા છે એટલે શુદ્ધ ચેતનાને ચેતન પ્રત્યે પ્રેમ છે. તેથી અન્ય લોકો તેને ખાટા લાગે તે સ્વાભાવિક છે.

વળી સ્ત્રીનો સ્વભાવ છે કે પોતાને જે વાત કરવી હોય તે પતિને જ કરે. પતિને વાત કરવામાં જેટલો આનંદ અનુભવે છે તેવો આનંદ અન્ય સાથે થતો નથી. તેથી કવિ કહે છે કે અન્ય સાથે વાત કરવી એ તો અરણ્યમાં રુદન કરવા જેવું છે. ત્યાં રુદન કોણ સાંભળે ? કોણ આશ્વાસન આપે ? તેથી પતિ સાથે વાત કરતાં આનંદરસ ફેલાય ને મનની બધી ભાંજગડ ભાંગી જાય છે. વળી મનનાં બધાં મનોરથો પૂર્ણ થાય છે. તેથી જ ચેતનાને ચેતન સાથે વાત કરવી અધિક પ્રિય લાગે છે. માટે જ ચેતના કહે છે કે મને મારા સ્વામી સિવાય બીજા શેમાંય રસ નથી. તેના વિના ક્યાંય ગમતું નથી.

કવિએ આ પદમાં ઘણી ગૂઢ વાત કરી છે. જેમાં ચૈતન્ય લક્ષણ હોય તે ચેતન. જે સર્વ દ્રવ્યોથી જુદો છે. પ્રત્યેક દ્રવ્ય સ્વ સ્વરૂપે સ્વતંત્ર છે. કોઈ કોઈનો અંશ નથી એ પ્રત્યેક આત્મવાદ છે. દરેક શરીરે પૃથક્ પૃથક્ આત્મા છે. કોઈ સર્વ વ્યાપી આત્માનો અંશ નથી પણ પ્રત્યેક વ્યકિત છે.

સિદ્ધાવસ્થામાં પણ પ્રત્યેક આત્માનું ભિન્નત્વ પૃથક્-પૃથક્ અવગાહનરૂપે સ્પષ્ટ વ્યક્ત અને ભિન્ન રહે છે. આ પૃથક્ આત્મવાદ છે. પૃથક આત્મવાદરૂપ પતિ મને અતિ પ્રિય છે. બીજાં દર્શનોમાં આત્મા સંબંધી વાતો મને ઈષ્ટ લાગતી નથી. આ રીતે શુદ્ર ચેતના કહે છે.

આત્મા વિષે સર્વ દર્શનકારોની ભિન્ન-ભિન્ન માન્યતા વર્તે છે. વિશ્વમાં ષટ્દર્શન બતાવ્યાં છે તે બધાં તત્ત્વોથી જુદા પડે છે. જૈનદર્શનનાં પ્રણેતા સર્વજ્ઞ પરમાત્મા આત્માને નિત્યાનિત્ય કહે છે. જગતના સર્વ દ્રવ્યોથી ભિન્ન તથા જ્ઞાતા-દૃષ્ટાભાવ જેનો અસાધારણ ગુણ છે. જેનો કદી પણ લય થતો નથી. એવા ગુણયુક્ત આત્મા પ્રત્યેક શરીરે દેહ પ્રમાણ છે તથા સ્વતંત્ર છે. તે કોઈનો અંશ કે અંશી નથી. ગુણ અને પર્યાયથી યુક્ત એ આત્મ દ્રવ્ય છે. પર્યાયમાં ક્ષણે-ક્ષણે પરિવર્તન થતું હોવાથી તે અનિત્ય છે અને મૂળજીવ દ્રવ્યમાં કદી પણ ત્રણ કાળમાં પરિવર્તન થતું નથી માટે આત્માને નિત્ય કહ્યો છે. સર્વકર્મમળ દૂર કરી મોક્ષમાં જાય ત્યારે પણ તેનું અસ્તિત્વ સુસ્પષ્ટ જ રહે છે. એક વખત કર્મમળ દૂર થયા પછી ફરીવાર તેને કર્મ લાગતા નથી. એટલે મોક્ષમાં ગયા પછી ચેતનનું પુનઃ અવતરણ થતું નથી. કર્મને કારણે ચાર ગતિરૂપ સંસારમાં આત્મા પરિભ્રમણ કરે છે તથા પાંચ જાતિનાં વિધવિધ શરીરધારી બની જીવ વિચિત્ર અવસ્થાઓ ધારણ કરે છે. મોક્ષમાં સર્વ સિધ્ધો સમાન છે. જેમ અનંત સિદ્ધો સિદ્ધ-બુદ્ધ-મુક્ત અને નિર્વિકારી છે તેમ આ શરીરમાં વસનારો આત્માપણ એવો જ છે. છતાં પણ એક કર્મ સંયોગી છે તો બીજો કર્મ વિજો છે. એક કવિ કહે છે,

तेरे में तन्मय होकर, तेरा दर्शन होता है।
तुं विमल समल बस मैं हूँ यह अंतर मिटादोजी।।

મલિનતા અને વિમલતાનો ભેદ કર્મને કારણે છે. એક શરીરનાં બંધનમાં છે તો બીજો શરીર રહિત અવસ્થામાં છે. આ રીતે આત્માની નિત્યાનિત્યતા પ્રગટ છે. ઈશ્વર એક અંશ છે અને આત્મા તેનો અંશી છે. આ વાતનો સ્વીકાર જૈનદર્શન કરતું નથી. આત્મા જગતવ્યાપી નથી પણ દેહવ્યાપી છે. તે આ શરીરમાં ક્ષીર-નીરની માફક રહેવા છતાં દેહથી જુદો છે. જેમ માનવ મૃત્યુ પામે છે ત્યારે ચેતન ચાલ્યો જાય છે અને દેહ પડયો





રહે છે. જેમકે ગરમ કરેલ લોખંડ અગ્નિમાંથી કાઢયા પછી ધીરે-ધીરે અગ્નિ નીકળી જાય છે ને લોખંડ રહી જાય છે તે રીતે દેહ તથા દેહીનો સંબંધ છે.

આત્માને જીવ શબ્દથી પણ સંબોધવામાં આવે છે. પણ જીવ-તત્ત્વમાં જીવના પાંચસોત્રેસઠ ભેદ બતાવ્યા છે. તે કર્મ સાપેક્ષ છે. કવિ આનંદઘનજીએ આ પ્રથમ કડીમાં પ્રિયતમ-પ્રિયતમાનું રૂપક પ્રયોજયું છે. તે જૈનદર્શનની દૃષ્ટિએ છે. આ રૂપક અન્ય દર્શનોની દૃષ્ટિએ ઘટાવવામાં આવે તો વિધ્નો આવવાનો સંભવ છે. અન્ય દર્શનોના મત કેવા છે તે જાણવાથી આ વાત વધારે સ્પષ્ટ થશે.

વેદાંતદર્શન એકેશ્વરવાદી છે. તે ઈશ્વરના અંશને માને છે. સર્વ જીવો તેનાં અંશી છે. જેમ સૂર્ય એક છે પણ તેનાં સહસ્ત્ર કિરણો જુદાં-જુદાં છે. સૂર્ય વગર કિરણો સંભવી શકે નહીં એ રીતે ઈશ્વર વિના જીવનું અસ્તિત્વ નથી. સૃષ્ટિનો ઈશ્વર કરતા માનનારા દર્શનકારો ઈશ્વરને સર્વ શક્તિમાન ગણે છે. સૃષ્ટિના કર્તા, ધર્તા અને નિયામક પરમાત્માને માનવામાં આવે છે તથા સૃષ્ટિનો તમામ આધાર ઈશ્વર પર જ છે. એ જ બ્રહ્મા, વિધાતા અને પરમ પિતાના નામોથી ઓળખાય છે. પૃથ્વી પર જ્યારે ધર્મની ગ્લનિ થાય છે ત્યારે ઈશ્વર અવતાર ધારણ કરે છે અને દુષ્ટોનો નાશ કરે છે અને સૃષ્ટિનું સંરક્ષણ કરે છે. આમ તેઓ ઈશ્વરને પ્રધાનતા આપે છે. જેને વેદાંત માયા કહે છે તેને જૈનદર્શન કર્મ કહે છે. આત્મશક્તિ પાસે કર્મશક્તિ નહિવત છે. સર્વશ્રેષ્ઠશક્તિ આત્મામાં છે. ભારતીય પરંપરામાં સાંખ્ય, વૈશેષિક, નૈયાયિક, મીમાંસક, ચાર્વાક, બૌદ્ધ ઇત્યાદિ દર્શનોની આત્મા વિષેની માન્યતા ભિન્ન-ભિન્ન પ્રકારની છે.

ઉપનિષદમાં આત્મા વિષે કહ્યું છે,

अजो नित्यः शाश्वतोऽपुराणो।
न हन्यते हन्यमाने शरीरे।।

શ્રી ભગવત્ ગીતામાં કહ્યું છે કે

नैनं छिदन्ति शस्त्राणि, नैनं दहति पावकः।
न चैनं कलेदयन्त्यापो न शोषयति मारुतः।।

આત્માને શસ્ત્ર કાપી શકતું નથી. અગ્નિ બાળી શકતી નથી, પાણી

ડૂબાડી શકતું નથી તો પવન સૂકવી શકતો નથી. તેથી સાચો ધર્માત્મા આત્માને શરીરથી ભિન્ન અજર અમર અવિનાશી માને છે. જગતના દરેક ધર્મ આત્માનો સ્વીકાર કરે છે.

કવિ કહે છે કે ચેતનાને ચેતનને મળવાની તડપ લાગી છે. તે કહે છે કે મને તો મારા સ્વામીમાં રસ છે. તેનાં સિવાય કોઈ સ્થાને મારું હૃદય રમતું નથી તેથી શુદ્ધ ચેતના કહે છે,

कंतडा में कामण, लोकडामें शोक।
एक ठामे किम रहे, दूध कांजी थोक...मीठडो।।२।।

મારા પતિમાં એવું કામણ છે કે એક વખત તેની સાથે દૃષ્ટિ મિલાવ્યા પછી બીજે ક્યાંય ગમતું નથી. બસ પછી તો તેમાંજ લીન થઈ જવાય છે ને આનંદની છાયા છવાઈ જાય છે. આ ચામડાની જીભે તેનું વર્ણન શું કરું ?

પતિનાં ચરણોમાં જે આનંદ અનુભવાય છે તે અન્યત્ર નથી. દુનિયામાં જ્યાં જોઉં છું ત્યાં દરેક સ્થાને શોકની ઘેરી વાદળી ફરી વળી છે. ઇષ્ટ વિયોગે શોક અને અનિષ્ટ સંયોગે શોક છે. આવા અશુભ સંયોગ વિયોગમાં શોક મગ્ન થઈ જવાય છે, તેથી આવી દુનિયાથી દૂર રહીને મારે આત્મસ્વામીની સેવામાં તત્પર બની તેમાં જ ઐકયતા અનુભવવી છે. પણ સ્વામીની સેવા અને દુનિયાના પ્રપંચો આ બંને કાર્ય એક સાથે થઈ શકે નહીં. જેમ દૂધ અને છાશ એક સાથે રહી શકે નહિ. દૂધમાં છાશનું ટીપું પડી જાય તો દૂધ બગડી જાય. તેવી રીતે આત્મસ્વામીની સેવા કરતાં-કરતાં જો દુનિયાનાં કાર્યો કરીએ તો સેવાધર્મમાં વિકૃતિ પેદા થાય. તેથી આત્મસ્વામી જ આ જગતમાં મારે માટે એક જ છે. જેમ હજારોનાં ટોળામાં પણ સ્ત્રી પોતાનાં પતિને ઓળખી લે છે તથા તેને જ જોયા કરે છે એ રીતે વિધ-વિધ સ્થાનોમાં ફરતા અને વેશ ભજવતાં ચેતનને ચેતના ઓળખી લે છે ને વારંવાર જોયા કરે છે. પણ ચેતન હજુ ચેતના સામુ જોતો નથી માટે જ ચેતનાની વ્યાકુળતા વધતી જાય છે.

પ્રત્યેક આત્મવાદમાં કામણ છે. જેમ કોઈ સ્ત્રીએ પતિ પર કામણ કર્યું ન હોય તેવી રીતે ચેતના પણ કહે છે કે ચેતન પતિમાં કામણ છે. તેથી મને તેના પર અત્યંત રાગભાવ વર્તે છે. શુદ્ધ ચેતના તેની સ્વયંની દશા





વ્યક્ત કરતાં કહે છે,

कंत विण चो गति, आणु मानुं फोक।
उघराणी सिरड किरड, नाणुं खरुं रोक...मीठडो।। ३।।

પતિવ્રતાસ્ત્રી પતિની ગેરહાજરીમાં ગમે ત્યાં ગમનાગમન કરે તે યોગ્ય ન ગણાય. પતિ ઉઘરાણી પાથરીને ગયો હોય તો વિધવાસ્ત્રી ઉઘરાણી પતાવી શકતી નથી. કારણ કે કોઈ પૈસા આપતું નથી. ફોગટ ધક્કા ખવરાવે અને ઉઘરાણી સૂઈ જાય. તેનાં કરતાં કવિ કહે છે કે "नाणुं खरुं रोक" રોકડું નાણું સારું. જ્યારે જરૂર પડે ત્યારે વાપરી તો શકાય. તેમ ચેતના કહે છે કે આત્મસ્વામીની જ્યાં સુધી પ્રપ્તિ ન થાય ત્યાં સુધી ચારે ય ગતિમાં ધકકા ખાવાના છે. પર દ્રવ્ય પાસે સુખની આકાંક્ષા ખોટી છે. હે દેવ ! મને મારી મૂડી મળી જાય પછી ક્યાંય ઉઘરાણી કરવાની જરૂર નથી.

ધર્મની મોટી-મોટી વાતો કરવાથી આત્મધનની પ્રાપ્તિ થતી નથી. એ તો કથની કથે સહુ કોઈ, રહેણી અતિ દુર્લભ હોય.

જબ રહેણીકા ઘર પાવે, તબ કથની લેખે આવે.

ધર્મકથની કરનારા આ દુનિયામાં ઘણાં છે. પણ કથની અનુસાર કરણી કરનારા મળવા દુર્લભ છે. મોક્ષની, શુદ્ધાત્માની, શુદ્ધભાવની તથા શુભાશુભભાવ કર્મ બંધરૂપ છે. તે ભાવ હેય છે. તેવું કહેનારા ઘણાં છે પણ શુદ્ધાત્માને પામનારા, શુદ્ધભાવમાં સ્થિર થનારા તથા અશુભભાવને છોડનારા વિરલાત્મા કોઈક જ હોય છે. જો કથન-કરણી એક ન હોય તો તે પોપટિયું જ્ઞાન કહી શકાય. દવાની વાતો કરવા માત્રથી દેહનું દર્દ ચાલ્યું જતું નથી પણ દવાનું સેવન કરવાથી દર્દ દૂર થાય છે. શ્રી બુદ્ધિસાગરજી મહારાજ કહે છે,

કહણી તો જગત મજૂરી, રહણી હે બાંધી હજુરી,
કહણી સાકર સમ મીઠી, રહણી અતિ લાગે અનિઠી...

કથની કરવી એ તો દુનિયાની મજૂરી સમાન છે. તે સાકર જેવી મીઠી તો લાગે છે પણ કહેવા પ્રમાણે કરવું તે અતિ કઠિન છે.

શુષ્કજ્ઞાની બની, વાતો કરી, જન સમુદાયને મનોરંજન કરાવી શકાય, પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ પ્રબળ પુરુષાર્થ વિના શક્ય નથી. તેના

માટે સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન, મનન અતિ જરૂરી છે અને એ જ રોકડું નાણું છે અને વિષયસુખની ભોગેચ્છા તે ઉઘરાણી છે. આત્માનાં સહજ સુખને પ્રાપ્ત કરવા જ્ઞાનધ્યાનમાં રમણતા કરવી એ રોકડો ધર્મ છે. આત્મા જ સર્વ સંસારનું મૂળ છે તો મોક્ષનો માલિક પણ આત્મા જ છે. ધર્મવિહોણો આત્મા ચારેય ગતિમાં પરિભ્રમણ કરે છે. ચાર્વાકો તો આત્મા જેવી વસ્તુને માનતા જ નથી. ત્યારે કોઈ ઈશ્વરવાદીઓ એમ પણ કહે છે કે આપણું ધાર્યું કાંઈ થતું નથી, ધણીએ ધાર્યું હશે તેમ થશે. હજાર હાથવાળો જેમ રાખશે તેમ રહેશું એટલે હજાર હાથવાળા આગળ લાગવગ લગાડી ભૌતિક સુખની તથા મોક્ષની ઉઘરાણી કરી યાચના કરે છે ને કહે છે,

**એ અર્થી હું અર્થ સમર્પક, એમ મત કરજો હાંસું.**
**પ્રગટ ન હતું તુમને પણ પહેલા, એ હાસાનું પાસું... પ્યારા**

ભક્ત ભગવાન પાસે યાચના કરે છે પણ આ રીતે ઉઘરાણી કરવી તે ઘણી કપરી છે. વળી ઉઘરાણી શેની થાય ? આપણે જો તેને કાંઈ આપ્યું હોય તો તેની ઉઘરાણી થાય. આપણે ઈશ્વરને કાંઈ આપતા નથી ને ઉઘરાણી કરવી છે. આ અસત્ વ્યવહાર છે. વળી તે દેવા માટે બંધાયેલ નથી. આપવું કે ન આપવું એ તો તેની મરજીની વાત છે. જે તારી પોતાની ચીજ છે તેના પર જ તારો હકક છે તે તને તારી પાસેથી જ મળશે. પોતાની વસ્તુનો ઈચ્છીએ ત્યારે ઉપયોગ કરી શકીએ. તેમ આત્મધન આપણું છે. તેના પર આપણો પૂર્ણ અધિકાર છે. તે ધનને પ્રગટ કરવાનું છે. સત્ પુરષાર્થ દ્વારા તેની પ્રાપ્તિ સહજ થાય છે. કર્મનો વિલય થતાં સચ્ચિદાનંદ પ્રગટ થશે. પણ જે પાસે જ છે તેની ઓળખાણ પણ નથી. ચેતનનાં અનંતજ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સ્વરૂપ ધન પડયું જ છે તેને પ્રાપ્ત કરી આનંદ લૂંટવાનો છે.

કવિશ્રી ચોથી કડીમાં કહે છે,

कंत विण मती माहरी अवाहडानी बोक,
धोक धुं आनंदघन, अवर ने टोक...मीठडो...।।४।।

ચેતના કહે છે કે હે સખી ! પતિ વિના મારી બુદ્ધિ તો સાવ બહેર મારી ગઈ છે. જાણે કે મતિ કાંઈ કામ કરતી જ નથી. મારું મગજ ખાલી ખાલી લાગે છે. બુદ્ધિ તો જાણે હવાડાનો ખાળિયો જોઈ લ્યો. નાના





ગામોમાં ઢોરને પાણી પાવા માટે હવાડા બનાવવામાં આવે છે અને તે હવાડામાં પાણી આવવા જવા માટે એક ખાળિયો હોય છે. હવાડામાં કૂવાનું પાણી ભરવામાં આવે છે અને ક્યારેક હવાડામાં પાણી ખૂટી જાય પણ ખાળિયામાં થોડું પાણી રહી જાય છે તેમ મારી બુદ્ધિ પણ ટૂંકી થઈ ગઈ છે. બોકનો એક અર્થ ચામડાની બોખ થાય છે જેના વડે કૂવામાંથી પાણી કાઢવામાં આવે છે.

આત્મસ્વરૂપની જેનાથી પ્રાપ્તિ થાય એવા અનુભવજ્ઞાન વિનાની મતિ તે હવાડાની બોક સમાન જ છે. આત્માનું પ્રત્યક્ષ દર્શન થતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. જે જ્ઞાનમાં લોકાલોકનું સ્વરૂપ એક સમય માત્રમાં ભાસે છે. બધાં દ્રવ્યો તથા તેની પર્યાયો એક સમય માત્રમાં કેવળજ્ઞાનમાં પ્રતિભાસે છે. ક્ષાયિકજ્ઞાન તે કેવળજ્ઞાન, બીજા ચાર જ્ઞાન ક્ષયોપશમભાવી છે. જે બુદ્ધિમાં આત્મજ્ઞાન આવ્યું નથી તે બુદ્ધિ હવાડાની બોક જેવી છે. શ્રુતરૂપ બુદ્ધિનો પાર આવતો નથી. શાસ્ત્રમાં જેટલું જ્ઞાન છે તેટલું જ્ઞાન જેને હોય તેને શ્રુતકેવળી કહેવાય છે. કેવળજ્ઞાની જેટલું જ તેનું જ્ઞાન હોય પણ શ્રુતના આધારે છે. ક્ષયોપશમભાવી જ્ઞાન છે. શ્રુતજ્ઞાન સાધન છે તો કેવળજ્ઞાન સાધ્ય છે. આવું શ્રુતજ્ઞાન જ્યારે અનુભવયુક્ત હોય છે ત્યારે અનંતજ્ઞાન સાગર કહેવાય છે. જેમ પાતાળ કૂવાનું પાણી ખૂટતું નથી તેમ આ જ્ઞાનનો પાર આવતો નથી. આ જ્ઞાન દિન–પ્રતિદિન વૃધ્ધિ પામતું રહે છે. કહ્યું છે,

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरण गुणा।
अगुणिस्स नत्थि मोकखो, नत्थि अमोकखस्स निव्वाणं।।

સમ્યગ્દર્શન વિના નવપૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. દર્શન વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના ચારિત્ર ન હોય ને ચારિત્ર વિના મોક્ષ નથી. તેથી સત્યાનુભૂતિરૂપ શ્રધ્ધા પ્રગટ કરવા ચેતના તેની સખીને કહે છે કે મને મારા સ્વામી વિના ક્યાંય ચેન પડતું નથી. મારી મતિ મૂંઝાઈ ગઈ છે. પતિ વિના બધું મને અહિતકર, દુઃખકર તથા ઉપાધિરૂપ લાગે છે, માટે બધાને છોડી એક આત્મામાં રમણ કરવા ઈચ્છા રહે છે. તેમાં જ મારું હિત તેમજ શ્રેય છે. તેમાં જ મારો અનંત સુખ–સાગર લહેરાતો અનુભવાય છે. એટલે એને જ પોકાર કરી–કરીને કહું છું કે હે નાથ ! મારા મંદિરે

પધારો. મારી હૃદયગુફામાં પધારો.

કવિએ આ પદમાં તો ગાગરમાં સાગર સમાવી દીધો છે. બિન્દુમાં સિન્ધુ ભરી દીધો છે. દરેક દર્શનનું મૂળ આ પદમાં જણાય છે. આ પદ આત્મતત્ત્વ પામવા પ્રબળ પ્રેરણારૂપ છે. આત્મા એવો કામણગારો છે કે બધાં ધર્મ તથા દર્શનોની દૃષ્ટિ તેના ઉપર છે. દરેક વ્યકિત આત્માને પામવા જુદા-જુદા માર્ગોનો આશ્રય લે, પણ દરેકનું લક્ષ્ય એક છે. સત્યમાર્ગના આશ્રય વિના જીવ કાંઈ મેળવી શકતો નથી પણ અનંત સંસાર પરિભ્રમણ વધે છે.

આ પદમાં કવિશ્રી આનંદઘનજીએ વાસ્તવિક જગતનાં વહેવારુ દૃષ્ટાંતો આપીને ચેતનાની પોતાના સ્વામી, ચેતનને પ્રાપ્ત કરવાની લગની તત્ત્વદર્શનયુક્ત કવિત્વમય શૈલીએ રજૂ કરી છે. જેની અસર ભાવકના ચિત્ર ઉપર સચોટ થાય છે.





## પદ-૪૧

"પીયા બિન શુદ્ધ બુદ્ધ ભલિ હો"

મોક્ષમાર્ગના સત્ય સાધક જ્ઞાનયોગી શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં ચેતનચેતનાની વર્તમાન દશાનું આલેખન કર્યું છે. તેઓશ્રીએ આર્ય સન્નારીના ધર્મનો ઉપદેશ આપી અધ્યાત્મમાર્ગ દર્શાવ્યો છે. જેમ મા પોતાના બાળકને ફોસલાવી રમાડતાં-રમાડતાં જમાડે છે તથા રસિકવાર્તાઓ દ્વારા બીજારોપણ કરી સંસ્કારનું સિંચન કરે છે.

કવિશ્રી આનંદઘનજી ચેતનના સ્વભાવની ચર્ચા કરતા જાય છે ને વર્તમાનમાં ચેતના કેવાં-કેવાં દુઃખો ભોગવે છે તે વ્યાવહારિક દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે.

'વેરાવલ અથવા મારુ રાગ' માં આ પદની શરૂઆત કરતા કવિ કહે છે,

पीया बिन सुध्ध बुध्ध भूलि हो,
आंख लगाई दुःख महेल के
जरुखे झुली हो...पीया...।।१।।

શુદ્ધ ચેતના, સખી શ્રદ્ધાને કહે છે કે હે શ્રદ્ધા ! આ જગતમાં પતિ વિના સ્ત્રીની કેવી દશા થાય છે તે તું ક્યાં નથી જાણતી ? સ્ત્રીને મન પતિ પરમેશ્વર છે. તેનાં જીવનના તે શ્વાસ અને પ્રાણ છે. આવા મારા નાથ જ્યારે મને મૂકીને બહાર રખડતા થઈ જાય ત્યારે મારા હૃદયની શી દશા હોય તેનો તું જ વિચાર કર. મારા નાથ વિના હું આજે ભાનસાન ભૂલી ગઈ છું. મને મારો પણ ખ્યાલ રહેતો નથી. હું શ્વાસ લઉં છું કે નહીં તેનું પણ મને ભાન નથી. નળરાજા દમયંતીને ભયંકર અટવીમાં એકલી મૂકીને ચાલ્યા જાય છે પણ દમયંતી જેવી જાગૃત થાય છે ને પતિ નજરે ન પડતાં પતિવિરહે બેબાકળી બની ઓ નળ ઓ નળની બૂમો લગાવે છે, ને ચારે બાજુ ખુલ્લે પગે દોડધામ કરે છે. ખુલ્લાં પગમાં કાંટાને કાંકરા વાગે છે. પગમાંથી લોહીની ધાર વહે છે તો પણ તેને ભાન નથી કે પોતાનાં પગમાં શું થઈ રહ્યું છે. રડે છે ! આક્રંદ કરે છે ! મૂર્ચ્છા આવે છે તે બેભાન બની

પડી જાય છે. આવી રીતે એક સતી દમયંતીની સ્થિતિ થઈ તો ચેતનાની દશા કેવી હશે ? ચેતના કહે છે કે ચેતનના વિરહે હું દુઃખ મહેલના ઝરૂખે બેઠી–બેઠી રાહ જોઉં છું. જ્ઞાન, ભક્તિ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે અનેક રસ્તાઓ છે, તે ક્યાંથી આવશે એ જ હું જોઈ રહી છું. તેના વિયોગમાં મેં મારી શુદ્ધિ ખોઈ નાંખી છે. કૃષ્ણ વ્રજભૂમિ છોડી જ્યારે મથુરા ચાલ્યા જાય છે ત્યારે પાછળથી ગોપીઓની જે દશા થાય છે તેવી દશા ચેતના, ચેતન વિયોગે ભોગવી રહી છે.

વિરહવ્યથાથી પીડિત ગોપીઓની દશા દયનીય છે. ચેતના પણ પોતાની સખીઓને ચેતનના વિયોગની વાતો કરે છે. ગોપીઓ કૃષ્ણ પાછળ કેટલી ઘેલી હતી ! ગોરસ વેચવા નીકળેલી કૃષ્ણઘેલી ગોપી કોઈ ગોરસ લ્યો, કોઈ ગોરસ લ્યો... ગોરસ લ્યો એમ બોલવાને બદલે કોઈ માધવ લ્યો, માધવ લ્યો એમ બોલવા લાગે છે. ચેતના પણ ચેતનની જ રાહ જોતી બેઠી છે. જુઓ વિયોગીની મીરાંના શબ્દો...

ધાન ન ભાવૈં, નીંદ ન આવે, વિરહ સતાવૈ સોય,
ઘાયલ સી ઘૂમત ફિરૂં રે, મેરો દરદ ન જાણૈ કોય,
પંથ નિહારૂં ડગર બહારૂં, ઊભી મારગ જોય,
મીરાં કે પ્રભુ કબરે મિલોગે, તુમ મિલિયા સુખ હોય...

ચેતને અનાદિના અજ્ઞાનને લીધે આત્મ સ્વરૂપને સમજવાની શક્તિ ગુમાવી દીધી છે.

ચેતના ! શ્રદ્ધા સાહેલીને કહે છે કે અશુદ્ધ ઉપયોગી એવા ચેતનરામને મળવું કે નહિ ? તે પણ હું ભૂલી ગઈ છું. શુદ્ધોપયોગી આત્માના વિયોગે અને અશુદ્ધોપયોગી આત્માના સંયોગે હું તો સુબુદ્ધિ મટી, કુબુદ્ધિરૂપ થઇ ગઈ છું. અશુદ્ધોપયોગી આત્માને સ્ત્રીપણે મળીને પછી તેના વિદેશગમનરૂપ વિયોગ, વિદેશગમન તે પર પરિણતિમાં રમણ, તેનું ચિંતનમનન રૂપ ઝરૂખો જે આવવા–જવારૂપ છે. અશુદ્ધ ઉપયોગમાં પ્રવર્તનરૂપ તે અશ્રુપાન. ઝુલી એટલે નાહાઈ. પર પરિણતિરમણ અને અશુદ્ધ ઉપયોગમાં પ્રવર્તનમાં જાણે હું નહાઈ હોઉં તેવું લાગે છે. સુબુદ્ધિને રોવાનું કારણ છે કે ચેતનજી પરમાં લપટાઇ ગયો છે કે જાણે સુમતિ પણ તેમાં તરબોળ થઈ ગઈ છે.

સુમતિ અશુદ્ધ પરિણતિમાં ચેતન સાથે એવી તદાકાર થઈ ગઈ છે





કે જાણે તેનું સ્વરૂપ પણ તેવું હોય. જેમ દર્પણમાં દેખાતો ધોધમાર વરસાદ. તે તેનું પ્રતિબિંબ છે તેમ સુમતિમાં પતિનું પ્રતિબિંબ પડે છે. વાસનાવિકારથી બૂરી હાલત ભોગવતો ચેતન દુઃખી થાય છે ત્યારે સુમતિ પણ દુઃખી દેખાય છે કારણ કે સુમતિ ચેતન સાથે તદ્રુપ છે. સુમતિ સ્વભાવે તો શુદ્ધ જ રહે છે. પણ કવિએ પતિ સાથે તેનો એકાકાર બતાવવા દુઃખ મહેલના ઝરૂખાની કલ્પના કરી છે. વાસ્તવમાં ચેતન પરપરિણતિમાં તરબોળ થઈ ગયો છે. જેમ કહેવાય છે કે સતી એ જ છે કે પતિને સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી, એ રીતે કવિ ચેતનાનો પણ ભાવ બતાવે છે. હવે ચેતનાની આ સ્થિતિમાં શી દશા થાય છે તે બતાવતા બીજી કડીમાં કહે છે,

हस्ती तब हुं विरानीया, देखी तन मन छीज्यो हो।
समजी तब एती कही, कोई नेह न कीज्यो हो...पाया...।।२।।

જેને રામબાણ વાગ્યા હોય તે જાણે ! એ રીતે વિરહવેદના જ્યાં સુધી અનુભવી ન હોય ત્યાં સુધી શું ખબર પડે કે વિયોગિનીની દશા કેવી હોય છે. સૌભાગ્યવતી સ્ત્રી વિધવાની વેદના શું જાણે ? વંધ્યા પ્રસુતિની વેદના શું જાણે ! તે તો એના પર હસે કારણ કે તેને અનુભવ નથી. તેમ ચેતના કહે છે કે વિયોગીની સ્ત્રીઓને જોઈ હસતી હતી પણ હવે મને સમજાય છે કે તે લોકો શામાટે રડતા હશે. ચેતન અજ્ઞાનથી એવો ઘેરાઈ ગયો છે કે તેને પોતાના માણસોની સંભાળ લેવાનું પણ સૂઝતું નથી. તેથી વિરહવેદનાએ હું સીઝી રહી છું પણ હવે મને સમજાયું છે કે ચેતના મિલનથી આનંદની રેલમછેલ થશે. શુદ્ધચેતના પ્રેમના યોગે આ પ્રમાણે કહે છે. ચેતનાએ પોતાના સ્વામીનું સ્વરૂપ ઓળખ્યું ત્યારે તેને શુદ્ધાત્મા પતિ પર પ્રેમ પ્રગટ થયો, પરંતુ પરોક્ષ દશામાં સાક્ષાત્ આત્મસ્વામી દેખાતો નથી. તેથી સ્મૃતિરૂપ ઝરૂખામાં બેસીને આત્માને સાક્ષાત્ જોવા માટે રાહ જોતી બેઠી છે. ચેતના એટલા બધા સ્થિર ઉપયોગમાં રહીને દેખે છે કે તેને તેથી થાક લાગે છે. સાક્ષાત્ આત્માને દેખવાના અભાવરૂપ વિયોગથી ચેતના ઝૂર્યા કરે છે.

મહારાજ બિંબિસારની પત્ની ચેલણાને બિંબિસારની છબી જોઈ પ્રેમ જાગ્યો. પ્રત્યક્ષ મિલન થયું ન હોવા છતાં પ્રેમ કટારી લાગી અને ઘાયલ થઈ ગઈ. શ્રેણિકને મેળવવા ચેડારાજાથી છાનું પોતાના મહેલથી

રાજગૃહી સુધીનું ભોયરું કરાવ્યું અને ભોયરામાંથી શ્રેણિક સાથે ભાગી ગઈ પણ પરોક્ષ પ્રેમ પ્રગટે તો પણ વિરહની અત્યંત પીડાની અનુભૂતિ થાય છે.

પ્રેમીને પોતાના પ્રેમનું પોષણ ન થતાં તેનાથી દુઃખને કારણે કઠોર શબ્દ પ્રયોગ સહજમાં થઈ જાય છે. ટબાકાર આનો અર્થ બીજી રીતે કરે છે. તેઓ કહે છે કે કુબુદ્ધિરૂપી સ્ત્રી માયા, ચેતન જ્યારે તૃષ્ણા પાસે હોય ત્યારે માયા ઝૂરે છે અને ચેતન જ્યારે મમતા પાસે હોય ત્યારે તૃષ્ણા ઝુરે છે. આ સ્ત્રીઓની આવી દશા જોઈ ચેતના તેના પર હસતી હતી પણ હવે તેને સ્વયંને અનુભવ થાય છે, તેથી કહે છે કે પતિ વિરહે મારું શરીર સાવ સુકાઈ ગયું છે. કારણકે આ દશામાં ખાવું, પીવું, આરામ તો હરામ થઈ ગયા છે. ઊંઘ તો જાણે રીસાઈ ગઈ છે. આ માનસિક દશાની અસર શરીર પણ થાય છે. હું તો પ્રેમ કરીને પસ્તાણી છું પણ આ બોલવામાં ચેતનાનો ભારોભાર પ્રેમ ટપકે છે, હવે કવિશ્રી ત્રીજી કડીમાં કહે છે,

प्रीतम प्रानपति बिना, पिया कैसे जीवे होय ?
प्रान पवन विरहादशा भुयंगनि पीवे हो...पीया...।।३।।

સ્ત્રીઓનો આધાર હંમેશાં પુરુષ ગણાય છે. તે નાની હોય ત્યારે માબાપનો આધાર, કદાચ બાપ મૃત્યુ પામે તો નાના–મોટાભાઈનો આધાર, સાસરે જાય તો પતિનો આધાર અને પતિ મૃત્યુ પામે તો દીકરાનો આધાર. આ રીતે નારીના જીવનમાં નરનું સ્થાન મુખ્ય છે. પરણિત સ્ત્રી માટે પતિ સર્વસ્વ છે. તે જ તેના પ્રાણનો આધાર છે. જેમ પ્રાણ વિના શરીર હાડપિંજર છે તેમ ચેતના કહે છે કે હે ચેતન ! તારી સાથે પ્રેમ કર્યાં પછી હવે મને આખું જગત શૂન્ય ભાસે છે. એની સાથે સરખાવો કૃષ્ણ ભક્ત મીરાંની પંક્તિઓ: "ચરણ બિના કછુ વૈ નહિ ભાવૈ, જગ માયા સબ સપનન કી... મોહી.." કોઈ સ્થાને ચિત્ત ચોટતું નથી. આ જગતની માયા, સ્વપ્ન જેવી લાગે છે અને આપ મારી સામું પણ જોતા નથી. હે નાથ ! આપ મંદિરે પધારો તો મારે મન આખું જગત મારે ત્યાં વસી ગયું લાગે છે. સ્વર્ગના તો શું અપવર્ગના શાશ્વત સુખ પણ આપના સંયોગે જ પ્રાપ્ત થશે. ચેતના પોતાની જાગૃતિ ગુમાવી દે છે. એટલે કે શુદ્ધચેતના પ્રગટ થતી નથી. અશુદ્ધોપયોગી આત્માનું જીવન નિરર્થક થઈ જાય છે.





સંસારમાં રખડાવનારું બની જાય છે. ચેતન જ્યારે મિથ્યાજ્ઞાનમાં ઓતપ્રોત થઈ જાય છે ત્યારે તેનાં ભાવપ્રાણ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય ખવાતા જાય છે. કારણકે ચેતના આ પ્રાણને આધારે ટકી છે. જો પ્રાણ જ ન રહે તો જીવન કોના આધારે ટકે ? ચેતનની ચૈતન્યશક્તિ એ જ ચેતના છે. ચૈતન્યપ્રાણને ધારણ કરીને આત્મા જીવે છે એટલે તેનું જીવન ચૈતન્યથી ભરપૂર છે ને જડપણું તેનામાં જરાય નથી. જડતાના અભાવરૂપ એટલે અજડત્વસ્વરૂપ એવી ચૈતન્યશક્તિ આત્મામાં છે. ચૈતન્યશક્તિ એટલે ચેતના તેને કહેવાય કે જે પોતાને ચેતે–જાણે. ચેતનના પ્રાણ તે ચેતનાના પ્રાણ છે. દશ યતિધર્મને દશ પ્રાણ સમજવા. દશયતિધર્મનો તિરોભાવ છઠ્ઠા ગુણસ્થાનકે થાય છે. ત્યારે ચેતન–ચેતનાનું મધુર મિલન ચોથા ગુણસ્થાનકે થતાં તેનામાં પ્રાણસંચાર થયો હોય તેવું લાગે છે. વળી દ્રવ્યપ્રાણ અને ચેતનાને પારમાર્થિક દૃષ્ટિએ કાંઈ લાગે વળગે નહીં પણ પ્રાણ તો પ્રાણ જ છે. ધર્મ અને પ્રાણ જુદા છે. તેથી ભાવપ્રાણમાં જ્ઞાન, દર્શન સુખ અને વીર્ય ગણાય છે, પણ ચેતનાની શ્રદ્ધામાં તથા જ્ઞાનમાં મલિનતા આવતા ભાવપ્રાણ ખવાઈ રહ્યા છે અથવા પી રહી છે. ભાવપ્રાણને નુકશાન થતાં શુદ્ધચેતનાનું જીવન સત્ત્વ સુકાઈ જાય છે. સાથે તે અતિ અવ્યક્ત થતી જાય છે. તેમજ પ્રાણ ટકવાની અશક્તિને કારણે સુધ–બુધ ખોઈ બેસે છે પછી તેની દશા કેવી છે તે ચોથી કડીમાં બતાવતા કહે છે,

शीतल पंखा कुमकुमा-, चंदन कहा लावे हो ?
अनल न विरहानल य है, तन ताप बढावे हो...पीया...।।४।।

શુદ્ધચેતના તેની સખીઓને કહે છે કે હે સખીઓ ! તમે મારો વિરહાગ્નિ શાંત કરવા ઘણાં–ઘણાં ઉપચાર કરો છો. તમે આ શરીર પર શીતલ પદાર્થોનો લેપ કરો છો. ચંદન, કપૂર વગેરે લગાવો છો. પંખો નાંખો છો. તે સિવાય અનેક પ્રયત્નો કરો છો પણ મારે માટે તે બધું નિરર્થક છે. તે શીતળ પદાર્થો મારી વિરહાગ્નિમાં વધારો કરે છે કારણ કે આ કોઈ બાહ્ય અગ્નિ નથી. બાહ્ય અગ્નિ બાહ્ય ઉપચારથી શાંત થાય ત્યારે આ તો અંતરંગ અગ્નિ છે. વિરહીજનો માટે આવા ઉપચાર અગ્નિમાં ઘી નું કામ કરે છે. તેનો કામાગ્નિ વધારે ઉદ્દીપ્ત થઈ જાય છે. માનવમન જે

સ્થિતિમાં હોય તે પ્રમાણે તેને પ્રકૃતિ લાગે છે. વિરહી માનવને સૂર્ય તો બાળે છે પણ ચંદ્રની ચાંદની પણ અગ્નિ વરસાવતી લાગે છે. ચેતનાને પણ આ બધું દુઃખની વૃદ્ધિ કરનાર લાગે છે માટે તેના આ બધા ઉપચારો નકામા લાગે છે. ચેતન શાંતિ માટે વારંવાર બાહ્ય ઉપચાર તો કરે છે પણ શુદ્ધ ચેતનાને તેથી વધારે દુઃખરૂપ લાગે છે. વિરહાગ્નિ શાંત કરવાનું ઉત્તમ ઔષધ છે. સંયમ મહાવ્રતાદિનું પાલન તથા દશયતિ ધર્મ આ અંતરંગ કાર્યોથી અગ્નિ શાંત થાય છે.

શ્રી આનંદઘનજી મહારાજે કેટલીક જગ્યાએ વ્યવહારને લક્ષ્યમાં રાખી નિશ્ચયને પોષણ આપ્યું છે. એમ જે કહેવામાં આવ્યું છે તેનો આ નમૂનો છે. બાહ્ય ઉપચાર ચેતનાની વ્યાધિને વધારનાર છે તેમ કહેવામાં બહુધા તાત્ત્વિક અપેક્ષા ધ્યાનમાં રાખવામાં આવી છે. સખીઓએ ચેતનાના પ્રાણ જતા જાણીને તેનો વિરહાનલ બુઝાવવાને શીતલોપચાર કરવા માંડયા એટલે અનાદિ મિથ્યાત્વી જીવ યથાપ્રવૃત્તિકરણે આવ્યો અને કદાચ તે ઉપચાર ચાલુ રાખે તો તે અપૂર્વકરણે પણ આવે. આવા બાહ્ય ઉપચાર કરતી સખીને ચેતના કહે છે કે હે ભોળી સખી ! તું ચંદન, બરાસનું વિલેપન શા માટે કરે છે ? એ તો બાહ્ય અગ્નિના ઈલાજ છે. જ્યાં સુધી સમયક્ સ્વરૂપી આત્માનું મિલન નહીં થાય ત્યાં સુધી આ સાધનો બંધનરૂપ અને પીડાકારક બને છે. ટબાકારે બાહ્ય ઉપચારને યથાપ્રવૃત્તિકરણ સુધી કહ્યાં છે અને ચેતનજીનો મેળાપ સમ્યક્ત્વ પ્રાપ્તિથી થાય છે. તેઓએ વિરહકાળ અપૂર્વકરણ સુધી ગણ્યો છે. એટલે ચેતના અનંતથી પતિ વિયોગે ઝૂરી રહી છે. આ દશામાં તેનો આધ્યાત્મિક ભૂમિકાનો પ્રારંભ થાય છે. તે કવિ આ પદની પાંચમી કડીમાં વર્ણવે છે.

फागुण चाचर एक निसा, होरी सीरगानी हो।
मेरे मन सब दिन जरै, तन खाख उडानी हो...पीया...।।५।।

દરેક માનવ કોઈને કોઈ કારણથી તહેવાર મનાવે છે. તેમાં કોઈ ધાર્મિક દૃષ્ટિએ હોય છે તો વળી કોઈ સામાજિક દૃષ્ટિએ હોય છે. કોઈ વખત કોઈ સત્ય ઘટનાને આધારે પર્વોનું આયોજન થાય છે. ફાગણ માસમાં લોકો હોળીથી રમે છે અને પછી હોળી સળગાવે છે. બીજે દિવસે ધૂળી પડવાને દિવસે સળગાવેલી હોળીની રાખ ઉડાડવામાં આવે છે. તેવી





રીતે ચેતના કહે છે કે હે હોળી રમનારા માનવ બંધુઓ ! તમે તો એક જ રાત હોળી સળગાવો છો પણ મારા શરીરમાં તો અનાદિકાળની હોળી સળગી રહી છે. મારો વિરહદાહ બૂઝવનાર કોઈ નથી. મારા ચેતન પ્રભુના મિલન વિના આ હૈયાની હોળી શાંત થશે નહીં. બીજે દિવસે તો તેની રાખ ઉડાવી દદો છો તેમ મારા અંતરપ્રદેશમાં લાગેલી હોળીથી તો મારા શરીરની ય રાખ થઈ રહી છે.

હોળી ખેલનારા લોકો તો એક રાત હોળી ખેલે છે પણ ચેતનાને તો દીર્ઘકાળથી આ હોળી સળગી રહી છે અને તેને લીધે શુદ્ધ ચિંતનરૂપ શરીર પણ બળી રહ્યું છે. તેની રાખ પણ રહી નહીં તે પણ હવામાં ઊડી ગઈ.

કવિ આ પદની છઠ્ઠી કડીમાં કહે છે,

समता महेल बिराज है, वाणी रस रेजा हो।
बलि जाऊं आनंदघन प्रभु, ऐसे निठुर न व्हेजा हो...पीया...।।६।।

શુદ્ધચેતના કહે છે કે હે પ્રભુ ! માયા–મમતાના સંગમાં રહી રસપૂર્વક વિષયભોગી વાતો કરો છો તેનાં બદલે હવે સુમતિના મંદિરે પધારો અને તમારા જ્ઞાનમાં પ્રત્યક્ષ દેખાતાં નરક, નિગોદ, દેવલોક વગેરેની વાતોનો વાણીપ્રવાહ વહેવડાવો અને શુદ્ધ સ્વરૂપની વાતોમાં સહુ કોઈને તરબોળ કરો. જ્યારે હું આપની આ પ્રકારની ઉચ્ચ વાતો સાંભળીશ ત્યારે તમારા હું ઓવારણાં લઈશ. અત્યારે એવા વિચાર માત્રથી મારા દિલમાં એટલો બધો આનંદ થાય છે કે જાણે ભવિષ્યની વાતોએ વર્તમાનરૂપ ધારણ કરી લીધું. મને લાગે છે કે જાણે મારા ચેતનરામ મારા મંદિરે પધાર્યા છે. હું ઓવારણાં લઈ મીઠો ઠપકો આપું છું અને કહું છું કે તમે આજ સુધી મારી જે દશા કરી છે તેવી દશા હવે પછી કોઈ દિવસ કરતાં નહીં તથા આપની આ અનુપ્રિયાને વેગળી પણ કરશો નહીં. આપ સમતા મંદિરે પધારો કે જેથી મારો વિરહકાળ ભાગી જાય.

ચેતન કહે છે કે હે સુમતિ, સમતા ને શુદ્ધચેતના અમે તારા મંદિરે જરૂર આવશું કારણ કે હું ભવ્ય છું અને મોક્ષનો કામી છું પણ હજુ મારું આત્મવીર્ય સ્ફુરણા પામ્યું નથી. તેથી અહીં રખડયા કરું છું. હવે આ રખડપટ્ટીનો જરૂર અંત આવશે. હું તારા મંદિરે આવીશ અને સ્થિરતા પકડીશ પછી કેવળજ્ઞાનનો ભાસ્કર ઉદય પામશે, જેમાં જગતની સર્વ

દ્રવ્યની ત્રિકાલવર્તી પર્યાય જણાશે. પછી તો તે સ્વરૂપની નય–નિક્ષેપ દ્વારા કહેવાની તથા શુદ્ધ સ્વરૂપની વાતો કરવામાં અનેરો આનંદ આવશે. તારી વિરહ વેદના ભાગી જશે. અત્યાર સુધી જે દુઃખ સહન કર્યું છે તેનો બદલો વળી જશે. ત્યારે સુમતિ કહે છે શુદ્ધદશામાં અપૂર્વઆનંદ આપનારા હે પ્રભુ ! હું આપના ઓવારણાં લઉં છું. આપની એવી સ્થિતિ આવતા મારા તન–મનનાં તાપ દૂર થશે. આપની આટલી વાત સાંભળવા માત્રથી મને હર્ષ થાય છે તો પધાર્યા પછી તો કેટલો આનંદ થશે ? પણ નાથ ! ખાસ વાત એ કરવાની છે કે પાછા કઠોર બની જતાં નહીં, નિર્દય દિલના ના થઈ જતાં આ રીતે સુમતિ દ્વારા ચેતના, ચેતનને વિનંતી કરી રહી છે. ટબાકાર કહે છે કે હે શ્રદ્ધે ! મતિના મહેલમાં શુદ્ધ આત્મદેવ બિરાજે છે ત્યારે હું કુમતિની સુમતિ થઈ ગઈ છું. અત્યાર સુધી ચાર ગતિરૂપ મહેલ હતો તેને બદલે હવે મોક્ષ મહેલ થઈ ગયો છે. શુદ્ધ સ્યાદ્વાદ સ્વરૂપચારિત્ર દ્વાર પ્રવેશે મુગતિ મહેલમાં સહેલ કરીશ જ્યાં અરિહંત ભગવાનની વાણી રસનાં તરંગો ઊઠે છે. એવા આનંદઘન પ્રભુ ! હું તમારી આ વાત સાંભળીને તમારા પર બલી–બલી જાઉં છું અર્થાત્ ઓવારણાં લઉ છું. અત્યાર સુધી અશુદ્ધ ઉપયોગની ઘણી–ઘણી વાતો અને વર્ણન કર્યાં હવે તેવી વાતો ના કરશો.

શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં વ્યાવહારિક વાતોમાં આધ્યાત્મિકભાવોનો પ્રાણ પૂરી સામાન્ય બુદ્ધિવાળા વાચકવર્ગના મગજમાં ઊતારી બધાંને ભાવવિભોર બનાવી દીધાં છે. ચેતના ઘણી વ્યાકુળ હતી પણ ચેતનનાં થોડા આશ્વાસનથી ચેતના આશ્વાસિત થઈ ગઈ. હવે તન–મનમાં શાંતિ થઈ તેથી તે કહે છે કે હે નાથ ! આપ મારા મંદિરે પધારશો તેની મને ખાતરી જ છે. આપ એક વખત તેના તરફ જોઈ લો પછી આપને ખ્યાલ આવી જવો જોઈએ કે આપ જ્યાં છો તે આપનું સ્થાન નથી. આપનું ચિરસ્થાયી સ્થાન સિદ્ધક્ષેત્ર છે. આટલું જાણી લો પછી આપ વહેલા કે મોડા જરૂર ત્યાં પધારો તેની મને ચિંતા નથી. ચેતનાની વાત સાંભળી આજ સુધી ચેતને મોઢું ખોલ્યું નહોતું તે ખોલી નાખ્યું. ચેતનાની વાતો, તેનો મીઠો ઠપકો, તેની કઠોરવાણી, તેની ધમકી બધું જ આજ સુધી ચેતને સાંભળ્યું ત્યારે આજે ચેતના સાથે વાતો કરતાં કહે છે કે હે ચેતના !





હું ગમે ત્યાં ભલે હોઉં પણ આખર તો મારે ને તારે સાથે જ રહેવાનું છે ને ? સાદિ–અનંતકાળ સુધી આપણો યોગ સર્જાશે. આપણે સિદ્ધક્ષેત્રમાં જઈને સહેલ કરીશું. અનંત સિદ્ધોની સાથે આત્મભાવમાં રમણ કરશું. ચેતન તથા ચેતના શાશ્વતસુખ, સહજાનંદ, નિજાનંદની મસ્તીમાં મસ્ત બને છે.

આમ, કવિ આનંદઘનજીએ આ પદમાં ચેતનાના વિરહની વેદનાનું અને ચેતન સાથેના મિલનનાં આનંદનું હોળીના વ્યાવહારિક દૃષ્ટાંત દ્વારા સરસ વર્ણન કર્યું છે.

કવિ આનંદઘનજીનાં ઉત્તમ પદોમાંનું આ એક પદ છે.

# પદ-૪૨

"अब हम अमर भये न मरेंगे"

સમ્યક્સાધના માર્ગના સોદાગર, આત્મધર્મના ઉજાગર શ્રી આનંદઘનજી મહારાજે અધ્યાત્મતત્ત્વરસ વહેવડાવી સ્વપર ઉપકાર કર્યો છે. ચેતના તથા ચેતનના અર્થ ગંભીર રહસ્યોને લાલિત્યભરી ભાષામાં વ્યક્ત કરી મુમુક્ષુ આત્માને માટે ભાથું પૂરું પાડયું છે.

'સારંગ અથવા આશાવરી રાગ' માં લખાયેલ આ પદમાં ચેતનને પોતાના સ્વરૂપનો ખ્યાલ આવે છે. સ્વશક્તિનો ખ્યાલ આવતા તે સ્વયં નિર્ભય બની કહે છે,

अब हम अमर भये न मरेंगे... अब<br>
या कारण मिथ्यात्व दीयो तज, क्युं कर देह धरेंगे?...अब...।। १।।

ચેતન કહે છે કે સમજણના અભાવે મેં આ સંસારમાં અનેકવાર જન્મમરણ કર્યાં. નિગોદમાં રહી એક મુહૂર્તમાં પાંસઠ હજાર પાંચસો છત્રીસ વાર જન્મમરણ કર્યાં અને ત્યાર પછી ચાર ગતિમાં રખડયો પણ મારા જન્મ-મરણનો હજુ સુધી અંત ના આવ્યો. નવું શરીર ધારણ કરું ત્યારે આનંદ પામું અને છોડવાનો સમય આવે ત્યારે દુઃખ થાય. શરીરને ટકાવવા મેં તો કેટકેટલા ઉપાયો કર્યાં. અરે ! શરીર છોડવું પડશે ? આટલા વિચાર માત્રથી કંપારી છૂટી જાય છે. પણ હવે હું નિર્ભય થઈ ગયો છું કારણ કે હવે મને સમજાયું છે કે જન્મમરણનું કારણ શું છે ? 'મૂળ નાશે વૃક્ષ નાશ' તેમ અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે. તેનો ખ્યાલ આવ્યો એટલે 'કારણ નાશે કાર્ય નાશ' એમ જાણીને મિથ્યાત્વને મેં તજી દીધું છે. આજ સુધી પૌદ્‌ગલિક ભાવને હું મારો માની તેમાં જ રચ્યો-પચ્યો રહેતો હતો પણ મિથ્યાત્વ જતાં પૌદ્‌ગલિક સુખ એ તો ધુંવાડાના બાચકા જેવું લાગે છે અને આત્મચિંતનથી હવે મને મૃત્યુનો ભય પણ રહ્યો નથી. કારણ આ શરીરને આજ સુધી હું મારું માનતો હતો પણ હવે સમજાયું છે કે તે પુદ્‌ગલનો પિંડ છે. જડ સ્વભાવી છે. તેથી તે પરાયું છે. આ શરીરના મોહને કારણે હું સુખી છું, દુઃખી છું, હું મરી રહ્યો છું તેવું લાગતું હતું પણ





હવે સમજાયું છે કે આ શરીરથી હું જુદો છું હું તો અસંખ્યાતપ્રદેશી આત્મા છું. દ્રવ્યથી તો હું નિત્ય છું. મારો એક પણ પ્રદેશ ઓછો થતો નથી તો વૃધ્ધિ પણ પામતો નથી. હું અનંતકાળથી જેવો છું તેવો જ છું અને અનંતકાળ સુધી તેવો જ રહેવાનો છું. મરણ દેહનું થાય છે મારું નહીં. કર્મને કારણે એક દેહ છોડી નવા દેહને ધારણ કરવો પડે છે. પણ મારો કદી પણ નાશ થતો નથી. આવી અલૌકિક શક્તિ ધરાવતા મારા આત્માનો કોઈપણ સ્થિતિમાં ક્યારેય પણ નાશ થતો નથી. હું મરી રહ્યો છું એવું લાગે છે એ તો એક ભ્રાંતિ છે. હવે એ ભ્રાંતિ ભાંગી ગઈ છે. મારો આત્મા 'से न सद्दे, न रुवे, न गंधे, न रसे, न फासे, इत्वेव तिबेमि' હું શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ સ્વરૂપ નથી. હું અરૂપી, નિત્ય છું. આત્મા માર્યો મરતો નથી. પાણીમાં ડૂબતો નથી, અગ્નિમાં બળતો નથી. વાયુથી વિંઝાતો નથી, આપણી નજરે આવતો નથી તેવો અરૂપી અવિનાશી આત્મા છે. અહીં જન્મ-મરણનું કારણ મિથ્યાત્વ કહેવામાં આવ્યું છે. કવિ કહે છે કે ચેતનને તે કારણનો નાશ કર્યો છે પછી દેહ ધારણ શા માટે કરે ?

કવિના આ વચનનો પારંપારિક અર્થ લેવાનો છે. કારણકે મિથ્યાત્વના નાશથી જન્મમરણનો નાશ થઈ જતો નથી પણ જન્મ-મરણથી થતાં દુઃખનાં નાશ થાય છે. જન્મ-મરણનું કારણ કષાય છે. કષાયભાવ સંપૂર્ણ નાશ પામતાં જન્મમરણનો અંત આવે છે. જન્મમરણનું મૂળ મિથ્યાત્વ હોવા છતાં તેનાં સહાયક કારણો બીજા પણ ઊભાં જ છે. જેમ કુંભાર દંડ વડે ચાકડો ચલાવે છે પણ દંડ કાઢી નાખ્યા પછી પણ ચાકડો તરત જ ફરતો બંધ પડી જતો નથી પણ ધીરે-ધીરે બંધ પડે છે તેમ મિથ્યાત્વનો દંડ જવાથી સંસારચક્રનો અંત આવી જતો નથી પણ નદી ગોલ પાષાણ ન્યાયે જીવ મિથ્યાત્વમાંથી મુક્ત બની સમકિત પ્રાપ્ત કરી આગળ વધે છે. દેહ ધારણ કરવાનું એક કારણ નાશ પામ્યું પણ બીજા ક્યાં કારણો છે તે બીજી કડીમાં કવિ બતાવે છે.

राग दोस जग बंध करत है। ईनको नास करेंगे।<br>
मर्यो अनंत काल तें प्राणी, सो हम काल हरेंगे;...अब हम...।।२।।

અનંતસંસારમાં પરિભ્રમણ કરાવનાર તથા સંસારમાં આ જીવને બાંધી રાખનાર બે મહાશત્રુ છે તે રાગ અને દ્વેષ બંધનરૂપ આ બને છે.

रागो य दोसोऽवि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयन्ति।
कम्मं च जाइ मरणस्स मूलं, दुक्खं च जाइ मरणं वयन्ति।।

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં આ રાગ અને દ્વેષને કર્મના બીજ કહ્યાં છે. રાગ–દ્વેષને કારણે મોહનીય કર્મનો બંધ થાય છે એટલે કે જન્મ મરણનું મૂળ કર્મ છે. આ કર્મને કારણે જીવ જન્મમરણનું દુઃખ ભોગવે છે. જ્યાં જન્મમરણ થાય અથવા આવવા–જવાનું થાય તે જગત.

અજ્ઞાનદશાને કારણે પૌદ્‌ગલિક વસ્તુ પ્રત્યે જીવને રાગ અને દ્વેષ થાય છે. આ કારણે જીવન મોહનીયકર્મનો બંધ કરે છે. રાગ અને દ્વેષ મોહનાં બે સંતાન છે. આ બંને મહાશત્રુઓ જીવને બારમા ગુણસ્થાનક સુધી હેરાન કરે છે. આ રાગ–દ્વેષને છોડવા સમતાભાવમાં રહેવું જેટલા અંશે રાગદ્વેષની મંદતા થશે તેટલા અંશે મિથ્યાત્વનાં મૂળિયા ઢીલાં પડી જશે. મૂળ ઢીલું પડતાં તેને ઊખેડી નાખતાં વાર ન લાગે. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

"રાગે પડીયા તે નર ખૂતા રે, નર ય નિગોદે મહાદુઃખ જુત્તારે"

રાગ આત્માને નરક–નિગોદની રાહે લઈ જાય છે અને અધમ સ્થિતિમાં મૂકી દે છે. ઉદાહરણથી જેમકે ભમરામાં કઠણ લાકડાંને કાપવાની શક્તિ છે પણ કમળ પ્રત્યેના રાગને કારણે કમળમાં પુરાયેલ ભમરો કોમળ કમળની પુષ્પ પાંખડી તોડી પોતાના પ્રાણ બચાવી શકતો નથી. ચમરીગાય, પારધીના સકંજામાંથી છટકવા ચાર પગે છલાંગ મારતી ભાગે છે પણ તેનું રેશમ જેવું ને ચાંદી જેવું ચમકતું પૂછડું જો ઝાડીમાં ભરાઈ જાય તો ગાય પૂંછડાનો મોહ છોડી શકતી નથી પણ શિકારીનો ભોગ બની જાય છે. માટે જ કહે છે કે રાગ અને દ્વેષ આત્માની વીતરાગ દશાના ઘાતક છે. આ બંનેનું જ્યાં સુધી સામ્રાજય હશે ત્યાં સુધી આત્મા મુક્તિ મહેલમાં મહાલી શકશે નહીં. એક અનુભવીએ કહ્યુ :

राग-द्वेषके त्याग बिन, मुक्ति को पद नांहि।
कोटी कोटी जप-तप करे, सबे अकारज पाई ।।

માનવ મોક્ષ માટે ગમે તેટલો ત્યાગ કરે, કઠોરમાં કઠોર ચારિત્રનું પાલન કરે અથવા કરોડો વર્ષ સુધી જપ, તપ કરે પણ જો આ બંને મહાકારણ ઊભા છે એટલે કે રાગ–દ્વેષ ઊભા છે તો જે કાંઈ કર્યું છે તે ન





કર્યાં બરાબર થશે. રાગ–દ્વેષના ત્યાગ વિના મોક્ષપદ મળી શકે નહીં. કવિ આનંદઘનજીએ અન્યપદમાં પણ કહ્યું છે,

राग ने रीसा दोय खवीसा, ए तुम दुःखका दीसा।
जब तुम उनको दूर करीसा, तब तुम शिवका इसा
आप स्वभाव में रे, अवधू सदा मगन में रहेना।।

રાગ અને દ્વેષ આ બંને ચાંડાલ છે. હે આત્મા ! તને એ ચાંડાલો જ દુઃખી કરે છે. એને જ્યારે દૂર કરવામાં આવશે ત્યારે તું શિવ સ્વરૂપ બની જશે. આત્માની વીતરાગ અવસ્થાને રોકનાર તથા તેને આડે આવનાર બે મોટી દીવાલો છે. તે તોડયા વિના સંસાર છૂટશે નહીં. સમભાવની સ્થિતિમાં આ બંને શત્રુઓ મોળા પડી જાય છે. શત્રુ–મિત્ર પ્રત્યે સમભાવની સ્થિતિ આવે જ્યારે સ્વભાવમાં સ્થિરતા આવે ત્યારે.

**શત્રુ-મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માનઅપમાને વર્તે તેજ સ્વભાવજો,**
**જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા, ભવ મોક્ષે પણ વર્તે શુદ્ધ સમભાવ જો...**

આત્મા પોતાના ત્રિકાળી શુદ્ધ સ્વભાવને પામે પછી પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષાદિ ભાવમાં મંદતા આવી જાય છે. પછી તેને સોનાનું સિંહાસન મળે કે કાંટાનો તાજ કોઈ પહેરાવે. આ બંને સ્થિતિ તેને માટે સમાન છે. જીવને પર પદાર્થ પ્રત્યે જ રાગાદિ ભાવ થાય છે. પણ સાચું સમજાય પછી પદાર્થ તેને પીડી શકતા નથી.

જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં માટીનું ઢેફું કે સુવર્ણ કે હીરા–માણેક બધું સમાન છે. બંને પુદ્‌ગલધર્મી છે. જ્ઞાની પુરુષોની દૃષ્ટિનું દર્શન કરાવતા કવિ ચેતનનાં મુખે કહેવડાવે છે કે અનંતકાળથી યમરૂપી કાળ મને મારી રહ્યો છે. પણ હવે તો અમે તે કાળનો પણ નાશ કરશું, મારા મૃત્યુનું કારણ જે કાળ છે તેનો નાશ રાગ–દ્વેષનાં નાશથી થઈ જશે. અમે તો કાળના પણ કાળ બની જઈશું.

કવિ ત્રીજી કડીમાં કહે છે,

देह विनाशी हुं अविनाशी, अपनी गति पकरेंगे।
नासी जासी हम थीरवासी, चोखे व्है निखरेंगे...अब...।।३।।

શરીર નાશધર્મી છે. શ્રીપ્રજ્ઞાપના સૂત્રમાં શરીર પાંચ પ્રકારનાં કહ્યાં છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ. આ પાંચેય શરીર

કાર્મણ વર્ગણાનો માળખો છે. શરીર તો સડન, પડન, ગલન અને વિધ્વંસ સ્વભાવવાળું છે. તે ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે તેમજ દરેક શરીરમાંથી ક્ષણે-ક્ષણે પરમાણુઓ છૂટા પડે છે અને નવા આવીને મળે છે. પણ હું તો અવિનાશીઆત્મા છું. મારા અસંખ્યાત પ્રદેશમાંથી એક પણ પ્રદેશ નથી છૂટો પડતો કે નથી નવો આવીને મળતો. મારો અસંખ્યાત પ્રદેશી આત્મા અખંડ સ્વરૂપી છે. અરૂપી આત્માનાં ત્રણ કાળમાં પણ ટુકડા થતા નથી માટે તે ખંડરૂપ નથી. પુદ્‌ગલધર્મી શરીરને કેટલીકવાર કાગડા, કૂતરાં, ગીધડાં ખાઈ જાય છે તેવી સ્થિતિ નજરે જોયેલી હોય છે. માટી માટીમાં મળી જાય છે પણ દેહમાં પુરાયેલ અનંત શક્તિપુંજ આત્મા તો અક્ષય, અખંડ, શાશ્વત, સંપૂર્ણ છે. તેવા પરમ શક્તિપુંજને પામી તેમાં જ મારે સ્થિરત્વ પામવું છે.

દેહની ક્ષણભંગુરતા માટે ચિદાનંદજી મહારાજ કહે છે,

ઓ ઘટ વિણસત વાર ન લાગે,
ચાકે સંગ કહા અબ મૂરખ, છિન્ન-છિન્ન અધિકો પાગે... ઓ...
કાચા ઘડા કાચકી શીશી, લાગત ઠણકા ભાંગે,
સડણ-પડણ વિધ્વંસ ધરમ જસ, તસથી નિપુણ નિરાગે... ઓ

હે જીવ ! તું તારા અવિનાશી ધર્મને સંભાળી લે. શરીર પરથી પોતાપણાનો ભાવ હટાવી નિજમાં જોડ એ જ આત્મધર્મ છે. પર દૃષ્ટિ મૂકી સ્વદૃષ્ટિ કેળવવા શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે,

તું તો અવિનાશી, કાયા પ્રગટ વિનાશી અરું,
તું તો હૈ અરૂપી એ તો રૂપી વસ્તુ જોઈએ,
મલકેરી કયારી મોહરાયકી પિયારી એ તો,
હોયગી નિયારી એ વૃથા ભાર ઢોઈએ.

આમ શરીરની નાશવંત સ્થિતિનું વર્ણન સંત મહાત્માઓએ વિધ-વિધ રીતે કર્યું છે. શ્રી વિનયવિજયજી મહારાજ ફરમાવે છે,

सच्छिदो मदिरा घटः परिगलतल्लेश संगा शुचिः
शुच्यामृद्य मृदा वहिः स बहुशो धोतोऽपि गंङ्गोदकैः
नाधत्रे शुचितां यथा तनुभृतां कायो, निकायो महा-विभत्सा
स्थिपुरीष मूत्र रजसां नायं तथा शुद्धयति क।





કાણું પડેલો દારૂનો ઘડો ગળતો હોય અને ચારે તરફ ઢળતાં મદિરાનાં ટીપાંઓથી અપવિત્ર થયો હોય તેને બહારથી સારી મજાની માટીથી મર્દન કરવામાં આવે અને ગંગાના પાણીથી અનેકવાર ધોવામાં આવે તો પણ તે જેમ પવિત્રપણું ધારણ કરતો નથી એ જ પ્રમાણે હાડ, મળમૂત્ર અને લોહીના ઢગલા જેવું આ મનુષ્ય શરીર પવિત્ર થતું નથી. શરીરની મલિનતાના ચિંતનથી શરીર મમત્વ છૂટી જાય પણ સાથે એ પણ વિચારવું ઘટે કે આ શરીર અતિ મેલવાળું છે. એમ હે ચેતન ! વિચાર અને તારા મનોમય કમળને ઉઘાડ. ત્યાં જે સર્વવ્યાપી એક પ્રકાશવાન, મહાપવિત્ર આત્મતત્ત્વ છે તેનું ધ્યાન કર.

ચેતન કહે છે કે હે ચેતના ! હવે મને મારું સ્વરૂપ સમજાયું છે. જે નાશવંત છે તે તો લાખ ઉપાયે પણ નાશ પામવાનું જ છે. માટે તેને ન વળગતા હું મારી અનંતસુખસમૃદ્ધિમાં સ્થિર થાઉં. સ્થિર સ્વભાવ એ જ મારી ગતિ છે. તેને પકડતાં રાગાદિ ભાવોથી થતું મૃત્યુ નાશ પામી જશે. જ્ઞાતા-દૃષ્ટાભાવને પકડી લઈશ. જેથી કર્મબંધન અટકી જશે. છેવટે ચૈતન્ય સ્વભાવી આત્મા બચી જશે. અમે તો આત્મગુણમાં રમનારાને મોક્ષ મહેલમાં વસનારા છીએ. ચેતન પોતાને સર્વગુણો અને સર્વ પર્યાયોથી શુદ્ધ કરે એટલે પરમપદને પામે, તે માટે કેવું ચિંતન કરવું એનો ભાવ કવિ છેલ્લી કડીમાં બતાવે છે.

मर्यो अनंत वार बिन समज्यो, अब सुख दुःख विसरेंगे।
आनंदघन निपट निकट अक्षर दो, नहि समरे सो मरेंगे...अब।।४।।

ચેતન કહે છે કે આજ સુધી હું મારા સ્વભાવને ઓળખી શક્યો નથી અને તે કારણે જ અનંતવાર મરવું પડે છે. આત્મ સ્વભાવનાં અજ્ઞાનને કારણે જ બાહ્ય પુદ્‌ગલોને મારું મારું કરીને દુઃખી થતો રહ્યો ને સંસારમાં ભટકતો રહ્યો. ત્યારે મને મારું પોતાનું ભાન નહોતું કે હું કોણ છું ? આજ સુધી શરીરને જ મેં મારું માન્યું હતું. મને મારી અમરદશાનો વાસ્તવિક ખ્યાલ નહોતો. 'અમર' શબ્દ ઘણી વાર બોલ્યો પણ અમરત્વને પામવા કદી પ્રયત્ન કર્યો ન હતો. શરીરના સુખ-દુઃખ તે મારા છે તેમ માનતો હતો પણ હવે સમજાયું કે સુખદુઃખ એ તો શાતા-અશાતા વેદનીય કર્મનું ફળ છે. કર્મ તો પારકા છે. તે તો બહારથી આવીને મારી સાથે વસ્યા

છે. તેનું ચિંતન કરતાં–કરતાં જ્ઞાનદીપક પ્રગટી જશે. જેમાં પોતાનો માર્ગ સ્પષ્ટ જણાય છે. છ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્ય–ધર્માસ્તિકાય–ગતિ પ્રદાન કરવાના સ્વભાવવાળું, અધર્માસ્તિકાય–સ્થિરતા પ્રદાન કરવાના સ્વભાવવાળું, આકાશસ્તિકાય–જગ્યા ( આધાર ) પ્રદાન કરવાના સ્વભાવવાળું પુદ્‌ગલાસ્તિકાય–સડન–ગલન–પડન કે રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દ સ્વભાવવાળું ને કાળ ક્યારેય પોતાના સ્વભાવને છોડતા નથી, પરના સ્વભાવમાં હસ્તક્ષેપ કરતા નથી કે પોતાના સ્વભાવમાં હસ્તક્ષેપ થવા દેતાં નથી તો હું ( જીવાસ્તિકાય ) મારા સ્વભાવને શા માટે છોડું તેમાં જ સ્થિરતા અને રમણતા શા માટે ન કરું તેવા ચિંતન કરતાં–કરતાં જ્ઞાનદીપક પ્રગટી જશે.

હવે ચેતન કહે છે કે હે આનંદઘન પ્રભુ ! મારી નજીક જે બે અક્ષર છે તેને મેં ઓળખી લીધા છે. તેને ઓળખી લીધા પછી તો પડછાયો પણ ન લેવાય કારણકે તે વિકારી સ્થાનના બે અક્ષર છે. પણ હું તો અવિકારી છું. હવે તે અવસ્થાને પામવા હે પ્રભુ ! મને બે અક્ષરનું સ્વરૂપ સમજાવો. ત્યારે આનંદઘન પ્રભુ કહે છે કે અવિનાશી અને અયોગી એ બે તારા સ્વરૂપ છે. જ્ઞાતા–દ્રષ્ટાભાવ તારો સ્વભાવ, સત્ત–ચિત્ત–આનંદ તારો મૂળભૂત સ્વભાવ છે. માટે આ બે શબ્દનું રટણ કરવાનું છે. જ્ઞાતા–દ્રષ્ટાભાવને કેળવવાનો છે. જેથી શાશ્વત સિદ્ધસ્થાન પ્રાપ્ત થશે.

કવિએ આ પદમાં સંસારી છતાં સિદ્ધ અને રાગી છતાં વીતરાગી આવી ઉચ્ચદશાનું નિરૂપણ કર્યું છે. જ્યારે સત્ય સ્વરૂપ સમજાય છે ત્યારે પોતાને જ પોતાની દયા આવે છે. તેને લાગે છે કે રાગ–દ્વેષ તો વિદેશી છે. તે પોતાના માલિક થઈ બેઠા છે. પણ તે બધા ક્ષણ–ક્ષણ વિનાશી છે.

એક પોતાનું સ્વરૂપ સમજાતા બધું સમજાય છે. જેમકે કહ્યું છે,

जो जीवेऽवि विणायइ, अजीवेऽवि वियाणइ।
जीवाजीवे वियाणन्तो, सो हु नाहि उ संजम।।

જીવને પોતાનું જ્ઞાન થતાં, અન્ય પદાર્થોનું પણ જ્ઞાન થાય છે. આ પદમાં ચેતનને પોતાનું સ્વરૂપનું ભાન થાય છે કે હું અવિનાશી છું. અખંડ આત્મદ્રવ્ય છું. મારાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય કદી કોઈપણ હાલતમાં નાશ પામતા નથી. વીતરાગદશા એ જ મારી દશા છે. આ જાગૃતિ આવતા





પરમપારિણામિક ભાવ જાગે છે.

કવિ આનંદઘનજીનું આ પદ અત્યંત લોકપ્રિય છે. એમાં અમરત્વ, અજરત્વ પ્રાપ્ત કરવાનો, મોક્ષગતિ પ્રાપ્ત કરવાનો, જન્મ–મરણના ચક્રમાંથી નીકળી જવાનો દૃઢ નિર્ધાર છે. કવિની વાણી એવી બળવાળી છે કે આ પદ સાંભળનારનો પણ આત્મવિશ્વાસ વધી જાય છે. એમાં ઉલ્લાસ છે. મિથ્યાત્વત્યાગની પ્રતિજ્ઞા છે. ભૂતકાળની ભૂલો ન કરવાનો સંકલ્પ છે અને મોક્ષ પ્રાપ્તિ માટેની તમન્ના છે માટે જ મુમુક્ષુ જીવના હૃદયમાં વસી જાય એવું આ ગીત છે.

# પદ-૪૩

"मेरी तुं मेरी तुं काहे डरेरी ? मेरी"

અખંડના આરાધક, પૂર્ણતાની પ્રતિમા સમા શ્રી આનંદઘનજી મહારાજની સ્વાનુભૂતિભરી વાણી સાંભળતાં અનેરો ઉલ્લાસ અનુભવાય છે. આ પદનું ચિંતન કરનાર અંતરના ઊંડાણમાં ઊતરી જાય તો તે દેહી મટી વિદેહી બનવાની ક્ષમતા ધરાવે. ચેતને મિથ્યાત્વનાં મૂળ ઉખેડી રાગ–દ્વેષને મારી ભગાડવા પુરુષાર્થ કર્યો છે. આટલું થવા છતાં સુમતિના મનમાં તો ભય જ છે કે માયા–મમતા રખેને પાછો ફસાવે.

मेरी तुं मेरी तुं काहे डरेरी ? मेरी
कहे चेतन समता सुनी आखर, और दोढ दीन जुढी लरेरी...मेरी...।।३।।

ચેતનજી છેવટે ચેત્યા ખરા. મિથ્યાત્વને જડમૂળથી ઉખેડી રાગ–દ્વેષનો હવે સંગ છોડી દેવાનો ચેતને નિર્ણય કર્યો. આજ સુધી તો ચેતને ચેતના સામુ જોયું જ નહોતું. તેને બદલે ચેતન હવે કહે છે કે હે ચેતના ! આજ સુધી તે જે જે સંદેશા મોકલ્યા છે તે બધા મને મળી ગયા છે. હું બધું સમજુ છું. તારું કહેલું મને યાદ છે. હવે તારે ડરવાનું કોઈ કારણ નથી. તું જ મારો શ્વાસ અને પ્રાણ છો. તું જ મારી સાચી પ્રિયા છો આ સ્થિતિમાં પણ તે તારી ખાનદાની છોડી નથી. તું જાણે છે કે મારામાં કે તારામાં કોઈ ભેદ નથી. શું તને હજુ પણ માયા–મમતાની બીક છે ? હવે તેનાથી ડરવાનું કોઈ કારણ નથી. હું તને દિલથી ચાહું છું અને વિશ્વાસપૂર્વક કહું છું કે તું જ મારી છે ! માયા–મમતા અત્યારે ભલે તારી શોકય જેવી લાગતી હોય પણ હવે તો તે દોઢ દિવસની મહેમાન છે તેને અહીંથી જવું જ પડશે. તેને જવું ગમશે નહીં માટે જતાં પહેલા થોડો ચડભડાટ કે તડફડ કરશે. મને પ્રલોભન આપી ખેંચવા પુરુષાર્થ કરશે. તે રડશે. માથા પછાડશે. આક્રંદ કરશે છતાં પણ હું તને કહું છું કે બધું થવા છતાં હું તારા મહેલમાં હંમેશ માટે આવવાનો છું. આ પદમાં દોઢ દિવસની મુદત આપવામાં આવી છે તે વ્યાવહારિક ભાષા છે. તે લક્ષણાથી સમજવાની છે. ભવ્યજીવની ગતિ શુદ્ધ આત્મભાવ પ્રકટ કરવા તરફ વહી રહી છે છતાં પણ અનાદિના





મિથ્યાત્વના અભ્યાસને કારણે ચેતન વારંવાર વિભાવ તરફ ખેંચાઈ રહ્યો છે. હવે ચેતન સુમતિને કહે છે કે અનાદિના ભવભ્રમણને ટાળવાનો હવે કાળ પાકી ગયો છે. જે અનંત ભૂતકાળ હતો તે એક છે કારણ અનંતા એક છે અને જે દિવસે અથવા રાતે માયા–મમતાને ઘર બહાર કાઢી મૂકીશ તે અર્ધો દિવસ આ રીતે કુમતિ હવે દોઢ દિવસ જ ફોગટ લડશે. આ રીતે દોઢ દિવસની ગણતરી કરી છે.

હવે ચેતન, સુમતિને ભય ન રાખવા બાબત સમજાવતા બીજી કડીમાં શું કહે છે તે આપણે જોઈએ :

एती तो हुं जानुं निहचै, रीरी पर न जराउ जरैरी
जब अपनो पद आप संभारत, तब तेरे परसंग परैरी...मेर...।।२।।

સ્ત્રી ગમે તેટલી હોંશિયાર કે ચાલાક હોય પણ જો તેનો પતિ બીજી કોઈ સ્ત્રીનાં પ્રેમમાં પડી જાય તો, કોઈ પણ સ્ત્રી તેવું સાંખી શકે નહીં કારણ કે તેણે પતિમાં જ પોતાનું સર્વસ્વ સુખ જોયું છે ને માન્યું છે. આથી જ સુમતિ, સમતા વગેરેને માયા–મમતાનો ડર લાગે છે.

આ કડીમાં ચેતનની જાગૃતિ અને વિકાસ દર્શાવ્યો છે. ચેતનને પોતાની શક્તિનો ખ્યાલ આવી ગયો છે. પોતાનો મૂળભૂત સ્વભાવ શું છે તે પણ તેને સમજાઈ ગયું છે પણ વાતો કરવી જેટલી સહેલી છે તેટલું કાર્ય કરવું સહેલું નથી. ચેતનનો આ અનાદિનો સ્વભાવ એમ જલ્દીથી કેમ બદલાઈ જાય ? તે માયા–મમતાનું આકર્ષણ છોડી શકતો નથી. તેથી સુમતિને ખુશ રાખવા કહે છે કે હે પ્રિયા, તું મારી છો તારે જરા પણ ડરવાની જરૂર નથી ભલે હું માયા–મમતા સાથે ભળેલો હોઉં પણ એથી કાંઈ વળવાનું નથી. કોણ એવો મૂર્ખ હોય કે સાચા હીરાને પિત્તળમાં જડે ?

તેમ હે સુમતિ, હું હીરા જેવો છું ને માયા–મમતા તો પિત્તળ સમાન છે. તેની સાથે રહેતાં તો કિંમત ગુમાવવા બરાબર થાય. તું મારા પર વિશ્વાસ રાખ. હું મારી આબરૂ ગુમાવીશ નહીં. પણ આ લોકો સાથે એમ જલ્દીથી સંબંધ છોડી શકાતો નથી. તું શ્રદ્ધા રાખજે મને તારા પર અખૂટ પ્રેમ છે. છતાં પણ આજ સુધી મેં તને ઘણો અન્યાય કર્યો છે. મારા તરફથી તારે ઘણું સહન કરવું પડયું છે પણ જ્યારે હું મારું પદ સંભાળીશ, મને

મારા સ્વરૂપનું વાસ્તવિક ભાન થશે ત્યારે હું તારી સંગતમાં પડી જઈશ અને તને આનંદથી ભેટીશ. મારાં જ્ઞાનચક્ષુ હવે ખુલી ગયાં છે. મને હવે ખ્યાલ આવ્યો છે કે પિત્તળ કદી સોનું થતું નથી. પિત્તળ તો પિત્તળ જ રહે છે ને સોનું તે સોનું જ રહે છે. સોનાને અગ્નિમાં નાખવાથી સોનાની કિંમત વધે છે તે પ્રમાણે હે ચેતના ! તું તો સોના જેવી છો. અત્યારે તારી અગ્નિપરીક્ષા થઈ રહી છે. તું સુવર્ણ બની મારી સામે હાજર થઈ રહી છો તેથી તારી સાથે રહેતા મારી પણ શોભા વધશે. માયા–મમતાના સંગે મારી શોભા ઘટે છે. હવે હું મારું સ્વરૂપ સંભાળીશ.

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મ્હારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?

જ્યારે આ પ્રકારનું ચિંતન કરી, હું મને પામીશ ત્યારે તારો સંગ જરૂર કરીશ પણ હજુ એ અવસર આવ્યો નથી. મારી સામે ઘણી મુશ્કેલીઓ છે. તારી સાથે હંમેશાં રહેવાની ઈચ્છા હોવા છતાં મારો હજુ યોગ પાક્યો નથી. ચેતનનો અહીં ઉત્ક્રાન્તિનો સમય છે પણ હજુ જ્યાં છે તે સ્થાન છોડયું નથી.

ચેતન કહે છે કે હે સમતા ! મારી કાળસ્થિતિ પરિપકવ થઈ છે કે નહીં તે કોઈ જ્ઞાની પુરુષ પાસેથી જાણીને પુરુષાર્થ કરીશ અને જ્યારે એ માર્ગે જઈશ ત્યારે તારે સંગે રહીશ. પછી પેલી સ્ત્રીઓનો સંગ છૂટી જશે.

ચેતન હજુ ગુણસ્થાનક આરોહમાં બહુ આગળ વધ્યો નથી છતાં એનું સાધ્ય શુદ્ધ માર્ગ તરફ છે. તેને એક ઉત્તમ નિમિત્ત મળતા માર્ગ પર આવી જવાનો સંભવ છે. એને એક માનસિક ભવ્યદશામાંથી વ્યાવહારિક વિમળદશામાં આવી સુમતિને ભેટવાનો સુંદર પ્રસંગ છે. જરા વિશેષ આત્મવીર્યની સ્ફુરણા થતાં તે વિશુદ્ધ માર્ગને આદરશે, એમ એના આંતરિક જ્ઞાનથી જણાય છે. આ રીતે ચેતન પરમાર્થમાર્ગે જવા માનસિક તૈયારી કરી આગળ વધે છે.

ટબાકાર કહે છે કે ચેતન જેવા સુંદર અમૂલ્ય ગુણરત્નાકરને બે બદામની બૈરાઓ સાથે વાત કરવી પણ ન ઘટે તો પછી તેનો પ્રસંગ તો કેમ જ ઉચિત ગણાય. કવિ ત્રીજી કડીમાં કહે છે,





ओसर पाय अध्यातम सेली, परमातम निज योग धरेरी;
सकती जगाइं निरूपम रूपकी, आनंदघन मिलि केलि करेरी...मेरी...।।३।।

સંસારમાં માનવને જેમાં રસ હોય તેમાં જ તે રચ્યો–પચ્યો રહે છે. જેમકે ભોગીભોગમાં, ધનીધનમાં અને સ્ત્રી આસકત માનવ સ્ત્રીઓની પાછળ ગાંડા હોય છે. રસાસકત જીવ ખાવા–પીવામાં મસ્ત રહે છે. આ રીતે દરેક માનવ પોત–પોતાની રુચિ અનુસાર રસ્તો ગ્રહણ કરે છે.

કવિએ અહીં આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવાની રીત, જડ અને ચેતનના ભેદ વિજ્ઞાનની રીત, આત્મધર્મ અને પુદ્‌ગલધર્મ જાણવાની રીત એટલે કે અધ્યાત્મ શૈલીની વાત કરી છે.

અધ્યાત્મશૈલી એટલે શું ? તે વાત અહીં ખાસ વિચારવાયોગ્ય છે, આત્મા અને પુદ્‌ગલ વચ્ચેનો તફાવત શું છે ? આત્મિક કાર્ય કયા કયા છે ? શું કરવાથી આત્માની ઉચ્ચદશા પ્રાપ્ત થાય ( પ્રગટ થાય ) ? આવી દશા પ્રાપ્ત કરવાથી આત્માને શું લાભ થાય ? વર્તમાન દશાનું કારણ શું ? વગેરે બાબતનો નિર્ણય કરી તદ્‌નુસાર વર્તવું તેને અધ્યાત્મશૈલી કહેવામાં આવે છે.

સ્થિતિ પરિપાક થયા વિના આવી રુચિ પેદા થાય નહીં જેને શાસ્ત્રમાં કાળલબ્ધિ કહે છે. જૈન શાસ્ત્રાનુસાર પાંચ સમવાય મળે ત્યારે કાર્ય થાય છે. તે છે સ્વભાવ, કાળ, પ્રારબ્ધ, પુરુષાર્થ અને કર્મ આ પાંચેયના યોગે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. પુરુષાર્થ કરવા છતાં જો કાળ લબ્ધિ ન પાકે તો સતપુરુષાર્થ થઈ શકતો નથી. તેથી ચેતન કહે છે કે જેમ આટલો કાળ ચલાવ્યું તેમ હજુ થોડો સમય ચલાવી લે. મારી ઈચ્છા અત્યારે કામ લાગતી નથી કારણ કાળ પાક્યો નથી. કાળ પાકયા પછી હું મારી સર્વસ્વશક્તિને તારા માર્ગે જ વાપરીશ. કર્મ તો બિચારા બાપડા થઈ જશે. જેમ કોઈ સશકત યુવાનને બાંધી હાથ–પગમાં બેડી નાખી દેવામાં આવે તો તે નિરાધાર થઈ જાય છે તેવી સ્થિતિ કર્મની થઈ જશે પણ અત્યારે તો કર્મની બેડી મારા પગમાં પડી છે તેથી હું કાંઈ કરી શકતો નથી. મને મારી સર્વ શક્તિનો ખ્યાલ છે કે મારામાં શું છે ? જેમ એક અનુભવીએ કહ્યું છે,

जैसे तिलमें तेल हैं, जैसे चकमक में आग।
तेरा प्रभु तेरे मे हैं जाग सके तो जाग।।

પોતાની શક્તિ પ્રગટાવવાની શક્તિવાળો જીવ સામર્થ્ય યોગી બને છે અને આનંદઘન સ્વરૂપ ચેતન પરમાત્મા સાથે આનંદ માણે છે.

ચેતનને પરમાત્મ સ્વરૂપ પ્રગટ કરી પરમાત્માપદ પ્રાપ્ત કરવાની ભાવના થઈ છે. તેનાં પર ચિદાનંદજી મહારાજે છત્રીસીમાં કહ્યું છે કે રાગ–દ્વેષ કે નાસતેં, પરમાતમ પરકાસ,

રાગ-દ્વેષ કે જાગતે, પરમાતમ પદનાશ... ૨૩
લાખ બાતકી બાત યહ, તો કું દેય બતાય,
જો પરમાતમ પદ ચહે, રાગ-દ્વેષ તજ ભાય... ૨૪
દેહ સહિત પરમાતમા, એહ અચરજકી બાત,
રાગ-દ્વેષ કે ત્યાગ તેં, કર્મ શક્તિ જરી જાત... ૨૫
ભાઈ એક પરમાતમા, સો હે તુમ મેં યાંહિ,
આપણી શક્તિ સંભાર કે, લિખાવત દે તાહિં... ૨૬

પરમાતમ પદ દૂર નથી. તારી પાસે જ છે. જેમ તલમાં તેલને પત્થરમાં આગ, દૂધમાં ઘી તે તારામાં પણ પરમાત્મશક્તિ છે. તેને પામવાનો પુરુષાર્થ તારે પોતે કરવાનો છે. રાગ અને દ્વેષનો નાશ થતાં પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. સદેહ અવસ્થામાં પણ તે પરમપદની પ્રાપ્તિ શક્ય છે. એ જ આશ્ચર્યની વાત છે. ચેતનમાં બધી શક્તિ છે પણ કર્મોદયે તે કાંઈ કરી શકતો નથી છતાં તેને પોતાની શક્તિનો ખ્યાલ છે, વળી તેને સમજાવું છું કે આ કર્મ પરિણતિ મારી નથી. ચેતના મારી છે. એ રીતે બોલવું– વિચારવું તે ઈચ્છાયોગ છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને લીધે સાંભળેલી વાતનું અર્થજ્ઞાન મેળવી લે, કાર્ય કરવાની ઈચ્છા પણ થાય પણ કરી શકે નહીં તેને ઈચ્છાયોગ કહે છે. ઈચ્છાયોગ આ જીવે ઘણીવાર કર્યો પણ કાર્ય કરવા સમર્થ થયો નહીં. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે,

द्विधायं धर्म संन्यास, योग संन्यास संज्ञितः।
क्षयोपशमिकाधर्मा, योगाः कायादि कर्म तु।।

મોહનીય કર્મનાં ક્ષયોપક્ષમરૂપ ધર્મ સંન્યાસ યોગ છે. અપૂર્વકરણ ગુણસ્થાનથી ધર્મ સંન્યાસ સામર્થ્યયોગ થાય છે ને ચૌદમેં ગુણસ્થાનકે યોગરૂંધનરૂપ યોગ સંન્યાસ થાય છે. ધર્મ સંન્યાસયોગમાં સંન્યાસયોગ





પછી વિશેષ ગુણની પ્રાપ્તિ થતી જાય છે. સર્વ વિરતિભાવમાં પ્રગતિ કરતો જીવ વિશિષ્ટ યોગ સંન્યાસ વડે સામર્થ્ય યોગી બને છે. જ્યાં તેની નિરૂપમ શક્તિ જાગૃત થતાં પરમાત્મ સ્વરૂપ નિજયોગ ધારણ કરી યોગસંન્યાસ સામર્થ્ય યોગી બને છે. જ્યાં તેની નિરૂપમ શક્તિ જાગૃત થતાં પરમાત્મ સ્વરૂપ નિજયોગ ધારણ કરી યોગસંન્યાસ સામર્થ્યયોગી બને છે. આ પ્રકારે ચેતન ! ચેતનાને સમજાવી રહ્યો છે, ભોળી ચેતના સમજી જાય છે. ઈચ્છાયોગથી ચેતનાને મળવા ઈચ્છતો ચેતન જો પુરુષાર્થ ન કરે તો ધર્મ સંન્યાસયોગને ધારણ ન કરે. પતિ તરીકેનો ધર્મ બજાવી શકે નહીં. અંતમાં જે વ્યકિત જે સ્થાને હોય તે વ્યકિતઓએ ત્યાંનું કર્તવ્ય બજાવવું જ જોઈએ.

આ પદમાં ચેતને પોતાની એક નબળાઈ દેખાડી છે તે એ છે કે તે ચેતનાને કહે છે કે તું મારી છો, હું તારો છું પરંતુ હમણાં તારી સાથે રહી શકીશ નહીં કારણકે હજુ એવો યોગ પ્રાપ્ત થયો નથી. કાળલબ્ધિ પાકયા વિના તને ચાહવા છતાં કાર્ય બની શકશે નહિ. અહીં ચેતને કાળ પર પોતાનો આધાર રાખ્યો છે. ચેતનમાં અગાધશક્તિ છે. પુરુષાર્થ દ્વારા તે શક્તિ પ્રગટ કરી શકાય છે. કાળ તો જડ છે. ચેતનને તે શું કરી શકે ? ચેતન જો પુરુષાર્થની ધૂણી જગાવે તો કાળલબ્ધિ સલામ કરતી આવે પણ કાળને વિશેષ મહત્ત્વ આપી, હાથ નીચા કરી નાખવા તે કાયરતાની નિશાની છે. પુરુષાર્થ ઉપડતાં બધાં સમવાય સાથે મળી સામૈયું કરવા આવશે ને સ્વાગત કરશે. સ્વપરિણતિ વરમાળા પહેરાવશે. જ્ઞાની ભગવંતો મંત્રોચ્ચાર કરશે. ચાર ભાવપ્રાણ સ્વરૂપ ચાર ફેરા ફેરવી, ચેતનને પરમાત્મા પદ પર બિરાજમાન કરશે તથા મોક્ષ–મહેલમાં અનંતકાળ સુધી આનંદ કરાવશે.

આ પદમાં કવિશ્રીએ ચેતનની જાગૃતિ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. હવે ચેતનનાં જીવનનું પરોઢ થયું છે. તે આળસ મરડી બેઠો થવા વિચારી રહ્યો છે. તેને પરમપદ પામવાનો નિર્ધાર અને ઉલ્લાસ પ્રગટ થયો છે. આ પદ આધ્યત્મિક ગહનતાના ભાવવાળું વિશેષ આકર્ષક બનાવ્યું છે.

# પદ-૪૪

“तेरी हुं तेरी हुं एती कहुंरी”

પ્રબળ પુરુષાર્થ કરી સાધનાના ઉન્નત શિખરને સર કરવા માટે અંતરપટ ખોલનાર તથા સૂતેલા ચેતનને ઢંઢોળી જગાડનાર એવા શ્રી આનંદઘનજી મહારાજે આ પદ ચેતનાની ઉક્તિ તરીકે ‘ટોડી’ રાગમાં લખ્યું છે. ચેતના મૂંગી રહી શકતી નથી. પોતે કેવી છે તેની ખાતરી આપવા તે ચેતનની સાથે વાતો કરે છે. ચેતનની વાતથી ચેતનાને હજુ સંતોષ થયો નથી. તેના મનમાં અનેક શંકાઓ જાગે છે. તેથી ચેતનને પોતાના પર શ્રદ્ધા બેસી જાય તેવા પ્રયત્ન કરે છે. કવિશ્રી લખે છે,

तेरी हुं तेरी हुं एती कहुरी”
इन बात न मैं देगो तुं जाने, तो करवत काशी,
जाय ग्रहुंरी...तेरी हुं...।।३।।

ચેતનાના પ્રયત્નોથી ચેતન થોડો ઠેકાણે તો આવ્યો પણ હજુ માયાના રંગમાંથી તે મુક્ત થયો નથી. તે મનથી તો સમજે છે કે પોતે જે કાંઈ કરે છે તે ખોટું છે પણ ખોટો રસ્તો તેને ફાવી ગયો હોવાથી છોડવો મુશ્કેલ છે. તેથી ચેતને ચેતનાને આશ્વાસન આપ્યું હતું પણ ચેતનાને એમાં શાંતિ થતી નથી. વળી ચેતનાને લાગે છે કે ચેતનને મારામાં કોઈ શંકા થઈ લાગે છે. તેથી તે ચેતનને કહે છે કે હે સ્વામી ! હું તમારી છું અને તમારી જ રહેવાની છું. મેં આજ સુધી અન્ય પુરુષ તરફ દૃષ્ટિ સુદ્ધાં કરી નથી. અરે મનમાં બીજા કોઈનો વિકલ્પ સુધ્ધાં આવ્યો નથી. પછી દેહની તો વાત જ ક્યાં રહી ? તમારી રાહ જોઈ આશામાં ને આશામાં મેં દીર્ઘકાળ વ્યતીત કરી નાખ્યો. આપના માટે મેં પ્રાર્થના કરી. તપ, જપ, ક્રિયા. અનુષ્ઠાનો કર્યાં. રાત–દિવસ આપનું રટણ કર્યું. મારા રોમ–રોમમાં આપના સિવાય બીજા કોઈનું નામ નથી. હું આપને જ ઝંખું છું. કહ્યું છે,

રોમે રોમ ( ૨ ) હું તારી થાતી જાઉં છું,
તારા પ્રેમમાં પાળુ ભિંજાઉં છું...





હે ચેતનદેવ ! હું રોમ રોમથી તારી છું અને તારી જ રહેવાની છું. તું મને ચાહે કે ન ચાહે પણ હું તો તને ચાહું છું. તારા હૃદયમંદિરમાં માયા–મમતા હોવાને કારણે હું તારી પાસે આવતી નથી અને તે કારણે તને મારા પ્રત્યે કોઈ શંકા હોય તો હું તને ખાતરી આપું છું કે હું તારી જ છું. મારી આ વાતમાં જો અસત્યનો ભાસ તને જણાતો હોય તો હું સોગન ખાઈને કહું છું કે હું મન, વચન, કાયા એ ત્રણે યોગથી શુદ્ધ પતિવ્રત રહી છું.

રામે સીતાના સતીત્વની પરીક્ષા કરવા અગ્નિપરીક્ષા કરી તો શું મારા ચેતનરામને પણ મારી પરીક્ષા કરવી છે ? જે કરવું હોય તે કરો. હું વિશ્વાસથી કહું છું કે હું દરેક વાતમાં સફળ થઈશ, કારણકે મને મારામાં પૂર્ણ શ્રદ્ધા છે.

આ પદમાં ચેતનાએ જે કાશીએ કરવત મૂકવાની વાત કરી છે તે વાત પુરાણાયુગની છે. વ્યવહારમાં બીજા માણસને દૃઢ પ્રતીતિ કરાવવા એવી વાત કરાતી હોય છે કે તમે કહો તો કાશીએ કરવત મૂકાવું ? વળી તે સમયે અંધશ્રદ્ધાળુ માણસો કાશીએ જઈ કરવત મૂકાવી ઈચ્છાપૂર્તિની ભાવના રાખતા હતા કે ઈચ્છાનુસાર બીજા ભવમાં જન્મ મળે. એ આકાંક્ષાએ કાશીએ જઈ પોતાના ઉપર કરવત મુકાવતા. કેટલાક લોકો ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ માટે નિયાણું કરી ગિરનાર પર્વતના ભૈરવ શિખર પરથી પડતું મૂકી આત્મઘાત કરે છે તો કોઈ ભગવાનના રથ નીચે કચરાઈ જવામાં પોતાની જાતને ભાગ્યશાળી માને છે. સ્ત્રીઓ મૃત્યુ પામેલા પતિ સાથે ચિત્તમાં બળી મરવાથી પછીનાં જન્મમાં એ જ પતિ મળશે એ આશાથી પતિ પાછળ સતી થતી હતી. અંધશ્રદ્ધાયુક્ત પ્રણાલિકાગત આવી ક્રિયાઓ કરી માનવ મોતને ઘાટ ઉતરી જતો હતો.

કવિની આ કડીમાં તે સમયના યુગનો પ્રભાવ જણાય છે. તે સમયે લોકોમાં કેવી અંધશ્રદ્ધા હતી તેનું ચિત્ર ખડું થાય છે. કવિએ અહીં વ્યાવહારિક વાતને ચેતનાના મુખમાં મૂકીને પોતાની બુદ્ધિ પ્રતિભાનો પરિચય કરાવ્યો છે.

ચેતન માર્ગાનુસારીપણાથી આગળ વધ્યો છે. તેથી તે સુમતિને સહજ મળ્યો છે. પણ વચ્ચે ક્યારેક અનાદિ મિથ્યાત્વ તેના ઉપર જોર કરે

છે. તેથી પાછો વળી માયા – મમતાના સંગે ચડી જાય છે. ત્યારે ચેતનને પ્રતીતિ કરાવવા શુદ્ધ ચેતના આવા ઉદ્‌ગારો કાઢે છે. ઉદ્‌ગારો દ્વારા ચેતના માયા–મમતા પર પ્રહાર કરે છે.

ચેતના પણ એજ કહેવા માંગે છે કે મેં આજ સુધી બીજા કોઈને ચાહ્યા નથી ત્યારે માયા મમતાતો ઘરે ઘરે ભટકનારી સ્ત્રીઓ છે.

ચેતનને શુદ્ધ સ્વરૂપનો યથાસ્થિત બોધ થયા પછી પણ ચેતન પ્રમાદને કારણે વિભાવમાં પડી જાય છે. શુદ્ધબોધ પર આવરણ આવી જતાં ચેતન શુદ્ધમાર્ગથી કંટાળી જઈ મિથ્યાત્વના કુમાર્ગે ચડી જાય છે અને પ્રાપ્ત સંપત્તિને ગુમાવી બેસે છે. વળી તેને સદ્‌ગુરુ સુમતિ આપી ઠેકાણે લાવે છે. આ પ્રસંગને અનુલક્ષીને આ પદ છે. ચેતના જેવા પતિ પામીને પોતાની જાતને કેટલી ભાગ્યશાળી માને છે.

તે આ પદની બીજી કડીમાં બતાવે છે.

वेद पुरान कतेष कुरान में आगम नगम कछु न लहुंरी
वाचा रे कोर शीखाइ सेवनकी में ते रसरंग रहुंरी...तेरी...।।२।।

શુદ્ધચેતના – ચેતનને પ્રતીતિ કરાવવા કહે છે કે હે નાથ ! તમારા હું કેટલા વખાણ કરું ? જ્યાં હું જાઉં ત્યાં આપ જ નજરમાં આવો છો તથા આપની જ વાતો કાને પડે છે. મેં ચારવેદ, અઢાર પુરાણ, કુરાન વગેરે ગ્રંથો જોઈ લીધા. સર્વજ્ઞ પરમાત્મા કથિત આગમો જોયા, બૌદ્ધ ગ્રંથોના પાને પાના ઉથલાવી નાખ્યાં પણ જ્યાં જોઉં ત્યાં બધે જુદી જુદી રીતે આપ જ બિરાજો છો તેમાં આપના સંબંધી જ વાતો છે તથા આપને પામવા માટેના પ્રયત્નો બતાવ્યા છે. આપને કોઈ વિનાશી કહે છે તો કોઈ અવિનાશી, કોઈ એક કહે છે તો કોઈ અનેક, કોઈ અંશ કહે છે તો કોઈ અંશી કહે. ગમે તે રીતે પણ દરેક સ્થાને આપની વાતો જ મારા મગજમાં આવે છે. હે નાથ ! આપ એટલા બધા પ્રસિદ્ધ છો કે જગતમાં આપના સિવાય આખું જગત શૂન્યવત્ બને છે. દશે દિશામાં આપની જ પ્રસિદ્ધિ છે. આવા પતિને પામી હું ગૌરવ અનુભવું છું. આ પ્રકારે કવિએ શુદ્ધ ચેતનાના મુખેથી ઘણી ચતુરાઈપૂર્વક વાત કરાવી છે. હે નાથ ! આપ આવા મહાન છો. તો આપજ આપની વાણી ફોરવીને સેવન કરવાની વિધિ શીખવો. જેથી હું હંમેશાં આપના જ રસરંગમાં રહું.





હે ચેતન દેવ ! આપનું સ્વરૂપ શબ્દથી પરે છે. તેને અમારા જેવા સામાન્ય લોકો શબ્દજાળમાં કે વાચાના માળખામાં કેમ બાંધી શકે. માટે જ કહું છું કે તું શાસ્ત્રો વડે પ્રાપ્ય નથી. કહ્યું છે,

"શબ્દમાં સમાય નહીં એવો તું મહાન,
કેમ કરી ગાવું પ્રભુ તારા ગુણગાન."

છતાં પણ શાસ્ત્રનું અધ્યયન, ચિંતન કે મનન કરવાથી અનુભવ દૃષ્ટિ ખુલી શકે છે અને દૃષ્ટિ ખુલતાં તારા સત્ય સ્વરૂપનું જ્ઞાન અને ભાન થાય છે. આગમો તારા સ્વરૂપનો સંકેત કરશે પણ આગમો વાંચવા માત્રથી અનુભવ નહીં થાય. આ રીતે મેળવેલું આગમજ્ઞાન ભારરૂપ થશે. નવપૂર્વનાં ભણવાવાળા ( જ્ઞાનવાળા ) સંસારથી પર થઈ શક્યા નથી. કારણકે સ્વરૂપાનુભવ થયો નથી અને અનુભવ જ્ઞાન વિના તારા સ્વરૂપનો નિશ્ચય થઈ શકતો નથી. માટે તારા સ્વરૂપમાં જ છું તેમાં જ લયલીન બની જાઉં તેથી જ મને આનંદની પ્રાપ્તિ થશે. પણ હવે તારી પાસે આવવા શું કરવું એ જ વિચારવાનું છે.

ચેતના આજ વાતને આગળ વધારતાં ત્રીજી કડીમાં કહે છે,

मेरे तो तुं राजी चाहिए, औरके बोलमें लाख सहुंरी
आनंदघन प्रभु वेगे मिला प्यारे, नहि तो गंग तरंग बहुरी...तेरी...।।३।।

ચેતના ચેતનને કહે છે કે હે નાથ ! આ જગતમાં મારે બીજા કોઈનું કામ નથી. એક તું રાજી એટલે મારે મન આખું જગત રાજી છે. ભારતની કોઈપણ સ્ત્રી એમ જ ઈચ્છતી હોય છે કે તેનો પતિ રાજી રહે. પછી ભલે તેને પતિ ઘણું દુઃખ આપતો હોય, પણ પતિની પ્રસન્નતામાં પોતાની પ્રસન્નતા છે. દુનિયા ભલે મને પતિ ઘેલી કહે તેની મને કોઈ પરવા નથી. મારાથી એ બધું સહન થશે પણ આગમ, શાસ્ત્રો તથા ગ્રંથોમાં પ્રસિદ્ધ એવા મારા નાથને હું ક્યારે મેળવીશ તથા તેને કેમ રાજી કરવા એ જ વિચારમાં હું ડૂબી રહું છું. શ્રી બુદ્ધિસાગર મહારાજ સાહેબ કહે છે કે હે આત્મન્ ! તું સદાકાળ મારા ઉપર રાજી હોય તો પછી કરોડો દુશ્મનોનું પણ કાંઈ ચાલવાનું નથી. કર્મની પ્રકૃતિઓરૂપ શત્રુઓ પણ અંતે પરાજય પામીને તારી પૂંઠ છોડી દેશે.

જગતના લોકો જ્ઞાનીનાં વર્તનને, ગાંડા માણસનાં વર્તનની જેમ

ગણે છે. તેને ત્યાગ કરતાં, ધ્યાન કરતાં, કે મનોનિરોધ કરતાં જોઈ લોકો હસે છે. વ્યવહારમાં ક્યાંય રસ ન લે તો દુનિયા તેને મૂર્ખ મૂઢગણી મશ્કરી કરે છે. પણ હું તે બધું સાંભળી લઇશ. બસ તમે આવો એટલું જ હું માગું છું. હવે જો ઢીલ કરશો તો અવસર ચાલ્યો જશે. કારણકે અત્યારે માયા–મમતા તમારાથી દૂર છે અને તમે ઘરના આંગણાંમાં ઊભા છો. દેવ, ગુરુ, ધર્મનો યોગ છે. બધી અનુકૂળતા છે છતાં પણ જો આપ નહીં મળો તો હે આનંદઘન ! હે મારા પ્રભુ ! હું આ સંસારરૂપ ગંગામાં તણાઇ જઇશ. પછી લાંબે ગાળે પણ મારો તમારો યોગ થવો મુશ્કેલ છે. માટે હે આનંદઘન પ્રભુ ! આવેલ અવસરને વધાવી લો અને આપના ઉરમાં સમાવી દો.

આ કડીમાં ચેતના ગંગામાં તણાવવાની વાત કરે છે. એમાં અર્થાપત્તિ રહેલી છે કારણકે ચેતન પણ ચેતના સાથે તણાશે, કારણ ચેતન–ચેતનાનો અભેદ સંબંધ છે, માટે જ કહે છે કે આવેલ અવસર ગુમાવવા જેવો નથી.

ઉપરોક્ત કથન જડસંગી આત્મરામ પ્રત્યે સુમતિએ કહેલું છે. સુમતિ ચેતનને કહે છે કે અત્યારે તમારી પાસે માયા–મમતા નથી માટે તક ઝડપી લો નહીં તો હું શુદ્ધચેતનના ઉજ્જવળ તરંગોમાં મળી જઇશ ને બારમે ગુણસ્થાનકે ચાલી જઈશ. આ પ્રકારે આ પદમાં કવિએ સુમિતિ કુમતિની હદ મર્યાદા બતાવી છે. કુમતિની હદ ત્રીજા ગુણસ્થાનકના અંત સુધી, ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી સુમતિની હદ પછી શુદ્ધ ચેતના તથા શુદ્ધચેતનની જોડી જામે છે તે સાદિ અનંતકાળ સુધી ટકી રહે છે. સુમતિ મળ્યા પછી થોડો જ કાળમાં શ્રેણી શરૂ થઈ જાય છે.

આ પદ પ્રમાણે શુદ્ધચેતના પ્રજ્ઞાશિલા અને સતી છે. ચેતના પોતાનું સતીત્વ પ્રગટ કરવા અને ચેતનને ખાતરી કરાવવા બોલી રહી છે. ચેતના કહે છે કે ગંગામાં હું તણાઈ જઈશ. ચેતનને ચેતના મીઠો ઠપકો આપે છે પણ જો ચેતન ચેતનાને મળે તો સુમતિની ભેદરેખા ભૂંસાઈ જાય અને ઉજ્જવળ શુદ્ધ પરિણતિમાં સુમતિ સમાઈ જાય. પણ કુમતિનાં રંગ તો સુમતિનો નાશ થઈ જાય ને ચેતનને સંસારસાગરમાં ડૂબવાનો વારો આવે છે. “ગંગ તરંગ બહુરી” નો અર્થ થાય છે કે ગંગાનું જળ શુદ્ધિ અને





પવિત્રતાનું પ્રતીક છે એટલે ચેતનના મિલનથી ઉચ્ચ ભૂમિકાની શુદ્ધ પવિત્ર આધ્યાત્મિક અનુભૂતિ કરવી. આ પદમાં શુદ્ધ સ્વરૂપાનુભવનું મૂલ્ય અનેક ગ્રંથોના શુષ્ક અધ્યયન કરતાં કેટલું વધે છે તે મધુર બાનીમાં રજૂ કરેલ છે.

## પદ-૪૫

"ઠગોરી ભગોરી લગોરી જગોરી"

શ્રી આનંદઘનજી મહારાજે 'ટોડીરાગ' માં લખેલા આ પદમાં ચેતનમાં જાગૃતિ આવતાં તેની પરમપદ માટેની લગનીનું વર્ણન કર્યું છે.

ચેતનને આજ સુધીમાં જે સાંસારિક વિષયોમાં આનંદ આવતો હતો તે હવે દુઃખરૂપ લાગે છે કારણકે હવે તેને સ્વ સ્વરૂપનો અનુભવ થયો છે હવે તેની આંખો ખુલી ગઈ છે. એટલા માટે તે હવે માયા – મમતાને છોડવા દૃઢ સંકલ્પ કરે છે. કવિ લખે છે,

ઠગોરી ભગોરી લગોરી જગોરી
ममता माया आतम ले मति, अनुभव मेरी और दगोरी... ठगोरी... ।। १ ।।

ચેતન, માયા–મમતાને કહે છે કે હે ઠગોરીઓ ! તમે ભાગો. હવે મને મારી શક્તિનું ભાન થયું છે. જેમ સિંહનું બચ્ચું ઘેટાનાં ટોળામાં હતું ત્યારે તેને પોતાની જાતનું જ્ઞાન કે ભાન ન હતું પણ જ્યારે તેને સામેના પહાડ પર બીજા સિંહની ગર્જના સાંભળી તથા તેણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું ત્યારે તેને સમજાયું કે મારું અને સામેના પ્રાણીનું શરીર સરખું છે. તે જો આટલો મોટો અવાજ કરી શકે તો હું કેમ ન કરી શકું ? પછી તો પોતાની સર્વશક્તિ એકઠી કરી તેણે ગર્જના કરી તો સિંહ – બચ્ચાની આવી ગર્જના સાંભળી બધા જ ઘેટાં તથા ગોવાળ જીવ લઈને ભાગ્યા.

ચેતનની પણ આવી જ દશા છે. તેણે આજ સુધી અવળી ગણતરી કરી હતી તેથી તે છેતરાઈ ગયો. તેણે જે માન્યું હતું તેમાં મોટો ભ્રમ હતો. આમ ખોટી ગણતરીને સાચી ખતવી નાખવી તેનાં જેવી બીજી કઇ મોટી ભૂલ હોઈ શકે ? જ્યાં ગણતરી જ ખોટી હોય પછી તેનો જવાબ ખોટો જ આવે એમાં નવાઈ શી ? પણ હવે ચેતનને તેની ભૂલ સમજાય છે.

ચેતનની પર દૃષ્ટિ ખસી ગઈ છે. સાચી દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. અનુભવદૃષ્ટિ એ જ સાચી દૃષ્ટિ કદાચ તેને આપણે જ્ઞાનદૃષ્ટિ કહીએ તો પણ ચાલે. આ દૃષ્ટિ મળ્યા પછી જે ગણતરી થાય તે સાચી હોય ને તાળો





પણ સાચો આવે. અનુભવ વિનાની ગણતરી ખોટી જ ઠરે. અનુભવે ભૂલ સમજાય ને પ્રશ્ચાતાપ પણ થાય. પછી બીજીવાર તેવી ભૂલ ન થાય તો ચેતનનું કામ થઈ જાય. આ રીતે ચેતનાની વાતો સાંભળી તે પછી તેને સ્વ સ્વરૂપનું ભાન થયું એટલે જ ચેતન હવે માયામમતાને ઠગારી રહે છે ને તેનો તિરસ્કાર કરી ભગાડે છે. બીજી બાજુ ચેતનાને તે કહે છે કે તમે મારી પાસે આવો. હું હવે જાગૃત થઈ ગયો છું. આજ સુધી હું માયામમતામાં આસક્ત થઇ ફરતો હતો પણ હવે સમજાયું છે કે તે સંબધો દગો દેનારા હતા. આત્મ વિચારણા થતાં જ્ઞાનચક્ષુ ખુલે છે. હવે બીજી કડીમાં કવિ શું વિચારે છે તે જોઈએ.

भ्रात न मात न तात न गात न, जात न वात न लागत गोरी
मेरे सब दिन दरसन फरसन, तान सुधारस पान पगोरी... ठगोरी ।। २ ।।

ચેતન માયા–મમતાને કહે છે કે હે માયાવીતી નારીઓ ? આજ સુધી તમારા સંગમાં રહીને મા–બાપ, ભાઈ–બહેન, પત્ની–પતિ, પુત્ર, કુટુંબીજનો જ્ઞાતિજનોમાં જ હું આસકત હતો. તેનું સુખ તે મારું માની હર્ષ ઘેલો થતો હતો પણ હવે જ્ઞાનદૃષ્ટિ મળતા સમજાયું કે આ બધું ખોટું હતું. જગતમાં કોઈ કોઈનું નથી. આખો સંસાર માયાની જાળ છે. જગતના તમામ પદાર્થો અસ્થિર તથા અશાશ્વત છે. તે કોઈ ચિરસ્થાયી નથી. જ્યાં સંયોગ–વિયોગના ખેલ થતાં હોય, જ્યાં દુઃખની પ્રચૂરમાત્રા હોય એવા આ સંસારને મારો કેમ કહી શકાય ? શ્રી સર્વજ્ઞ પરમાત્મા કહે છે,

"अधुवे असारसंयम्मि, संसारम्मि टुकख पउराए"

અધ્રુવ અને અશાશ્વત સંસારમાં દુઃખ પ્રચુરમાત્રામાં છે, એવો આ સંસાર મારાથી તો પર છે. તેના રહેવા પર મને સુખનું સ્વપ્ન પણ નહીં આવે. આવું જાણ્યા પછી ખોટાઓની તો વાત સાંભળવી ગમતી નથી. આ રીતે ચેતનને હવે મોહ–માયાને કારણે રાગના બંધનોથી પ્રાપ્ત થયેલા મા–બાપ તથા જ્ઞાતિજનોમાં રસ નથી. મારી સાચી માતા જ્ઞાનદૃષ્ટિ છે, કારણકે જે દુઃખમાંથી બચાવે તે માતા. એમ જ્ઞાનદૃષ્ટિએ મને દુઃખ મુક્ત કર્યો. બસ હવે હું મારા સ્વભાવમાં રહું તેની સ્પર્શના કરું. સમ્યગ્દર્શની માટે શાસ્ત્ર વચન છે કે "સરહદે વરૂપે" જેને સર્વજ્ઞપ્રણિત વાણીમાં વિશ્વાસ બેસી ગયો છે તેને માટે સદહામિ, પતિયામિ, રોયેમિ, ફાસેમિ,

પાલેમિ. સ્વરૂપગુપ્તા આત્મા બોલે છે કે હે પ્રભુ ! મને આપની વાણી પર શ્રદ્ધા છે. તેની મને પ્રતીતિ થાય છે. હું આપની વાણીમાં રુચિ ધરાવું છું તેની મને સ્પર્શના થાય છે અને હું તેનું પાલન પણ કરૂં છું. મુમુક્ષુ આત્મા આ પ્રકારે અનુભવે છે એ રીતે ચેતન કહે છે કે મને તો મારા દર્શનમાં આનંદ આવે છે. હવે તો તેની સ્પર્શના કરવાની તાલાવેલી જાગી છે. હું મને પામી, મારામાંજ એકતાન બની જાઉં જેથી તેનું જ અમૃતપાન કર્યાં કરું. હવે મારે મારા સુખ સિવાય બાહ્ય કોઈપણ પદાર્થોની રુચિ નથી. આ શરીર સાથે સંબંધ રાખનારામાં મને ક્યાંય ઉજ્જવળતા દેખાતી નથી.

ચેતનના વિવેકચક્ષુ ખુલતાં વાસ્તવિક સ્થિતિનો બોધ થયો છે. વસ્તુ સ્થિતિ સમજ્યા વગર ઉપર ઉપરથી જે વાત થાય તે વસ્તુગત ધર્મોની અવાંતર સ્થિતિનાં હાર્દમાં વગર તેઓનું સ્વરૂપ વિચારવામાં કે ચીતરવામાં આવે તો તેનો વાસ્તવિક ભાવ હૃદયમાં સ્ફુરે નહીં, ત્યાં તેને સ્પષ્ટ સ્વરૂપ સમજાતું નથી. તેથી તે વાત ચોકખી હોવાની શક્યતા બહુ ઓછી છે.

આ પદમાં 'ગાત' શબ્દનો પ્રયોગ કર્યો છે. જો કે શરીરને પણ ગાત્ર કહેવાય છે. માનવને શરીર પરનો મોહ ત્રાસ આપે છે અને ત્યારપછી છે જાત જેનો બીજો અર્થ થાય છે. જ્ઞાતીઓ જ્ઞાનદૃષ્ટિ ખૂલતાં આ બધું બોજારૂપ લાગે છે. સાંસારિક વિષયો પરત્વે ચેતનને વૈરાગ્ય આવી જાય છે એટલે તે તેમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરે છે.

જીવને જ્યારે શુદ્ધાવબોધ થાય છે ત્યારે જીવની આવી દશા થાય છે. આખા મનુષ્યજીવનમાં એકાદ વખત જો એવો પ્રસંગ બની જાય તો તે વખતે પોતાની યોગ્યતા સમજી યોગ્ય ગુરુની નિશ્રામાં યોગ્ય નિશ્ચય થઇ જાય તો ઉત્તમ કાર્ય થયું ગણાય.

આ સમયે વીજળીના ઝબકારા જેવી આકારની સ્પર્શના થાય છે અને વારંવાર ચિરકાળ લાભ મળતો રહે છે. અહીં ચેતનની દશા ઈચ્છાયોગ સુધી જ છે છતાં પણ આટલું પરિવર્તન થાય તો જ્યારે વિવેકજ્ઞાન થાય પછી તેની દૃષ્ટિ કેવી બદલાઈ જશે.

હવે ચેતન વિશેષ શું બોલે છે તે કવિના શબ્દોમાં જોઈએ.





प्राननाथ विछुरेकी वेदन, पार न पावुं अथाग पगोरी
आनंदघन प्रभु दरशन ओघट, घाट उतारन नाथ मगोरी...ठगोरी...।।३।।

ચેતન કહે છે કે અનુભવદૃષ્ટિ જ મારા પ્રાણની રક્ષા કરશે. તે જ મને સાચું જીવન આપશે, પણ આ દૃષ્ટિનો માર્ગ વિષમ છે. તેના ઉંડાણનો પાર પામી શકાય તેમ નથી, જેમ સમુદ્રના પાણીનો તાગ નીકળી શકે નહીં એ રીતે અનુદૃષ્ટિનો ભાગ મળી શકે નહીં.

જેમ સમુદ્રના ઊંડા જળમાં પડેલી વસ્તુ પાછી હાથ લાગવી મુશ્કેલ છે એ રીતે અનુભવ વિના જીવ, સંસારસમુદ્રમાં ખોવાઈ જાય છે. બીજી રીતે સ્વરૂપાનુભવમાં ડૂબેલો આત્મા સંસારમાંથી નીકળી જાય છે. ચેતન કહે છે મને અનુભવ માર્ગનો વિરહ પડયો છે. આ વિરહકાળ અથાગ છે. મારા પ્રાણ તો મારી પાસે જ છે તેને જાગૃતદશામાં લાવવાની સ્થિતિનો વિરહ પડયો છે. એ જ મોટી પીડા છે. આ પીડા કોઈ બહારની નથી પણ મારી પોતાની છે.

ચેતન કહે છે કે મારું વાસ્તવિક સ્વરૂપ આનંદઘનરૂપ છે. તે સ્વરૂપનાં દર્શન કરી મારે તેનો અનુભવ કરવો છે. પણ એ માર્ગ ઘણો વિષમ ને વિકટ છે. હે આત્મ વિભુ ! આપના દર્શન કરવાના માર્ગનું મને જરાપણ જ્ઞાન ન હોવાથી એ માર્ગ મને વિષમ તથા મુશ્કેલ લાગે છે. તેથી આ દુર્ગમ માર્ગ સરલ બને માટે જ અનુભવરૂપી નૌકા મને આપો જેથી હું મારા સાધ્ય સ્થાને પહોંચી શકું, હે નાથ ! મારા પૂર્વકાળના દોષોની મને ક્ષમા આપો. આપ મારા પર કૃપા કરો. મારો હાથ ઝાલી મને સામે કિનારે પહોંચાડી દો.

ઉપરનું કથન જેમ ચેતન કહે છે તે પ્રમાણે ચેતના પણ કહે છે કે મારા પિતા ચેતનત્વ તેરમે ગુણસ્થાનકે ચાલ્યા ગયા અને શુદ્ધ ચેતનતા મારી માતા પણ પિતાજીની પાછળ તેરમે ગુણસ્થાનકે ચાલી ગઈ. અરે ! બીજું તો શું મારો પેટનો એકનો એક પુત્ર કેવળજ્ઞાન ! તે પણ તેરમે ગુણસ્થાનકે ચાલ્યો ગયો. હું માર્ગમાં ભૂલી પડી ગઈ છું. તે કોઈ મને મળતા નથી અને બધા મારાથી વેગળા થઈ ગયા છે. બસ મારે તો બધા દિવસ હે શુદ્ધ દર્શન ! તારું જ સ્મરણ ને રમણ છે. એમાં જ હું રંગાઈ ને ગરકાવ થઈ ગઈ છું. અહો ! વિશુદ્ધ દર્શન ! હવે મને તારો જ આધાર છે.

મારા ચેતનજી જે થોડાં ઘણા જાગૃત થયા છે તેનો મેળાપ કરાવી આપવામાં સમર્થ હોય તો તું જ એક છે, મને એવો વિશ્વાસ છે.

આનંદઘનજીનું આ પદ ગહનગંભીર છે, તે ચેતનની ઉક્તિ તરીકે તથા ચેતનાની ઉક્તિ તરીકે એમ ઉભય રીતે ઘટાવી શકાય એમ છે. મહાકવિઓની એ જ ખૂબી હોય છે. એમની પંક્તિઓમાંથી એક કરતાં વધુ ગહન-ગંભીર યોગ્ય અર્થ નીકળી શકે છે. આ પદ કવિના અસાધારણ શબ્દપ્રભુત્વની પ્રતીતિ કરાવે છે.





# પદ-૪૬

"चेतन चतुर चोगान लरीरी"

કર્મનું નિકંદન કાઢવા, કમર કસી, કાયાની માયા છોડીને જંગલવાટે વિચરનારા શ્રી આનંદઘનજી મહારાજે, મુમુક્ષુ આત્માએ મોક્ષ માટે કેવી સાધના કરવી તથા તે માટે આત્મવીર્યની સ્ફુરણા કેમ કરવી તેની સુંદર પ્રક્રિયા આ પદમાં બતાવી છે.

સંસારમાં બે શક્તિનું યુદ્ધ ચાલે છે. એક કર્મશક્તિ અને બીજી આત્મશક્તિ. વિશ્વમાં કર્મશક્તિનું સામ્રાજય ઘણું વ્યાપક છે પણ મુમુક્ષુઆત્મા એ શક્તિને ક્ષીણ કરી, આત્મશક્તિને પ્રગટ કરે છે કર્મશક્તિ ને કેવી રીતે મારી હટાવવી તે 'ટોડી રાગ' માં લખે છે.

चेतन चतुर चोगान लरीरी... चेतन
जींत लै मोहराय को लसकर, मिसकर छांड अनादि धरीरी...चेतन...।।१।।

ચેતના, ચેતનને કે છે કે હે ચેતનરાય ! હવે જાગૃત થાવ, ખુલ્લા મેદાનમાં પડવાનો સમય પાકી ગયો છે. ઘરમાં બેસી વાતો ન કરતાં મેદાનમાં જઈ લડો, કારણકે ક્ષત્રિયનો ધર્મ યુદ્ધ કરવાનો છે. યુદ્ધ કરી શત્રુ પર વિજય મેળવે તે ક્ષત્રિય. જેમ કે કહ્યું છે,

**બ્રાહ્મણ કર્મથી થાયે, થાયે ક્ષત્રિય કર્મથી**
**વૈશ્ય કર્મ થકી થાયે, થાયે ક્ષુદ્ર સ્વકર્મથી.**

ઘરમાં બેસી રહેવાથી ક્ષત્રિય બનાતું નથી પણ સમય આવ્યે જેનું લોહી ગરમ થઈ જાય ને કાર્ય કરવા તત્પર કરે તથા યુદ્ધના સમયે જેનું હૃદય થનગની રહ્યું હોય, આવા કર્મયુક્ત જે હોય તેને ક્ષત્રિય કહેવાય છે. ક્ષત્રિય રણ સંગ્રામમાં લડે અને વિજય વરમાળા પહેરી સ્વઘર સિધાવે.

ચેતન પર અનાદિકાળથી મોહરાજાએ રાજ જમાવ્યું છે. ચેતન પોતાની શક્તિને જાણે સાવ વિસરી ગયો છે. પુદ્‌ગલ સંગે રહી, ચેતન પુદ્‌ગલ જેવી ચેષ્ટા કરવા લાગ્યો. ચેતન સાથે અનાદિકાળમાં ક્યારેય કર્મ નહોતા એમ નથી. એક કવિએ કહ્યું છે,

જડને ચૈતન્યની પ્રીતિ રે પુરાણી, અનંત જન્મારામાં કરી શું કમાણી,

મતિ માયામાં મુંઝાણી, આત્મ શક્તિ રે ટાણી, શાંતી નહીં રે મળે,
ચેતન ચાલોને હવે સુખ નહીં પરમાં મળે.

ચેતન, આવા જડ કર્મનો સંગ દીર્ઘકાલીન હોવાને કારણે પામર થઈ મોહરાજાને વશીભૂત થઈ જાય છે. ત્યારે કવિ કહે છે કે ખુલ્લા મેદાનમાં આવો. ગઢમાં રહી લડવું એ તો કાયરોનું કામ છે. જેની પાસે લશ્કર ન હોય, શસ્ત્રો ન હોય અગર તો હિંમત કે શૌર્ય ન હોય તેવા માણસો બાયલા બની કિલ્લામાં રહી લડે છે.

ક્ષત્રિયાણી પોતાનો પતિ કાયર હોય તો તેને કલંક માને છે. તે યુદ્ધ લડે ને વિજય મેળવે, વિજય ન મળે તો શહીદ થઈ જાય પણ યુદ્ધમાંથી પાછો પગ કરે તો ક્ષત્રિયાણી માથું અને છાતી કુટીને રડે છે. માતા કહે છે કે હે પ્રભુ ! મેં આવા કાયરને શા માટે જન્મ આપ્યો, આના કરતાં હું વાંઝાણી રહી હોત તો સારું હતું. માટે જ કહ્યું છે કેઃ –

"જનની જણ તો ભક્ત જણ, કાં દાંતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

ચેતના, ચેતનને કહે છે કે તમે મોહરાજા સાથે યુદ્ધ કરો. ભલે તેનું લશ્કર મોટું છે પણ તમારું લશ્કર કાંઈ નાનું નથી. કૌરવોનું લશ્કર ઘણું જ મોટું હતું તેની સામે પાંચ પાંડવોની શી વિસાત ? છતાં પણ પાંડવોએ પોતાની શક્તિ દેખાડી તો તેનાં નામનો વિજય ડંકો વાગ્યો ને કૌરવો રણ મેદાનમાં રોળાઈ ગયા.

આ રીતે આ પણ અસત્‌વૃતિરૂપ મોહરાજા સામે સદ્‌વૃત્તિઓનું એક કુરુક્ષેત્રનું યુદ્ધ છે. હે ચેતન ! તારી પાસે તો અનંતશક્તિ છે. તારા એકલામાં એ બધાંને ભગાડી મૂકવાની શક્તિ છે. વાસ્તવમાં તું બાહુબલિ છો. મોહરાજાના કામ, ક્રોધ, લોભ વગેરેનો સર્વ પ્રથમ ધીરે ધીરે નાશ કર. એમ કરતાં કરતાં આખા લશ્કરને તું ઉડાડી દે. તું એક વખત મોહરાજા તરફથી દૃષ્ટિ ફેરવી લે અને શત્રુઓનો સામનો કરવા કેશરીયા કર. હે ચેતન ! હું તને વિજયતિલક કરવા આંગણાંમાં જ ઊભી છું. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે,

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमोजओ।।





જેમ દુર્જયસંગ્રામમાં હજારો યોદ્ધાઓને જીતી શકાય છે પણ તેનાથી સર્વશ્રેષ્ઠ તો એ જ કે જે એક આત્માને જીતી લે. માટે સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે આત્મા સાથે યુદ્ધ કરો,

अप्पाणं मेव जुइजाहि, किं ते जुइजेण बज्झओ।
अप्पणां मेव मप्पाणं, जइता सुह मेहए।।

આત્માથી આત્માનું યુદ્ધ કરો, બહાર યુદ્ધ કરવાથી શું ફાયદો ? જે એક આત્માને જીતી લે છે તે સાચું સુખ મેળવે છે.

આત્મા સાથે યુદ્ધ કરવાનો આશય એ છે કે આત્માને લાગેલા વિકારી ભાવો તેમજ કષાયો સાથે યુદ્ધ કરો અને તેમાં વિજય મેળવો. અંદર યુદ્ધ કરવું અતિ કઠિન છે.

पंचिन्द्रियाणि कोहं, माणं, मायं तहेव लोहं च।
दुज्जयं चेव अप्पाणं, सव्वं अप्पे जिए जियं।।

આત્મસંગ્રામમાં પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા અને લોભને જીતવા મુશ્કેલ છે. વાસ્તવમાં મોહકર્મના ઉદયથી ઉઠતી જે જે વૃત્તિઓ છે તે વૃત્તિઓને જીતવાની છે. તે દુર્જેય છે અને તેનાથી દુષ્કર અને કઠિન આત્માને જીતવો છે, સ્વભાવમાં રહેતા સંગ્રામની સમાપ્તિ થઇ જાય છે અને કંઠે વિજય વરમાળા આરોપિત થાય છે.

ચેતન, મોહરાજા સાથે યુદ્ધ કરતો જેમ જેમ મોહના લશ્કરને ઠાર કરતો જાય છે અથવા ભગાડતો જાય છે તેમ તેમ તેનાં ગુણસ્થાનક વધતાં જાય છે. પછી તે એક પછી એક ગુણસ્થાનના કિલ્લાને સર કરતો જાય છે. અંતે બારમા ગુણસ્થાનકના અંતે મોહરાજા સર્વથા નાશ પામે છે. તેથી એ ગુણસ્થાનકને ક્ષીણમોહગુણસ્થાનક કહેવામાં આવે છે. "मिसकर" નો અર્થ કાળાશ થાય છે. અનાદિકાળથી ધારણ કરેલી કર્મમળરૂપ શ્યામતા તેને લાગેલી છે. તેને દૂર કરી હે ચેતન ! તું મોહરાજાને મારી હઠાવ, મિથ્યાત્વરૂપ અજ્ઞાન હટતાં ચેતન આગળના ગુણસ્થાનકે આગળ વધતો જાય છે. ચેતના, ચેતનને મોહરાજા સાથે તુમુલ યુદ્ધ કરે તેવી ભલામણ કરે છે.

ચેતના કહે છે કે હે ચેતન તને ખોટી લડાઈઓ કરવાની ટેવ પડી છે. તે છોડી હવે તારા સ્વરૂપ યોગ્ય ગંભીરતા ધારણ કરી લે. યુદ્ધ કરવાની

કળા હોવી જોઈએ. યુદ્ધ કેમ કરવું તે ચેતના બીજી કડીમાં કહે છે,–

नांगी काढल ताडले दुश्मन, लागे काची दोइ घरीरी।
अचल अबाधित केवल मनसुक, पावे शिव दरगाह भरीरीर...चेतन...।।२।।

મ્યાનમાંથી બહાર કાઢેલી તલવાર તથા ખંજર લઇને દુશ્મનોનું મસ્તક વાઢી નાંખ. અહીં મોક્ષપામવાની ઈચ્છારૂપ તલવાર અને સ્વરૂપ પ્રાપ્તિનું ખંજર લઈને મોહરાજાને ભગાડી દે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે:

निसग्गुवए सुरुई, आणारुई सुत्त बीयरुइमेव।
अभिगम वित्थाररुई, किरिया संखेज धम्मरुई।।

આત્મયુદ્ધ કરવા માટે દશ પ્રકારની રુચિ કેળવવી જોઈએ. તે આ પ્રમાણે છે. ( ૧ ) નિસર્ગ ( ૨ ) ઉપદેશ ( ૩ ) આજ્ઞા ( ૪ ) સૂત્ર ( ૫ ) બીજ ( ૬ ) અભિગમ ( ૭ ) ક્રિયા ( ૮ ) વિસ્તાર ( ૯ ) સંક્ષેપ ( ૧૦ ) ધર્મ. આત્મા જ્યારે આ પ્રકારે રુચિ કેળવે છે ત્યારે ઇન્દ્રિયોના વિષયો વિરામ પામી જાય છે અને સ્વસન્મુખ થઈ સ્વરૂપસ્થ થવા પોતાની સર્વરુચિને સ્વ તરફ વાળે છે. જેથી મોહરાજા પોતાના સૈન્ય સાથે આત્મપ્રદેશનાં એક ક્ષેત્ર અવગાહનને છોડી જોય છે. જૈન વૈભવ અને વિલાસ જ પ્રિય છે તેને તેનો ખોરાક ન મળતાં ઊભી પૂંછડીએ ભાગે છે. કવિ કહે છે કે આત્મધર્મ એ તો ક્ષત્રિયનો ધર્મ છે. આ માર્ગ શૂરવીરનું કામ છે. શત્રુ પર દયા ખાવાનો આ ધર્મ નથી. માટે હે આત્મન્ ! તું ક્ષત્રિય થઈ મોહને મારી નાખ. જેમ શ્રી કૃષ્ણ અર્જુનને યુદ્ધ માટે પ્રેરિત કરી ક્ષત્રિયત્વને પ્રગટાવવા બોધ આપતાં કહે છે,

स्वधर्ममपि चाविक्ष्य न विकम्पितुमर्हसि।
धर्माधम्याध्दि युद्धच्छेयोऽन्यत्क्षत्रियस्य न विद्यते।।

હે અર્જુન ! તારા ક્ષત્રિયધર્મનો વિચાર કરીને પણ તારે લડતાં અચકાવું યોગ્ય નથી. કારણ કે ધર્મને અનુસરતા યુદ્ધ કરતાં ક્ષત્રિયને માટે બીજું કાંઈ વધારે કલ્યાણકારક નથી. માટે શત્રુઓની દયા ન ખાતાં તું તારું ધનુષ્ય તૈયાર કર.

ચેતના કહી રહી છે કે કર્મ તો તારા શત્રુઓ છે. તેની દયા ન ખાવાની હોય. હે આત્મન્ ! તારી વીતરાગદશાને પ્રગટ કરવા તારે રાગ





– દ્વેષાદિ શત્રુઓ સાથે યુદ્ધ કરવું પડશે. હે ચેતન ! પૂર્વે અનંત તીર્થંકરો થઈ ગયા. તેના માર્ગે તારે ચાલવાનું છે. ચાર ઘાતી કર્મોરૂપ મહાશત્રુઓ તને પીડી રહ્યાં છે માટે હાથમાં તલવાર તથા ઢાલ લઈ શૌર્યવાન બની સંગ્રામ રમી લે. જ્યારે મોહરાજા જીતાઈ જશે ત્યારે તારી અનેક શક્તિઓ ખીલી ઉઠશે. આઠમા ગુણસ્થાનકને અંતે ક્ષપકશ્રેણી શરૂ થતાં અંતમુર્હૂતમાં આત્મા તેરમે ગુણસ્થાનકે જઈ કેવલ જ્ઞાન–દર્શન પ્રગટ કરે છે. બારમાં ગુણસ્થાન સુધી એક મોહ ઉપર જ જીવનું ધ્યાન હોય છે. તેને ઉડાવતો આગળ વધે છે. સાથે બીજી પ્રકૃતિઓ આવે તેનો ક્ષય કે ક્ષયોપશમ કરતો જાય છે, આટલા નાના સમયમાં આટલા મોટા મોહનીયકર્મને ઉડાડવાની તારામાં તાકાત છે. કર્મના મોટા સમૂહને પ્રદેશોદયથી વેદી નિર્જરા કરીને તું દુશ્મન વગર થઈ જાય એવી તારામાં શક્તિ છે. કાચી બે ઘડીમાં તો તું કેવળજ્ઞાન લઈ શકે છે. જેમ બહારમાં વિજયી બનતાં અધિકાર, સેના, ધનભંડારો વગેરે પ્રાપ્ત થાય છે તેમ આત્મવિજયી બનતા તું સર્વ વસ્તુના બોધરૂપ કૈવલ્યજ્ઞાનને પ્રગટ કરીશ તથા અનંત ગુણરત્નોનો ભંડાર ખુલી જશે. એટલું જ નહીં તું, ત્રિલોકનાથ ત્રિભુવન સ્વામી બનીશ.

શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ કહે છે,

શ્રી સુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદતણીજી.

આ રીતે ત્રણલોકની સર્વ પદવીનો તું માલિક બનીશ. આ પદની કડીમાં 'મુનસફ' શબ્દ કવિએ રાખ્યો છે તેનો અર્થ છે હે ચેતન ! તું સર્વ જગતનો વડો થઈ સર્વદ્રવ્યને જાણનાર અને જોનાર બનીશ. 'શિવદરગાહ' નો અર્થ છે તું મોક્ષ દરબારમાં પહોંચી જશે. અહીં મોક્ષરૂપ દરગાહની વાત કરેલ છે. જીવનું ચરમ ને પરમ લક્ષ્ય છે મોક્ષ. જેને સર્વોત્કૃષ્ટ સ્થાન કહેવાય છે. દરગાહ તે ફારસી શબ્દ છે તેનો બીજો અર્થ થાય છે મહંત પુરુષોનું અંતિમ નિવાસસ્થાન, પીર અથવા મોટા સંતનું નિવાસસ્થાન એટલે કે જ્યાં તેને ભૂમિદાહ દીધો હોય તે સ્થાનને મુસલમાન લોકો 'દરગાહ' કહે છે. બૌદ્ધ લોકો સ્તૂપ કહે છે. જૈન લોકો શિવસ્થાન એટલે મોક્ષસ્થાન અથવા સિદ્ધગતિ પામેલા લોકો ( આત્માઓનું ) સ્થાન તે

સિદ્ધશિલા એ અર્થમાં અહીં "શિવ દરગાહ" કહેવામાં આવી છે. વળી 'દરઘા' નો અર્થ કચેરી પણ થાય એટલે 'મુનસફ દરગાહ' એટલે વડાની કચેરી.

આત્મશત્રુને ઓળખનાર સદ્ગુરુ હોય છે. ગુરુના યોગે અને તેના સત્સંગથી શત્રુને ઓળખી સંગ્રામ રમવામાં આવે તો તેમાં સફળતા સાંપડે છે. ગુરુ વિના શત્રુને નાથવા અશક્ય અને અસંભવિત છે.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે,

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યાં થકી, પ્રાયે બમણો થાય.

આત્મપ્રદેશ પર કષાયરૂપ શત્રુઓ સ્વછંદપણે ફરી રહ્યા છે. તેને સદ્ગુરુના યોગ વડે રોકી શકાય છે. પણ જો સદ્ગુરુનો યોગ ન મળે તો રાક્ષસી માયાની જેમ તે બમણા થઈ બમણું જોર બતાવે છે. માટે આભ્યંતર શત્રુને જીતવા યુદ્ધ કરવા કવિનો આદેશ છે. આ પદની ત્રીજી કડીમાં કવિ બતાવે છે,

और लराइ लरे सो बोरा, सूर पछारे भाउअरिरी,
धरम मरम कहा बुझे न और, रहै आनंदघन पद पकरीरी चेतनकी...।।३।।

આ કડીમાં લડાઈની વાત છે. કવિ કહે છે કે સાધારણ માણસ સાથે યુદ્ધ કરવું તે કોઈ બહાદુરી નથી. બીજા સાથે યુદ્ધ અને સંઘર્ષ કરવાથી માનવ વધારે દુઃખી થાય છે. વાતાવરણ કલુષિત બની જાય છે. એક સાથે યુદ્ધ કરતાં બીજા અનેક શત્રુઓ ઊભા થાય છે. એક નાનું રાજય મેળવી લેવું તે કોઈ મોટી બહાદુરી નથી. બહાદુર તો તેજ છે કે જે ભાવ દુશ્મનોને મારી ભગાડી મૂકે. બહાદુર રજપૂતો સ્ત્રીઓ સાથે, વૃદ્ધો સાથે કે નિઃશસ્ત્ર માનવ સાથે યુદ્ધ કરતાં નથી. તે રીતે સાચો મુમુક્ષુ પોતાના ભાવશત્રુ સાથે યુદ્ધ કરી સ્વરાજય મેળવે છે. રાગ–દ્વેષને કારણે માનવ–માનવ વચ્ચે યુદ્ધ થાય છે. સ્વાર્થ તથા ઈર્ષાને કારણે પણ યુદ્ધ થાય છે. આ પ્રકારની લડાઇ અનંતસંસારની વૃદ્ધિ કરે છે. તેથી આવું કાર્ય કરવું તે બુદ્ધિમત્તાનું કામ નથી. મૂર્ખ માણસ આવું કરે છે. ત્યારે ભાવયુદ્ધ તો સંસાર ઘટાડનારૂ છે. આ યુદ્ધનું પરિણામ હંમેશાં સારૂં આવે છે. અને તેથી જ આત્મા અચલ, અવ્યાબાધ કૈવલ્ય લક્ષ્મીને પ્રાપ્ત કરે છે, પર પરિણતિથી





બાહ્ય લડાઈ થાય છે. ત્યારે સ્વપરિણતિમાં સ્થિરતારૂપ આત્મ લડાઈ શરૂ થાય છે.

હે ચેતન ! તું તો શૂરવીર છો. તું તારા શત્રુઓનો એવી રીતે નાશ કરજે કે જે ફરી વખત ઊભા જ ન થાય. ચેતનને અહીં શંકા થાય છે કે આપણા પૂર્વજો તો 'अहिंसा परमो धर्मः' કહેતા ગયા છે ત્યારે અહીં તો હિંસાની જ વાતો છે. વળી કહ્યું છે કે 'દયા ધરમકા મૂલ હૈ પાપ મૂલ અભિમાન" તો અહીં તો દયાને કોઈ સ્થાન જ રહેતું નથી. આવો તે કોઈ ધર્મ હોઈ શકે ખરો ? શાસ્ત્ર કહે છે કે તમે તમારા દુશ્મનને પણ પ્રેમ કરો તો બીજી બાજુ એમ કહે છે કે શત્રુનો સંહાર કરવો એ તારો ધર્મ છે.

હે ચેતન ! શાસ્ત્રમાં ભાવદયા તથા દ્રવ્યદયાની વાતો કરી છે. ત્યારે બીજી રીતે ભાવદયા તથા સ્વરૂપદયા શબ્દ પણ છે. આ રીતે ધર્મ કરતાં હે ચેતન ! તને અવશ્ય શાંતિ, સમાધિ પ્રાપ્ત થશે.

આ પદમાં કવિએ આનંદઘન સ્વરૂપ પરમાત્માના પગ પકડી લેવાની વાત કરી છે. જેમાં દાસત્વભાવ પ્રગટ થાય છે. જેનામાં આવે ભાવ પ્રગટે તે પગ પકડવાનું કામ કરે છે. બીજું કે દાસત્વભાવ નમ્રતા સૂચક છે. અભિમાની કદી દાસ બની શકે નહીં. જો દાસ ન બની શકે તો મોક્ષનો અધિકારી ક્યાંથી થાય ? ગુરુના દાસ બનીને રહેતા ધર્મનો મર્મ જાણી શકાય છે, સ્વરૂપદશારૂપ ધર્મ ગુરુગમ વિના જાણી શકાતો નથી અને ભાવ લડાઈ પણ સમજી શકાતી નથી. કવિએ આ આખા પદમાં ભાવ લડાઈની વાત કરી છે.

આ જીવને અનાદિ કાળથી લડાઈ કરવાની તો ટેવ છે જ પણ આ પદમાં દિશા પરિવર્તન કરેલ છે. માટે જ કવિ ચેતનને ચોગાનમાં આવી યુદ્ધ ખેલવા આહ્વાન કરે છે. ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાન સુધી જીવ નાના રાજ્ય મેળવે છે. આવા રાજ્ય મળે અને ચાલ્યા જાય પણ એક વખત વિશ્વ વિજયી બન્યા પછી હારનો પ્રશ્ન ઊભો રહેતો જ નથી. માટે યુદ્ધકળા તો ગુરુગમ વિના શક્ય નથી.

કવિશ્રીએ આ પદમાં આંતરિક યુદ્ધમાં વિજયી બનનારને છેવટે મોક્ષગતિરૂપી કેટલો બધો લાભ થાય છે. તેનો મહિમા સમજાવી ભવ્યાત્માને

યુદ્ધ માટે તૈયાર કર્યાં છે અથવા તો રણભેરી વગાડી લડવૈયાઓને સજ્જ થવા, જાગૃત કર્યાં છે, તથા વીરત્વ જગાડવા વીરરસ પીરસી અનોખું કામ કર્યું છે.

આ પદ આત્મજાગૃતિનું પદ છે.





## પદ-૪૭

'पिय बिन निशदिन झुरूं खरीरी'

યોગી શ્રી આનંદઘનજી મહારાજે વિવિધ પાસાથી માનવમનને તથા ચેતનની શુદ્ધદશાને પામવાનો પ્રયત્ન કર્યો છે. પૌદ્‌ગલિક મન ચેતનને પુદ્‌ગલ તરફ ખેંચે છે ત્યારે બીજી બાજુ શુદ્ધચેતના ચેતનને પોતા તરફ ખેંચે છે. અનાદિકાળથી આ લડાઈ તો ચાલતી આવી જ છે. પણ જ્યારે ચેતનનો પુરુષાર્થ નબળો પડે ત્યારે પૌદ્‌ગલિક કર્મોનો વિજય થાય છે અને ચેતનને બંદીવાન બનાવી પોતાને તાબે કરી લે છે અને ચેતન જો પોતાનું શૌર્ય જાગૃત કરે તો કર્મ જંજીર તોડી ચેતના પાસે જવા દોડી શકે છે, પણ તેમ થતું નથી.

કવિશ્રી આનંદઘનજીએ 'ટોડી રાગ'માં આ પદમાં કહ્યું છે,

पिय बिन निशदिन झुरूं खरीरी... पिय
लहुकी वडीकी कांनि मिटाइ, द्वार ते आंखे कब न हरीरी पिय।। १।।

શુદ્ધચેતના શ્રદ્ધાને કહે છે કે હે સખી! મારો ચેતનપતિ પાછો આવીશ એમ કહીને ચાલ્યો ગયો છે. ખબર નથી કે તે ક્યારે આવશે ? તેની રાહમાં ને રાહમાં હું રાત–દિન ઝૂર્યાં કરું છું. મારી ઊંઘ વેરણ થઈ ગઈ છે. ખાવાનું પીવાનું બોલવાનું હરામ થઈ ગયું છે. શોકમાં ને શોકમાં નાના– મોટાની શરમ પણ છૂટી ગઈ છે. મારા એ પિયુની રાહ જોતી આંખો દરવાજા પર સ્થિર થઈ ગઈ છે. તે ત્યાંથી ખસતી જ નથી.

આર્યાવર્તની કુલીન સ્ત્રીઓ સંયુક્તકુટુંબમાં રહેતી હતી એ સમયે કુળવધૂઓ ઘુંઘટ કાઢતી હતી. તે પોતાના પતિનું મોઢું ઘૂંઘટમાંથી જોતી. વડીલોની હાજરીમાં તે ઘૂંઘટ ઊંચો કરી પતિ સાથે વાતો કરી શકતી ન હતી. આ પ્રથા આજે લુપ્ત પ્રાયઃ થઈ ગઈ છે. કવિ પોતાના સમયનું ચિત્ર ખડું કરી આ પ્રથાનો નિર્દેશ કરે છે. ચેતના કહે છે કે ચેતનના દર્શન કરવા માટે પોતે એટલી બધી ઘેલી થઈ ગઈ છે કે નાના – મોટાની શરમ પણ જાળવી શકતી નથી.

આ કડીમાં કવિએ વ્યવહારદૃષ્ટિથી અધ્યાત્મભાવો સમજાવવા પ્રયત્ન

કર્યો છે. ચેતના, જ્ઞાનદૅષ્ટિથી ચેતનની રાહ જોયા કરે છે ને એમ થાય છે કે ચેતનજી હવે ક્યારે સ્વભાવ દશામાં આવશે.

શુદ્ધસ્વભાવને પ્રગટ કરવાનો માર્ગ સરલ છે પણ ચેતનનો વિભાવમાંથી રસ છૂટતો નથી. હમણાં જ તેઓ તો કહી ગયા કે હું અમર છું તે મને હવે સમજાયું છે. માટે હમણાં જ આવું છું અને તેથી હું પ્રમત્ત – અપ્રમત્તમાં દરવાજા પર અનિમેષ નજરે મારા નાથની રાહ જોયા કરું છું. પણ કુમતિ મારા નાથને મારા મંદિરે આવવા દેતી નથી. છતાં પણ સંયમરૂપ દરવાજે હું મારી જ્ઞાનચક્ષુથી નિહાળી રહી છું. જો તે આવે તો પ્રમત્ત – અપ્રમત્ત ગુણસ્થાનકથી આગળ વધી પ્રગતિ કરી શકે. પણ કુમતિ પોતાનો પ્રભાવ પાછો પાડે છે ને ચેતનને પોતાના પ્રમત્તરૂપ ઘરમાં ભરમાવીને લઈ જાય છે. ચેતના કહે છે કે તે મારા સ્વામીને મૂર્ચ્છારૂપ મદિરાનું પાન કરાવે છે. મિથ્યાત્વરૂપ ધતૂરાનું ભક્ષણ કરાવી અવિવેકરૂપ ગાંજાની ચલમ ભરી આપે છે જેથી ચેતનનું ભાન ઠેકાણે રહેતું નથી. તેથી પતિ વિયોગે ઉદાસ થઈને હું ફરી રહી છું.

કુમતિની દશાનું વર્ણન કરતાં કવિ કહે છે,

पट भूखन तन भौक न ओढे, भावे न चोकी जराउ जरीरी।
सिव कमला आली! सुख नक पावत, कौन गिनत नात अमरीरी... पिय।।२।।

શુદ્ધચેતના, ચેતનના વિરહમાં એવી ડૂબી ગઈ છે કે તેને પોતાનાં કપડાંનું પણ ભાન રહ્યું નથી. તેને ઉઠવું – બેસવું – ખાવું કે પીવું તેવી કોઈપણ શારીરિક ક્રિયા પ્રત્યે લક્ષ રહ્યું નથી. પહેરલાં કપડાં સારા છે કે નહીં ? માથે ઓઢયું છે કે નહિ ? એવી પણ સૂઝ તેને રહી નથી. શરીર પરનાં આભૂષણો હીરાનાં છે કે ચોકીના તે જોવા પણ તે અટકતી નથી, કારણકે અત્યારે તેની નજર પતિના સિવાય અન્ય કોઈ સ્થાને નથી. સંસારીલોકો જેને પતિઘેલી કહે છે તે પ્રમાણે ચેતના પતિઘેલી બની ગઈ છે. તેને શરીર પર પહેરેલાં વસ્ત્રો પણ બોજારૂપ લાગે છે. આભૂષણો વીછીનાં ડંખ જેવી વેદના આપે છે. શોકાતુર હૃદયની આવી દશા થાય તે સ્વાભાવિક છે. ત્યારે બીજી રીતે જોતાં સમ્યક્દશા પ્રગટ થયા પહેલાં દરેક વ્યકિત આવી દશામાંથી પસાર થાય છે અથવા તેને ઉત્તમદશા પ્રાપ્ત કરવા ઝૂરણા આવ્યા વિના ઉચ્ચદશાને પામી શકાતી નથી. દરેક મુમુક્ષુએ આવી





ઝૂરણા પ્રગટાવવી પડે છે. વેદનાથી વ્યાકુળ થવું પડે છે.

કવિનો અહીં સંકેત છે કે સ્ત્રીઓની ચોસઠ કળામાં વસ્ત્ર તથા આભૂષણોની સજાવટ પણ એક કળા છે. સ્ત્રીઓ પતિને પ્રસન કરવા શણગાર સજે છે. પરંતુ જો પતિ તે સ્ત્રીની સામું પણ જુએ નહીં તો શૃંગાર કોના માટે સજવો ?

ચેતના કહે છે કે આવા આભૂષણો તો દેવાંગનાઓ પણ પહેરે છે. મારે આભૂષણોનાં સુખ જોઈતાં નથી. મારે જોઈએ છે મોક્ષપુરીના શાશ્વત સુખ. એ સુખ આગળ દેવાંગનાઓના સુખની કોઈ કિંમત નથી કારણકે પૌદ્‌ગલિક છે. જેને એક વખત ઇન્દ્રિયાતીત સુખનો અનુભવ થયો હોય તે જ તેની કિમત જાણી શકે. વિશેષતા તો એ છે કે આવું સુખ મલ્યા પછી દુઃખ ઘેરી વાદળી તેને સ્પર્શી શકતી નથી. ઇન્દ્રિયજન્યસુખ તો દેવગતિમાં ઘણાં ભોગવ્યાં. જૈનશાસ્ત્રોમાં એનું આબેહૂબ વર્ણન છે. દેવતાઓને ઉત્પન્ન થવાના ઢોલિયાને રાતા સોનાના પાયા છે. મણિરત્નના પડવાયા છે. લીલા સોનાનાં ઈસ ઉપળા છે. રાતા સોનાની સાંધું જડી છે. વજ્ર હીરામય ખીલા જડયા છે. મણિરત્નની પાટીથી તે ઢોલિયો ભર્યો છે. તુલમાની તળાઈ છે. રાતા સોનાનો ગાલીચો છે. સફેદ સોનાની સોડ છે. લાલ સોનાનાં પાથરણાં છે. જાંબલી રંગના સોનાના ઓશીકાં છે. ગેડવી રંગ સોનાના ગલ મસુરીયા છે. મણિરત્નના ઓછાડથી તે ઢોલિયો બીછાવેલ છે અને પંચવરણો પંખો ઝુલી રહ્યો છે. આવાં સુખો હવે મારે જોતાં નથી પણ મારે જોઈએ છે મોક્ષનગરનાં સુખ. જેના શિખરે બેસી મારો આત્મારૂપી મોર ટહુકા કરે. વળી ચેતના કહે છે કે હે સખી શ્રદ્ધા ! મને એકપણ વસ્ત્ર ગમતું નથી. મારા પતિ, કુમતિની સોબતમાં એવા પડી ગયા છે કે તેથી મારા દિલમાં ભારોભાર દુઃખ છે. આવા દુઃખથી ઘેરાયેલી મને પ્રભુપ્રેમરૂપી સાડીને ધ્યાનરૂપી આભૂષણો પહેરવા રુચતાં નથી. જ્યારે ધણી જ ઘરમાં ટકતો ન હોય તો પછી આભૂષણો પહેરવાનો શું અર્થ છે ? ચેતનને જો મારામાં રસ કે રુચિ ન હોય ત્યાં વળી શિવલક્ષ્મીની વાત જ ક્યાં રહી ? તેને તો એવી વાતો સાંભળવી પણ ગમતી નથી.

આ કડીમાં જે ચોકીના દાગીનાનો નિર્દેશ છે તે ધ્યાનના ચાર પાયારૂપ ચોખંડા નંગથી જડેલ ધ્યાનસ્થ ચિત્ત સ્થિતિરૂપ દાગીનો પહેરું

છું, તો તેથી પણ મને ખેદ થાય છે. અરે ! મોક્ષકમળા પણ મને સુખ આપી શકતી નથી. ચેતના શ્રદ્ધાને આ રીતે દિલ ખોલીને વાત કરે છે.

હવે ચેતનાની આંતરિક સ્થિતિ કેવી છે તે આપણે આ પદની ત્રીજી કડીમાં જોઈએ:

**सास विसास उसास न राखें, नणंदी नीगोरी भोरी लरीरी;**
**ओर तबीब न तपति बुझावे, आनंदघन पीयुष झरीरी; पिय।।३।।**

કવિએ આ કડીમાં સંસારીસંબંધોનું રૂપક પ્રયોજીને અધ્યાત્મના ઊંડા રહસ્યને પ્રગટ કર્યું છે. ચેતના કહે છે કે મારી સાસુ તો મારા પતિનો એક શ્વાસોશ્વાસ જેટલો પણ વિશ્વાસ કરતી નથી.

અહીં આયુસ્થિતિરૂપ સાસુ ગણવામાં આવી છે. જીવ આયુષ્યકર્મના આધારે ચારગતિમાં ફર્યા કરે છે. જીવ દરેક ગતિને યોગ્ય શરીર ધારણ કરે છે. પણ આયુષ્ય બળના આધારે જીવ એ શરીરમાં એટલો વખત જ રહી શકે. આયુષ્ય પૂર્ણ થતાં એક ક્ષણ પણ ચેતન આ શરીરમાં રહી શકતો નથી. એટલે ચેતના કહે છે મારી સાસુ તો મારા પતિનો એક શ્વાસ લેવા જેટલો પણ વિશ્વાસ રાખતી નથી. ચેતનની વિભાવદશાને લઈને આયુષ્ય સ્થિતિ મારી સાસુ થાય છે. અને તેથી ચેતન પોતાના સાચા સગાને ઓળખી શકતો નથી, બીજી રીતે જોતા એ અર્થ ફલિત થાય છે કે પતિ વિના એક શ્વાસો શ્વાસ જેટલા કાળનો પણ વિશ્વાસ રહેતો નથી. વળી આ નાગોરી નણંદ પણ એવી છે કે સવારથી રાત સુધી મારી સાથે લડયા જ કરે છે. તે સાવ નાના બાળક જેવી ભોળી છે. જેમ બાળકને બહાર લઈ જઈએ તો જે વસ્તુ જુએ તે લેવાનું મન થાય ને ન મળે તો રડવા લાગે, પછડાટી ખાય એવી અનેક ક્રિયાઓ તે કરે છે. એ રીતે તૃષ્ણારૂપી મારી નણંદ પણ એવી છે કે જે પદાર્થ જુએ તે લેવાનું મન થઈ જાય હું પદાર્થના સ્વરૂપને જાણું છું તેથી ના કહું છું તો પણ તે મારી સાથે લડયા જ કરે છે. તેને ગમે તેટલું આપવામાં આવે તો પણ તે ધરાતી નથી. મારી પાસે ન ચાલે તો તેના ભાઈ પાસે જઈ મીઠું મીઠું બોલી તેની પાસેથી ધાર્યું કામ કરાવી લે છે. નણંદ એવી જબરી છે કે ભાઈ – બહેન એક થઈ જાય છે અને મને એકલી અટુલી કરી નાખે છે. તેથી પતિ વિરહ મને દાહજવર જેવો લાગે છે. હું તો અંદર બહાર બધેથી બળ્યા કરું છું. મારી વેદના મટાડનાર





આ જગતમાં કોઈ વૈદો કે હકીમો નથી. કારણકે એ તો શરીરનાં દર્દો દૂર કરી શકે છે. પણ મારા હૃદયની આગ કોણ શાંત કરી શકે ? પણ જો આનંદઘન રસનો વરસાદ પડે તો મને શાંતિ થાય આ વિરહાગ્નિરૂપ દાવાનળને શાંત કરવા આનંદરસના પ્રવાહની જરૂર છે. આ રોગની દવા આનંદઘન વૈદ્ય કરે તો જ શાંતિ મળી શકે.

ચેતનની આ દશા પલટાવવા તે જાતનાં સાધનો એકઠાં કરવા, તથા દ્રઢ નિશ્ચય કરવો તે આવશ્યક છે. આનંદરસનો વરસાદ માણવા જેમ જેમ નિર્ણય થશે તેમ તેમ કુમતિનો સંગ છૂટી જશે.

બીજી રીતે અર્થ વિચારતાં તૃપ્તિ નણંદ, સદ્ગુરુ વૈદ્ય, કાળલબ્ધિરૂપ પુરુષાર્થની દવા અથવા ઈલાજ કરવાથી સુમતિની ઈચ્છાપૂર્ણ થાય છે. વળી નણંદનું કાર્ય મિલન કરાવવાનું હોવાથી પુરુષાર્થને આધારે ચેતન–ચેતનાનું મિલન થયા પછી નણંદ તો ખસી જાય. ચેતન–ચેતનાનું મિલન થતાં કેવળજ્ઞાનરૂપ બેટડાનો જન્મ થાય છે. અનંતકાળ સુધી સુખમાં બિરાજમાન થાય છે.

## પદ - ૪૮

"मायडी मुने निरपख किणही न मूकी"

પડદાની પાછળ રાખેલા પ્રતિમાના દર્શન માટે દર્શનાર્થીઓ અત્યંત ઉત્સુક હોય છે. જ્યારે પડદો હટે છે ને દર્શન થાય છે ત્યારે ભક્તજનોનાં હૈયા શ્રદ્ધા, ભક્તિ વડે ભાવવિભોર બની જાય છે. તેમ આ પદમાં કવિ આનંદઘનજીએ રહસ્યદર્શન કરાવ્યું છે. જેમ પાષાણમાંથી પ્રભુ પ્રગટ થાય તેમ આ પદમાં શબ્દદેહે ચેતના પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.

'મારું જંગલો' નામના રાગમાં ગાયેલ આ પદમાં કવિ કહે છે,

मायडी मुने निरपख किणही न मूकी, [२]
निरपख रहेवा धणुंइ झुरी, धीमे निज मति फुंकी....मायडी।।६।।

ચેતન તથા ચેતનાનો અભેદ સંબંધ છે. ચેતના કદી પણ ચેતનથી અલગ સંભવી શકે નહીં ત્યારે તે શુદ્ધ ચેતનાના નામથી ઓળખાય છે.

અહીં ચેતનાએ જે ભાવ બતાવ્યો છે તે તેની શુદ્ધદશાની સાપેક્ષવૃત્તિને આધારે છે. ચેતના અને સુમતિને ઘનષ્ઠિ સંબંધ છે. આજ સુધી સુમતિએ ચેતનને સમજાવવા પ્રયત્ન કર્યાં તે ચેતનાને લઈને કર્યાં છે. વિભાવદશામાં ચેતના અને સુમતિ જાણે એક જ વ્યક્તિનાં બે પાસાં હોય તેવું લાગે છે.

બીજી દૃષ્ટિએ વિચારતાં બને અત્યંત ગાઢ સખીઓ હોય અને બંને પરસ્પર દુઃખે દુઃખી થતી હોય તેવું લાગે છે. તેથી જ કવિએ આ પદમાં 'માયડી' શબ્દનો પ્રયોગ કર્યો છે.

ચેતના સુમતિને કહે છે કે હે માયડી ! હું આજ સુધી ચેતનની સાથે છાયાની જેમ ફરતી રહી કારણકે પતિની સાથે રહેવું તે પત્નીનો ધર્મ છે. જ્યાં પતિ ત્યાં સતી. રામની સાથે સીતા રાજમહેલની રાણી બનીને રહી તો જંગલની વાટે પણ તે જ સાથે ચાલી. તેમ હું પણ મારા પતિની સાથે સાથે જ રહી છું પરંતુ મારે જ્યારે નિષ્પક્ષ રહેવું ત્યારે ચેતનની ઈચ્છાનુસાર મારે પક્ષ લેવો પડે છે. ચેતનને નય–પ્રમાણનું જ્ઞાન ન હોવાથી તે વારંવાર એક બાજુ ઢળી જાય છે. આવા વખતે જો સુમતિનો સુયોગ હોય તો ચેતનને સત્ય સ્વરૂપનું ભાન થાય છે. નહીં તો પોતે તો ઢળે છે અને મને





પણ સાથે ઘસડતો જાય છે. હું શુદ્ધ રહેવા પ્રયત્ન કરું છું તો પણ તે મને ધમકાવે છે. 'નિજમતિ ફુંકી' જેમ કોઈ માનવ સામી વ્યક્તિ ઉપર કામણ ટૂમણ કરી અથવા તો મંત્ર જંત્ર કરી વશ કરે અને પોતાની ઈચ્છાનુસાર તેની પાસે કાર્ય કરાવે છે. એ રીતે ચેતન મારા ઉપર પોતાની મતિની ફૂંક મારે છે અને મને તેના ઈશારે ચલાવે છે. દુર્યોધનના હાથમાં ગયેલી સતી દ્રૌપદીનાં જેમ ભરી સભામાં ચીર ખેંચાયા તેમ વૈભાવિકદશારૂપ દુર્યોધનના હાથમાં મને નાખી દીધી છે.

અધ્યાત્મના ક્ષેત્રમાં જીવે નિષ્પક્ષ રહેવું જોઈએ. કોઈપણ મત કે પંથના વાડાઓ બહુધા એકપક્ષીય હોય છે. ચેતન આવા વાડામાં પૂરાઈ ગયો છે. કોઈ આત્માને વ્યાપક માને છે તો કોઈ એક જ આત્મા માને છે. કોઈ ઈશ્વરનો અંશ કહે છે તો કોઈ પંચભૂતથી ઉત્પન્ન થતો આત્મા માને છે.

ચેતના કહે છે કે મારા શુદ્ધ સ્વરૂપને અને ચેતનના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા પછી કોઈપણ વાડાબંધી રહે નહીં.

શ્રી ચિદાનંદજી મહારાજે આવા જ ભાવનું સરસ વર્ણન કર્યુ છે.

અવધ નિરપક્ષ વિરલા કોઈ, દેખ્યા જગ સહુ કોઈ,
સમરસ ભાવ ભલા ચિત્ત જા કે, થાય - ઉથાપ ન હોઈ.
અવિનાશી કે ઘરકી તાં, જાનેંગે નર સોઈ... અવધ...

આખા જગતમાં દૃષ્ટિ કરતાં નિષ્પક્ષ કોઈ વિરલ માણસ જ હોય છે. જેના ચિત્તમાં બધા જ ધર્મ તથા દર્શન માટે સમરસ ભાવ વર્તતો હોય તે કોઈનું થાપે કે ઉથાપે નહીં, તેવી વાતોમાં રસ પણ ન લે. જ્યાં અવિનાશી આત્મ સ્વરૂપની વાત હોય ત્યાં પ્રેમપૂર્વક જાય ને વાતો સાંભળે.

શ્રી ચિદાનંદજી કહે છે,

નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે,
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે,
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા,
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા....

સંત પુરુષો નિંદા કે સ્તુતિમાં હર્ષ કે શોક કરતા નથી. આવા

સમભાવી સાધકો હંમેશાં ઉપર ઉપરનાં ગુણસ્થાનકોમાં આરોહણ કરતાં રહે છે. તેનાં આત્માની શીતળતા મુખમુદ્રા પર છવાઈ જાય છે. તેઓ ચંદ્ર સમાન સૌમ્ય, સાગર જેવા ગંભીર, ભારંડ પક્ષી જેવા અપ્રમત્ત અને સુરગિરિ જેવા ધીર હોય છે.

આવા વીરલા પુરુષો પરમત સહિષ્ણુ હોય છે. અમુક મત કે દર્શન પોતાને માન્ય છે તેથી તેનો પક્ષ કરવો જોઈએ પણ જે સત્ય હોય તેના ગ્રાહક બની, પક્ષપાતરહિત બની, પરમતસહિષ્ણુતા કેળવવી જોઈએ, નિષ્પક્ષનો અર્થ આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં મનને સમભાવમાં રાખવું તથા મનને સ્થિતિસ્થાપકતામાં રાખવું. કોઈપણ સ્થિતિમાં ચિત્તને ડહોળી દેવું ન જોઈએ. ચેતના પણ નિષ્પક્ષ રહેવા ઈચ્છી રહી છે પણ ચેતનને કારણે તે આવી દશા પામી છે. ચેતનાના કેવા બૂરા હાલ થાય છે તે કવિના શબ્દોમાં જોઈએ–

जोगीए मिलीने जोगण कीधी, जतीए कीधी जतणी;
भगते पकडी भगताणी कीधी, मतवासी कीधी मतणी मायडी।।२।।

યોગમાર્ગે ચાલનારા જોગીએ પોતાનો માર્ગ જ સાચો છે તેમ માની મને જોગણી બનાવી દીધી. તેઓ જોગણીના ઉપાસક હોય છે. તેઓ ચંડિકા, મહાકાળી, મહામાયા, ભદ્રેશ્વરી વગરે જુદી જુદી દેવીઓને માને પૂજે છે. આવા કેટલાક જોગીઓ કાનકટા તેમજ કોઈ ડોકમાં પથ્થરની માળા પહેરે છે. તેઓ જગતને માયારૂપ માને છે. માટે માયા સ્વરૂપ દેવીઓની પૂજા – ઉપાસના કરી તેને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. ચેતન જ્યારે તેમાં ઢળી ગયો ત્યારે જોગીઓની જમાતમાં મને પણ જોડી દીધી ને મને જોગણ બનાવી દીધી પછી મારી પૂજા – ઉપાસના કરવા લાગ્યો પણ મારૂં સત્ય સ્વરૂપ કોઈ સમજતા નથી. તેઓ પોતાના પક્ષ સિવાય અન્યત્ર સત્યદર્શન કરી શકતા નથી. તેઓ તો પોતાથી વિરુદ્ધ વિચારના લોકોને મહાઘાતકી, મહાપાતકી સમજે છે. તેને જુદાં જુદાં નામોથી જાણે છે જેમકે નાસ્તિક, મિથ્યામતિ, કાફર વગેરે. તિરસ્કારભરી દૃષ્ટિથી જુએ છે. અરે ! આશ્ચર્યની વાત તો એ છે કે ખુદ ચેતન પણ મને જોગણી માની મારી પૂજા કરે છે હું ક્યાંય બહાર નથી, તેની પાસે જ છું છતાં અજ્ઞાનમાં ઘેરાઈ તે મને જોઈ શકતો નથી. આવી દયનીય મારી દશા છે.





વળી કોઈ યતિઓ મને યતણી બનાવે છે. બૌદ્ધો યતિઓ કહેવાય છે. સંન્યાસીઓ ભગવા વસ્ત્રધારી, કોઈ રામભક્ત તો કોઈ શિવભક્ત હોય છે. જોગી અને યતિમાં એટલો ફેર છે કે જોગીઓ દેવ–દેવીઓના ભક્ત હોય છે ત્યારે સંન્યાસીઓ ઘણું કરીને અભેદ માર્ગને અનુસરનારા અને શિવભક્ત તો કોઈ પરબ્રહ્મને માનનારા હોય છે. ભક્તિમાર્ગને અનુસરનારા કેટલાક હોય છે. જ્ઞાન, ધ્યાન, તપ, જપ કે વ્રત કાંઈ કરવાની જરૂર નથી, ભગવાનની ભક્તિથી ભગવાન મળી જાય છે. ભક્તિમાર્ગીઓ જ્ઞાનયોગ અને કર્મયોગને ગૌણ કરી નાખે છે. તેઓ એમ માને છે કે મુક્તિ તો ભક્તિમાર્ગથી પ્રાપ્ત થાય છે. ભક્તિમાર્ગીઓ પ્રભુના ગુણાનુવાદ કરતાં કરતાં તેનાં ચરણોમાં સમર્પિત થઈ જાય છે. ભક્તિનાં તાનમાં ગાવું – બજાવવું – નાચવું – કૂદવું, તાળીઓ પાડવી વગેરે ક્રિયાઓ કરે છે. તેઓ ભક્તિમાર્ગને એટલું બધું મહત્વ આપે છે કે ભક્તિ સિવાય મોક્ષ માટે બીજું કશું જ કરવા જેવું નથી. આ એકાંતવાદી છે.

આ રીતે જુદા જુદા મતને માનનારાઓ મેં તેના માનેલા મતમાં આસક્ત કહે છે. કોઈ ૐ નો ઉચ્ચાર કરે છે તો કોઈ શિવોડહંને માને છે. કોઈ રાખ લગાવી, હાથમાં ચીપીઓ રાખી અલખમાં મગ્ન રહેનારા છે. આ રીતે ચેતન જેના જેના સંગમાં ગયો તેના તેના રંગમાં રંગાયો અને મને પણ તેવા જ રંગે રંગી દીધી. સ્વમતાગ્રહથી વિકળ થયેલી આંખો અન્યદર્શનની વાતો સાંભળવા કે જાણવા પણ તૈયાર નથી. માટે જ ચેતના કહે છે કે જ્યાં જ્યાં ચેતન સાથે હું ગઈ ત્યાં મારું એકાંત સ્વરૂપ થતું ગયું ને મારામાં મલિનતા વધતી ચાલી. ચેતનની પણ આવી જ દશા થઈ છે.

કવિ આનંદઘનજી વર્ણવે છે :

राम भणी रहेमान भणावी, अरिहंत पाठ पढाई,
घर घरने हुं धंधे विलगी, अलगी जीव सगाई...मायडी।।३।।

લોકોએ મને પોત પોતાની માન્યતા અનુસાર રામ, રહેમાન, અરિહંતનો પાઠ ભણાવ્યો. જાપ કરાવ્યા પણ તેનો સાચો ભાવાર્થ હું સમજી શકી નહીં. જે આત્મભાવમાં રમે તે રામ અર્થાત્ સ્વભાવમાં રમણ કરે તે રામ. જેણે પોતાના બાહ્ય–અભ્યંતર શત્રુઓને જીતી લીધા છે તે

અરિહંત. જે વ્યક્તિ એવા શત્રુઓને હણે છે અથવા હણવા પુરુષાર્થ કરે છે તે વાસ્તવમાં અરિહંત ભક્ત છે. તેના નામની જો માળા ફેરવવામાં આવે તો તે વ્યક્તિને સાર્થક છે. આ રીતે ચેતના કહે છે કે જુદા જુદા મતાધિકારીઓએ મને આ રીતે યંત્રવત્ પાઠ કરાવ્યા પણ કોઈએ તેનો હેતુ કે સાધ્ય સમજાવવા પ્રયત્ન ન કર્યો.

ચેતન સ્વયં રામ સ્વરૂપ છે. અરિહંત સ્વરૂપ છે પોતે જ ભગવાન છે પણ એ સ્વરૂપ પ્રાપ્તિની રીત કોઈએ બતાવી નહિ. દરેકે પોતાના સ્વાર્થ ખાતર મારી પાસે ઘર ઘરના કામ – ધંધા કરાવ્યા. કોઈએ ધન માટે તો કોઈએ શરીરના સ્વાસ્થ માટે. કોઈએ સંતાન – માટે તો કોઈએ શારીરિક સુખ માટે આ પ્રમાણે વિધવિધ જાતનાં નામોચ્ચારણ કર્યાં ને કરાવ્યાં પણ કોઈએ પરમાર્થ માટે કાંઈ કર્યું નહીં જેથી હું મારા સ્વરૂપને તો ભૂલી પણ આત્મા સાથે મારે શું સગાઈ છે તેવા જ્ઞાનથી પણ વંચિત કરી નાખી.

આ પ્રકારના કાર્યમાં હું એકલી દોષિત નથી. પહેલાં તો ચેતન દોષિત છે. તે ઢળે છે ને મને પણ ઢાળે છે. તેથી જ તો ધર્મના બહાના નીચે આજે કેટલાય ગચ્છ, પંથ, વાડા વગેરે વધી ગયા છે. માટે જ શ્રી આનંદઘનજીએ ચૌદમાં પ્રભુનાં સ્તવનમાં કહ્યું છે,

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયા કાલિકાલ રાજે,

ધાર તરવારની...

ધર્મના નામે સ્વચ્છંદ સેવનારાઓ પોતાના મત વિસ્તાર માટે અનુયાયીઓની સંખ્યા વધારી, અહમ્‌નું પોષણ કરે છે. તેઓ તત્ત્વની મોટી – મોટી વાતો તો કરે છે પણ એ તત્ત્વને જીવનમાં ઉતારતા નથી.

શ્રી આનંદઘનજી ચોથી કડીમાં કહે છે,

कोईए मुंडी कोईए लोची, कोईए केश लपेटी,
कोई जगावी कोई सुती छोडी, वेदन किणही न मेटी...मायडी...।।४।।

ચેતના કહે છે કે હે માડી ! મારા જે હાલ – હવાલ થયા છે તેની હું શું વાત કરું ? એ લોકોએ મારા પર કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી, કોઈએ મારા પતિનું મસ્તક મુંડાવ્યું, તો વળી કોઈએ દાઢી, મૂછને મસ્તકના વાળનો લોચ કર્યો તો કોઈએ વળી વાળ બાંધી દીધા. જૈન સાધુઓ લોચ





કરે છે. સંન્યાસીઓ માથું મુંડાવે છે. તો કોઈ સાધુઓ વાળ વધારી જટાધારી બને છે ને માથે મોટો અંબોડો રાખે છે. દરેક પોતપોતાના ધર્માનુસાર ક્રિયાઓ કરે છે. પણ ક્રિયાઓ પાછળનો ભાવ સાવ ભાંગી પડયો છે. ફક્ત ક્રિયાઓ રહી ગઈ છે. "સાપ ગયા ને લીસોટા રહ્યા" જેવી દશા છે. ફકત લોચ કરવાથી કે મસ્તક મુંડન કરવાથી સાધ્ય સિદ્ધ થતું નથી.

શ્રી યશોવિજયજી મહારાજ લખે છે કેઃ–

મુંડ મુંડાવત સબહી ગડરીયા, હરિણરોઝ બનધામ,
જટાધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતું હૈ ધામ...
એ તે પર નહિ યોગ કી રચના, જો નહિ મન વિશ્રામ,
ચિત્ત અંતર પટ છલવેકું ચિંતવત્ કહા જપત મુખરામ..
જબ લગ આવે નહિ મન ઠામ...

જો માથું મુંડાવવાથી જ કલ્યાણ થતું હોય તો ઘેટાં વારંવાર વાળ કપાવે છે. ભૂંડના શરીરના વાળનો લોચ કરવામાં આવે છે. તો તેનું જલ્દી કલ્યાણ થઈ જવું જોઈએ. વળી જટા વધારવાથી ધર્મ થતો હોય તો વડલો તો વડવાઈઓની જટા વધારીને ઊભો છે પણ તેથી આ જીવને શું લાભ ? હરણ, રોઝ વગેરે વનમાં જ વસે છે તો વનમાં રહેવા માત્રથી શું ? આ બધી ક્રિયાઓ સાથે યોગ ભળે તો ક્રિયા લાભદાયી નીવડે છે. યોગની સ્થિરતા સાધવી તે યોગીઓનો ધર્મ છે. જ્યારે ચિત્ત અને મનની સ્થિરતા આવે ત્યારે સર્વ ક્રિયાઓ સફળ થાય છે. મૌન ધારણ કરી લેવા માત્રથી કાંઈ વળતું નથી. જો વચનગુપ્તિ થઈ ન હોય તો મૌન કરીને મનમાં ગુસ્સો આવે છે. મલિન વિચારો આવે છે તો મૌનરૂપ ક્રિયા કરવાથી કોઈ લાભ થતો નથી. મૌનમાં ભાષા સમિતિ અને મનગુપ્તિ હોવી આવશ્યક છે. પણ અત્યારે તો ચેતનજીએ મૌનમાં, લોચમાં પરિપૂર્ણતા માની લીધી છે. જો મન, વચન, કાયાના યોગની લગામ, હાથમાં ન રહે તો મહાઅનર્થ સર્જાય જાય છે. ચેતન માટે આમ જ બન્યું છે.

આ રીતે ધર્મના નામે વેશધારીઓ તથા ક્રિયાકાંડીઓ એમાં ધર્મ માને છે પણ એવા બાહ્ય વેશથી શું ? નાટકિયા જેમ રાજાના, શેઠના, ભિખારીના વેશ ધારણ કરે છે પણ વાસ્તવમાં તે રાજા કે શેઠ કે ભિખારી

નથી તેમ ભાવવિનાની કોઈપણ ક્રિયા–અનુષ્ઠાન ફળદાયી બનતા નથી. કોઈએ અલખ જગાવવાને ધૂણી પ્રગટાવવા મને જગાડી, કોઈએ દુઃખ ગર્ભિત વૈરાગી બની મને જાગૃત કરી. પણ કોઈએ મારી શુદ્ધ દશા જગાડવા મને જગાડી નહીં.

શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કેઃ–

आर्तध्यानारव्यमेकं, स्यान्मोहगर्भ तथाऽपरम।
सज्ज्ञान सङ्गुतं चेति, वैराग्यं त्रिविधं स्मृतम्।।

વૈરાગ્ય ત્રણ પ્રકારના છે.

(૧) આર્તધ્યાન નામક (૨) મોહગર્ભિત અને (૩) સદ્જ્ઞાનયુક્ત વૈરાગ્ય.

વસ્તુતઃ જ્યાં સુધી શુદ્ધજ્ઞાનપૂર્વક વૈરાગ્ય ન આવે ત્યાં સુધી વાસ્તવિક લાભ થતો નથી. આ રીતે અધકચરા વૈરાગ્યથી કોઈએ મને જગાડી તો કોઈએ મને સુવરાવી દીધી. આવું બધું કરવા છતાં મારી પતિ વિરહની વેદના ઓછી ન થઈ.

ચેતના, પોતાની અંતરવેદના સુમતિને કહીને હૃદય હળવું કરે છે. ચેતનાને એવું લાગે છે. કે પોતાની વાત સાંભળનાર આ જગતમાં કોઈ છે ખરું ! તેથી કહે છે કે હે સખી ! મેં કેટલાય વેશ ભજવ્યા તને વધારે શું કહું ? મારી વાત સાંભળ ચેતના કે છે,

कोई थापी कोई उथापी, कोई चलाती कोई राखी।
एक मनो में कोई न दीठौ, कोईनो कोई नवि राखी...मायडी...।।५।।

મારી હાલત તો એવી થઈ છે કે સહુ કોઈ મને પોતાના મતાનુસાર થાપે–ઉથાપે છે. રામાનુજ અને વલ્લભાચાર્ય શુદ્ધદ્વૈતવાદી હોવાને કારણે પુરુષ અને પ્રકૃતિમાં ભેદ સ્વીકારે છે. પુરુષ એટલે ઈશ્વર. ઈશ્વરને ઈચ્છા થવાથી અણુમાં પ્રકૃતિ ક્ષોભ થાય છે. એમ કહી બંને ભિન્ન છે. તેમ માને છે. ચેતનમાં ઇશ્વરનો અંશ છે માટે કોઇ સમયે પુરુષને અને કોઈ સમયે પ્રકૃતિને સ્વીકારે છે. ભેદમાર્ગ સ્વીકારનારા મારી એક અંશે સ્થાપના કરે છે. પરંતુ મારું સત્ય સ્વરૂપ તો તેઓ સમજી શક્યા નથી. છતાં મારી સ્થાપના કરી. ત્યારે નાસ્તિક મતવાળા તો મારું ઉત્થાપન કરી નાંખે છે. અદ્વૈત, શુદ્ધાદ્વૈત ને વિશિષ્ટાદ્વૈતવાદીઓએ મને દૂર ફેંકી દીધી. તેણે તો મારું





અસ્તિત્વ જ રહેવા દીધું નથી.

અદ્વૈતવાદી = મીમાંસકો શુદ્ધાદ્વૈતવાદી = શંકરાચાર્ય છે.

ક્ષણિકવાદી = બૌદ્ધ અનુયાયીઓએ સ્વીકાર્યો છે.

આ રીતે એ બધાએ મારા વ્યકિતત્વનું ઉત્થાપન કરી નાખ્યું ત્યારે જે ભેદવાદીઓ છે તેઓ ચેતનાને સ્વીકારે તો છે પણ પ્રલયકાળે સર્વ વિનાશ થઈ જાય છે પછી શુભાશુભ કર્મફળનો ભોક્તા કોણ ? તેઓ ગોટાળાવાળી ચલાવ્યે રાખે છે. આ રીતે ભેદવાદીઓએ મને ચલાવી.

વળી કોઈ કહે છે કે ચેતના અનાદિ છે. તે ઈશ્વરકૃત છે ને ઈશ્વરનો અંશ છે. અંશ–અંશીમાં મળી જાય છે. આ રીતે મને રાખી ને પણ મારું ઉત્થાન કર્યું નહીં.

ચેતના સુમતિને કહે છે કે હે માડી ! આ રીતે હું અનેક જગ્યાએ ગઈ. પરંતુ ક્યાંય એક મનવાળા કે એકમતવાળા મેં જોયા નથી. બધાના મત જુદાં છે. કોઈના વિચારો કે શબ્દની એકતા નથી. જેથી આ જગતમાં મારે માટે તટસ્થ રહી સાચો ન્યાય આપનાર નથી. દરેકમાં સત્ય સમજણનો અભાવ છે. સ્વમત સ્થાપના માટે ઘણા પ્રયાસો થાય છે. પણ પરમત સહિષ્ણુતાનો અથવા સત્યાંશના સ્વીકારનો અભાવ જોવામાં આવે છે. ચેતન આ વાતનો ઉપર ઉપરથી ખેદ કરે છે, પણ વસ્તુધર્મનો સ્વીકાર કરવા કે સમજવા ઉંડાણમાં પ્રવેશ કરતો નથી. સહુ કોઈ પોતપોતાની વાત લઈને બેઠા છે. એમાં નથી ક્યાંય ન્યાય કે નથી કોઈ સાક્ષી. દૂરાગ્રહને કારણ હે માવડી ! હું તો નિષ્પક્ષ રહી શકી નથી. આવી અંધાધૂંધીભરી સ્થિતિમાંથી હું પસાર થઈ રહી છું. અહીં બળિયા–બળિયા લડી રહ્યા છે. તેમાં મારી તો શું સ્થિતિ હોય તે આપ જ કહો.

કવિ આવી સ્થિતિ વર્ણવતાં કહે છે,

धांगो, दुरबलनें ढेलीजें, ढींगें ढींगो बाजे।
अबला ते किम बोली शकीए, बड जोद्धाने राजे...मायडी...।।६।।

જગતમાં શબ્દની, શસ્ત્રની, હસ્તની, બાહુની, મુઠ્ઠીની વગેરે ઘણી લડાઈઓ હોય છે જેમાં સબળ અને નિર્બળ વચ્ચેના યુદ્ધમાં તો ખાતરી જ હોય છે કે સબળ જીતશે. પણ જ્યારે સબળ – સબળનું યુદ્ધ થાય ત્યારે જોનારાને વિશેષ મજા આવે છે. એ લડાઈ જોવા જેવી હોય છે. કારણ

પરિણામ જાણવાની દરેકને ઉત્સુકતા રહે છે. રસાકસી કઈ બાજુ ઢળે છે તે જોવાનો આનંદ આવે છે, પણ અહીં તો મોહરાજા પોતાના પ્રબળ પરિવાર અને મહારથી યોદ્ધાઓ સાથે બહાર આવે છે. ચેતનજી સાથેની આ લડાઈ કમનસીબે સબળ – નિર્બળની લડાઈ છે, મોહરાજા ચાર કષાય, નવ નોકષાય, પાંચ ઈન્દ્રિયો વગેરે પ્રકારના મહારથીઓનું લશ્કર લઈને ચેતન સાથે યુદ્ધ કરવા આવ્યો છે. પણ ચેતન એવો દુર્બલ છે કે તે માયા–મમતાને દાસ થઈ ગયો છે. અત્યારે તેની એવી સ્થિતિ છે કે તે પોતાના પરિવારનું નામ સુદ્ધાં ભૂલી ગયો છે. અત્યારે તેની એવી સ્થિતિ છે કે તે પોતાના પરિવારનું નામ સુધ્ધાં ભૂલી ગયો છે. આવા સંજોગોમાં લડવું તો બાજુ પર રહ્યું પણ આવા મોટા મોટા યોદ્ધાઓ વચ્ચે મારા જેવી અબળા સ્ત્રીને બોલવું તે પણ યોગ્ય ન કહેવાય.

ચેતનમાં અચિંત્યવીર્ય છે. તે ધારે તો બધાને એક ઝાટકે ઉડાડી દે પણ તે પોતાની શક્તિનો વિચાર કરતો નથી. અરે ! ઘણી વખત તો ચેતન માર ખાઈને ઘરે આવે છે. છતાં ચેતનની આંખ ઉઘડતી નથી. તેની અજ્ઞાનદશાનાં ફળ મારે પણ ભોગવવાં પડે છે.

હે માડી ! હું તને કેટલી વાતો કરું ? મને તો હવે આવી વાતો કરવામાં પણ શરમ આવે છે. મારે આ વરાળ કાઢવી ન જોઈએ પણ નીકળી જાય છે. મારી હૈયાવરાળ મારા હૈયામાં સમાતી નથી. ચેતનને કારણે મારે કેવાં કેવાં કામો કરવા પડે છે તે સાંભળીશ તો તારું હૃદય ધ્રુજી ઉઠશે. મારી વાત સાંભળ :

જે જે કીધું જે જે કરાવ્યું, તે કહેતાં હું લાજું,
થોડે કહે ઘણું પ્રીછો લેજો, ઘર સતર નાહિ સાજું...માયડી...।।૭।।

હે મારી વ્હાલી સખી સુમતિ ! તને હું મારી કરમ કથની દિલ ખોલીને કહી રહી છું, વિભાવને વશ થઈને મેં કેવાં કેવાં કાર્યો કર્યાં તે સાંભળ તો તારી આંખોમાં પણ પાણી આવી જાય. મેં ધર્મને નામે હિંસા– જૂઠું–ચોરી–પરિગ્રહ, સંચય, માયાચાર વગેરે ઘણું કર્યું. ધનના ઢગલા કર્યાં, કન્યાદાન દીધાં, પીપળે તુલસીના ક્યારામાં પાણી રેડયું, મહામાયાને તૃપ્ત કરવા મદિરા પીધી, કાલિકાને સંતોષવા બત્રીશો ચડાવ્યો. અંબિકાને આરાધવા બોકડાનું બલિદાન આપ્યું, શક્તિને સંતોષવા મદ્ય – માંસ ને





રૂધિરનું પાન કર્યું. પરભવમાં ઈચ્છિતસ્થાન મળે માટે કાશીએ જઈ કરવત મુકાવી. પ્રભુના નામે લાખો રૂપિયાની પેઢીઓ ચલાવી. ગુરુપદે રહી ખોટા ઉપદેશ આપ્યા, અનુયાયીઓને લૂંટયા, છેતર્યાં, અભિમાન કરી આડંબર વધાર્યો. યોગ્યતા વિના પધરામણીઓ કરાવી. પરભવમાં ઈચ્છિત વસ્તુઓ મળવાની ચિઠ્ઠીઓ લખી આપી. ધર્મના અધ્યક્ષ બની આવકમાં હિસ્સો માંગ્યો. અન્યધર્મનું સ્વરૂપ સમજ્યા વગર તેમાં રહેલા સત્યાંશનું અસ્તિત્વ જાણ્યા – વિચાર્યાં વગર પરધર્મનું – પરતીર્થનું અને તેના અનુયાયીઓની નિંદા કરી.

આ રીતે યથાર્થ ધર્મના સ્વરૂપને ન ઓળખી મેં ઘણાં અધમ આચરણો કર્યાં છે. હું મારી અધમતાની તને કેટલી વાત કરું ? આવી વાતો કરતાં પણ મને શરમ આવે છે. કોઈએ મને જોગણ તો કોઈએ મને જતિયણ બનાવી અને તેમાં હું એવી તો એક થઈ ગઈ હતી કે મને લોકો કહે એ જ સત્ય લાગતું હતું. બીજે સત્યના દર્શન થતાં જ નહોતાં. એવી તો સંકુચિત દૃષ્ટિ થઈ ગઈ હતી. આવાં કામો મેં કર્યાં અને કોઈએ મારી પાસે કરાવ્યાં. વિપરિત માન્યતાને કારણે હું નિષ્પક્ષ પણ રહી શકી નહીં કારણકે ચેતનની વિપરીતદશાની છાયા મારા પર હતી.

હું નિષ્પક્ષ રહેવાને બદલે મતાગ્રહી બની બેઠી હતી. આવી મારી વિચિત્ર પરિસ્થિતિ હતી. ટૂંકમાં કહું તો મારું ઘર સાજુ નથી. પુરુષની દૃષ્ટિએ ન गृहं गृहमित्याहुर्गृहिणी गृहमुच्यते" ઘર એ ઘર નથી પણ સ્ત્રીએ ઘર છે તેમજ સ્ત્રીની દૃષ્ટિથી પતિ તેનું સર્વસ્વ હોય તેને ઘર કહેવાય. જે ઘરમાં સંપ, સંગઠન, સ્નેહ, પ્રેમ તેમજ પતિ – પત્ની એકબીજા પોતાના ધર્મનું પાલન કરે. ઘરમાં બીજું કોઈ ઘૂંસી, તોડ–ફોડ ન કરી શકે તેનું નામ ઘર. ચેતના કહે છે મને મારા રોદણાં રોતા પણ લાજ આવે છે. અનુભવીઓએ તો ઘરને તીર્થ કહ્યું છે. તીર્થ એટલે પવિત્ર સ્થાન તીર્થ જ્યાં જવાથી પવિત્ર થવાય અથવા જેનાથી તરી જવાય તે તીર્થ. આવા તીર્થસ્થાનોમાં જનારાઓ તીર્થી કહેવાય છે. ચેતના કહે છે કે આવા તીર્થીઓએ જ મને હેરાન કરી દીધી. ઘણી રખડપટ્ટી કરાવી. મારી આવી વાતો હું કોને કહેવા જાઉં ? વળી મને એમ પણ સમજાવવામાં આવ્યું છે કે ઘર સિવાય અન્ય ક્યાંય તીર્થ નથી. આવી વાતો કરી મને નિષ્પક્ષ

રહેવા દીધી નથી. કવિ આ પદની છેલ્લી કડીમાં કહે છે,

આપવીતી કહેતા રીસાવે, તેહસું જોર ન ચાલે।
આનંદઘન બાંહડી ઝાલે, બાજી સઘલી પાલે...માયડી...।।૮।।

'ચેતના કહે છે કે હે માડી ! મારે જે કષ્ટ ભોગવવા પડે છે ને જે દુઃખી થઈ રહી છું તેની વાતો મારા સ્વામીને કરવા જાઉં તો તે મારા ઉપર ગુસ્સે થઈ જાય છે. આનંદઘન પ્રભુ મને જો જ્ઞાન ને ક્રિયાનો અનેકાંત માર્ગ સમજાવે અને ચેતન પણ તે સમજી જાય તો પછી મારે કોઈ ચિંતા ન રહે. તે સમજે તો મને પણ સમજાઈ જાય. અત્યારે તો તે લોકપ્રવાહમાં ખેંચાઈ રહ્યો છે. કોઈ જ્ઞાનમાર્ગી છે તો વળી કોઈ ક્રિયામાર્ગી છે. જો એકાંતમાર્ગ છોડી અનેકાન્ત માર્ગ પકડવામાં આવે તો મુક્તિ હાથવેંતમાં જ છે. એકાંતમાર્ગ તો રખડપટ્ટી જ છે.

વળી ઘણા તો 'સર્વ ધર્મ સમાન' ને સાચો અર્થ સમજ્યા વગર બધા જ ધર્મમાં અહિંસા, સત્ય, અચૌરી, બ્રહ્મચર્ય ઇત્યાદિની જ વાતો છે તેથી બધા જ ધર્મ સમાન છે તેવી માન્યતા અનુસાર, મતાનુસાર વર્તે છે. પણ 'છ' એ દ્રવ્યમાંથી જે જીવ દ્રવ્ય છે તેના બધાં જ ધર્મ–ગુણ–લક્ષણ સમાન છે, જે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય છે તે બધાના જ ધર્મ સમાન છે, તેવી રીતે બીજા ચાર દ્રવ્યના પણ ધર્મ સમાન છે તેમ જાણતા નથી અને વિપરીતદશામાં, વિભાવદશામાં ચેતન ઘસડાય છે અને મને ના છૂટકે ઘસડાવું પડે છે.

કવિએ આ પદમાં ઘણી માર્મિક વાતો કરી છે. આવી જ વાતો શ્રી યશોવિજયજી મહારાજે કરી છે. શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં તીર્થદર્શનોના નિષ્પક્ષપણાની વાતો કરી છે. ચિદાનંદજી આધ્યાત્મિક નિષ્પક્ષપણાની વાત કરે છે. તો શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ 'યશ વિલાસ' માં કહે છે,

અબ મેં સાચો સાહિબ પાયો.
પક્ષપાત તો પરસું હોવે, રાગ ધરત હું ગુનકો.. અબ...
ભાવ એક હૈ સબ જ્ઞાની કો, મુરખ ભેદ ન પાવે,
અપનો સાહિબ જો પહચાનો, સો 'જશ' લીબા પાવે... અબ

શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે મને તો સાચો સાહેબ મળી





ગયો છે. મારો નાથ પક્ષપાત રહિત છે. પક્ષપાત પારકા સાથે થાય પણ મારો સાહિબ તો ગુણાનુરાગી છે. વળી મારો સાહેબ એક ભાવધારી છે. દરેક પાસે આ સાહિબ છે પણ તેને તેની ઓળખાણ થવી જોઈએ. જેણે પોતાના સાહેબને ઓળખી લીધો છે તે તો મોક્ષ પામે છે. યથાર્થદષ્ટિથી જોતાં જ્ઞાનનો ભેદ ઓળખાય છે, વાત અનેક પણ તત્ત્વ એક છે.

શ્રી ચિદાનંદજી લખે છે,

બાહ્ય ક્રિયા ક'રે કપટ કેળવે, ફિરકે મહંત કહાવે,
પક્ષપાત કબહું નવિ છોડે, ઉનકું કુગતિ બોલાવે....
જબ લગે સમતા ક્ષણું નહિ આવે,

કપટમુક્ત બાહ્ય આચરણો અથવા ક્રિયાઓ કરવામાં આવે પણ પક્ષપાતનો ત્યાગ ન થાય તો મુક્તિ ક્યાંથી મળે ? અરે દુર્ગતિ જ મળે.

જ્ઞાનવિમલસુરિજી પણ કહે છે,

જગગુરુ નિરપક્ષ કો ન દિખાય, નિરપખ.....
અપનો અપનો હઠ સહુ તાણે, કૈસે મેલ મિલાય...
વેદ, પુરાના સબહી થાકે, તેરી કવન ચલાય... જગગુરુ......

પોતાની જાતને જગતગુરુ કહેવરાવાવાળાપણ નિષ્પક્ષ દેખાતા નથી. સહુ કોઈ પોત પોતાના મત અથવા હઠ પ્રમાણે વર્તે છે. આમ કરતાં તારી સાથે મેળ કેમ બેસે. ?

શ્રી જ્ઞાનાનંદજી કહે છે,

સબ જગ નિજ ગુરુતા કે કારણ, મદગજ ઉપર ઠાય,
ગ્યાન, ધ્યાન કછુ જાને નહિ, પોતે ધર્મ બતાય.. જગગુરુ
ચાર ચોર મિલ મુલકને લૂંટયો, નહિ કોય નૃપ દિખલાય,
કિનકે આગળ જાય પુકારે, અંધો અંધ પલાય... જગગુરુ

જગતના માનવો પોતાની ગુરુતાને કારણે મદોન્મત્ત બની બેઠા છે. ધર્મ ધુરંધરો વાસ્તવિક જ્ઞાન, ધ્યાન જાણતા નથી. જેથી ક્રોધાદિ ચાર ચોર આવી શાંતિ સામ્રાજય જીતી લે છે. હૃદયની આ વેદના કોને જઈને કહેવી. આખું વિશ્વ અંધાનુકરણ કરી રહ્યું છે.

આજના ધર્મનેતાઓ તથા તેના અનુયાયીઓ આવી દયનીય દશામાં જીવી રહ્યા છે. હે પ્રભુ ! તું તો દયાસાગર છો. તું હવે મારો હાથ ઝાલ અને

આ દુઃખની ગર્તામાંથી ઉગારીને મારી નાવડી પાર ઊતાર. મારી બાજી તું સંભાળી લે, તો અવળી બાજી સવળી થઈ જશે. હે પ્રભુ ! પધારોને બાજી સુધારો !

આનંદઘન પ્રભુ હાથ પકડે એ આ પદનું રહસ્ય છે.

ચેતના જ્યાં સુધી અશુદ્ધદશામાં છે ત્યાં સુધી તેને સુમતિ માટે માન છે. પોતે ગમે તેટલી અશુદ્ધ હોવા છતાં પોતાની વાસ્તવિકદશાને જાણતી હોવાથી આ પદમાં તેણે સુમતિને ‘માયડી’ કહેલ છે.

ચેતનની અશુદ્ધદશા તે ચેતનાની અશુદ્ધિ છે. મૂળ સ્વરૂપે બંને શુદ્ધ છે. એ દશાને પણ જાણે છે. પણ પર્યાયની અશુદ્ધિને કારણે તે દુઃખી છે. ચેતન તથા ચેતનાના માધ્યમથી કવિએ વર્તમાન સ્થિતિ પર પ્રકાશ પાડયો છે. દરેક ધર્મમાં ચાલતી અંધાધૂંધીને તેઓશ્રીએ ખોળી ખોળીને દૃષ્ટિ સમક્ષ રાખી છે. ધર્મ ખોટો નથી, ધર્મ તત્ત્વમાં કોઈ ફરક નથી. ફરક છે માન્યતામાં.

કવિએ આ પદમાં નગ્ન સત્ય કહ્યું છે. મત, દર્શન અને તીર્થોનું રહસ્યોદ્‌ઘાટન કરી કવિ બતાવવા માંગે છે કે પરમત સહિષ્ણુતા અતિ જરૂરી છે. આવી સુંદર રહસ્યાત્મક વાતો કરી કવિએ ગચ્છપંથમાં સડાનું ઓપરેશન કરી સડો દૂર કરવા પ્રયાસ કર્યો છે.

કવિ આનંદઘનજીએ આમ તો જાણે પોતાના જમાનાનું વાસ્તવિક ચિત્ર વર્ણવ્યું છે પણ વસ્તુતઃ આવી વિષમ, વિચિત્ર સ્થિતિ તો ધર્મ અને ઉપાસનાના ક્ષેત્રે અનાદિકાળથી ચાલી આવે છે.

કવિએ આ વાસ્તવિક ચિત્ર પૂરી તટસ્થતાથી દોર્યું છે. અનુપ્રાસ યુક્ત યથાર્થ ઔચિત્યપૂર્ણ શબ્દોના લય સાથે કવિએ આ પદને એવું અર્થગાંભીર્ય આપ્યું છે કે જો ભાવ શાંત ચિત્તે વિચારવામાં આવે તો અર્થ બરાબર સમજીને એનો આસ્વાદ કરે તો કવિના મર્મને બરાબર પકડયા વિના ન રહે.





## પદ-૪૯

“कंचन वरणो नाह रे”

યોગીશ્રી આનંદઘનજી મહારાજે ચેતના તથા ચેતનના વાર્તાલાપ દ્વારા ચેતનનું શુદ્ધ સ્વરૂપ આ પદમાં જણાવ્યું છે. ચેતના પતિ વિયોગે અત્યંત દુઃખી છે. તે પોતાના દુઃખની કહાણી સુમતિને સંભળાવી રહી છે. સર્વજનના હૃદયને સ્પર્શી જાય તેવી ઘણી જ ઉત્તમ અને રહસ્યભરી વાતો કવિએ પદ સાહિત્ય દ્વારા લોકોની આગળ રજૂ કરી છે. દૈનિક જીવનની વાતોને આટલી ઊંચી ભૂમિકા પર લઈ જઈ કવિએ પોતાની ઉચ્ચદશાનાં પણ દર્શન કરાવ્યાં છે. ‘સોરઠી રાગ’ માં કવિ આ પદમાં કહે છે,

कंचन वरणो नाह रे, मोने कोई मेलावो,
अंजन रेख न आंखडी भावे, मंजन शिर पडो दाह रे...मोने...।।

ચેતન, સુમતિને વિજ્ઞપ્તિ કરે છે કે તે પતિ મિલન માટે ઘણાં પાસે ગઈ, બધાને વાત કરી પણ હજુ કાંઈ પરિણામ આવ્યું નથી. વળી બધે નિષ્પક્ષ રહેવા મથી રહી છે પણ તેનું કાંઈ ચાલતું નથી. ચેતના કહે છે કે મારા પતિ તો શુદ્ધ સુવર્ણ જેવા મલરહિત છે. મારે તેને મળવું છે. તેના વિરહે તો મને આંખોમાં અંજન આંજવું પણ ગમતું નથી. શરીરમાં વિરહદાહ એવો લાગ્યો છે કે સ્નાન કરવાથી શરીરની ગરમી શાંત થવાને બદલે તે વધારે દઝાડે છે. હવે મને શારીરિક કોઈ કામમાં રસ રહ્યો નથી. સ્નાન કરવું. વસ્ત્રો પહેરવાં કે શૃંગાર કરવો મને એ બધું જ અપ્રિય લાગે છે. જ્યારે સીતાનું અપહરણ કર્યું ત્યારે રામે જે વિરહ અનુભવ્યો હતો તે સહુ જાણે છે. રામે જંગલનાં પશુ–પક્ષીને જ નહિ, અરે ! ઝાડ, પાન, ફળ, ફૂલને પણ પૂછયું હતું કે કોઈએ સીતાને જોઈ છે ? રામ ‘સીતે’ કરતાં ચારે બાજુ ફરતા હતાં. અહીં ચેતના પણ આવી જ સ્થિતિ અનુભવી રહી છે.

આ પદમાં ચેતનને કંચન વરણો કહ્યો છે એટલે જેમ સુવર્ણ શુદ્ધ છે તેમ ચેતન સ્વભાવે તો શુદ્ધ જ છે. તેના આત્મદ્રવ્યનું સ્વરૂપ ત્રણ કાળમાં પણ ફરતું નથી. આત્મસ્વામીની આંખમાં અંજનની રેખા નથી. તેમની આંખોનું તેજ પણ જુદાં જ પ્રકારનું છે. તેની આંખો વડે સર્વ વસ્તુ જોઈ

શકાય છે પણ માયા – મમતાના યોગે તે મલિન જણાય છે. જેમ જેમ રાગ–દ્વેષની પરિણતિ મંદ થતી જાય છે તેમ તેમ ચેતનસ્વામીનું તેજ પ્રગટતું જાય છે. તેથી ચેતના કહે છે કે હે ધર્મધ્યાન તથા શુક્લધ્યાન ! પતિને ધ્યાનમાં લઈ આવો. હે મહાવ્રતો ! યમ – નિયમ આદિકથી પતિને વિશુદ્ધ કરી મને પતિ સાથે બેસાડો. હે ક્ષાયિક સમ્યક્ત્વ ! તું મારા પતિને અહીં ઘસડી લાવ. આ રીતે જે મળે તે દરેકને ચેતના વિજ્ઞપ્તિ કરે છે. હે સખી ! ચેતન વિના જ્ઞાનની વાતો કે જ્ઞાનનો ઉપદેશ મને જરા પણ રુચતો નથી. શ્રી મોક્ષમાર્ગમાં પ્રથમ સમ્યગ્દર્શન અને પછી સમ્યગ્જ્ઞાન કહ્યું છે. જેમ કે सम्यग्दर्शन ज्ञान चारित्राणी मोक्षमार्गः માટે ચેતના કહે છે કે મને જ્ઞાનની રેખા જેટલી વાતો પણ પસંદ નથી. કારણકે તે ઘણું કરીને નીચે પાડવાનું કામ કરે છે તો કોઈ વખત જ્ઞાનની વાતો શુષ્કજ્ઞાની બનાવી દે છે. માટે સર્વ પ્રથમ ચેતનનું મિલન થાય તો મને શાંતિ થાય. શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે,

જાશુ જાઈ પૂછીએ તો તે અપની અપની ગાવે, મારગ સાચા કોઉ બતાવે ? જેની પાસે જઈને પૂછું છું તે બધાં પોત–પોતાની વાતો કરે છે. મારો કોઈ વિચાર કરતું નથી. ધર્મના વાડામાં લોકો બંધાઈ ગયા છે.

જ્યારે ભરત ચક્રવર્તીને ચક્રરત્નની પ્રાપ્તિ થાય છે ત્યારે એક બાજુ રિદ્ધિ પ્રાપ્ત થાય છે તો બીજી બાજુ ભગવાન ઋષભદેવ વનિતા નગરીમાં પધાર્યા છે. સમવસરણ રચાયું છે. બંને બાજુ લાભનું કારણ હોવા છતાં રાજા નિર્ણય કરે છે કે પહેલાં પ્રભુના દર્શન પછી સંસારના લાભની વાત. આ રીતે ચેતના પણ ચેતનના મિલનના લાભને ઝંખે છે.

કવિ બીજી કડીમાં કહે છે,

कोई सयण जाणे पर मननी, बेदन विरह अथाए
थर थर देहडी ध्रूजे माहरी, जिम वानर भरमाह रे...मोने...।।२।।

ચેતના કહે છે કે હે સખી ! મારા મનમાં અથાગ વેદના છે. તે કોણ જાણી શકે ? જે કોઈ સ્વજન હોય, બીજાના મનને પારખવાની જેની પાસે કળા હોય તે પારકાના મનની વાત જાણી શકે છે. પરંતુ મારી દશા જાણનારા કોઈ નથી. વિરહવેદનાથી મારું શરીર તો ધ્રુજી રહ્યું છે પણ મારી આ દશાને જાણનાર તથા જોનાર કોણ છે ?





જગતમાં ઘણા જીવો એવા છે કે જે મિથ્યાત્વના ગાઢ અંધકારમાં પડયા છે. તેને બીજાની દશા તથા તેના અંતરમન સુધી પહોંચવાની કળા નથી. ઘણા લોકો જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપક્ષમથી બીજાની ભાષા દ્વારા કે વ્યવહાર વડે વિચારોને જાણી શકે છે. તો વળી કોઈ એવા માનવ હોય છે કે કહે કાંઈ અને કરે કાંઈ, કહેવત છે કે "મુખમેં રામ, બગલમેં છૂરી" પેટમાં કાતર રાખી ધાર્મિકતાનો ઢોંગ કરનારા લોકોનો આ દુનિયામાં તોટો નથી. અજ્ઞાની લોકો એમાં જ પૂર્ણતા માને છે. આવી બાહ્યદશામાં કદી પણ શુદ્ધચેતના તથા ચેતનનો સંયોગ થતો નથી તેથી ચેતનાને અથાગ વિરહવેદના થાય છે. પરંતુ ચેતન – ચેતનાના સંબંધથી અજ્ઞ જીવો ચેતનાની પીડાને ક્યાંથી જાણી શકે ? તો પણ ચેતનના સ્વરૂપને સમજનારા અને આત્મસ્વરૂપના લક્ષ્યવાળા જે કોઈ સ્વજન, જ્ઞાનીજન છે તે જ ચેતનાની આ દશાને જાણી શકે છે સાચા જ્ઞાનીજનો બહુ ઓછા મળે. કૃત્રિમ ધર્મિષ્ઠ લોકોનાં તે સ્વજન, સગાં કે સજ્જન નથી. આ ત્રણેય અર્થ માટે કવિએ "સયણ" શબ્દનો પ્રયોગ કર્યો છે.

ધર્મના નામે ઢોંગી લોકોને જોઈને, ધર્મના બહાના નીચે સ્વચ્છંદને પોષનારા લોકોને જોઈને ચેતના કહે છે કે મારું શરીર તો થરથર ધ્રૂજે છે. કારણકે ચેતન તો જ્યાં ત્યાં રખડે છે. આગ્રહી ગુરુઓની કપટજાળમાં ફસાઇ કુમાર્ગે પણ ચાલે છે. વળી માયા મમતાના પરિવારમાં તેઓ આસક્ત બની જાય છે. ચેતનની આવી દશા જોઈને તેમજ આત્મસ્વામીનો પ્રેમ ખરેખર મારા મનની વિચિત્રદશા કરે છે. સ્વામીના વિરહથી અને તેમનાં અત્યંત સ્મરણથી મારી દેહલતા થરથર કંપે છે. જેમ "मकरे दारुणं शोतम्" કોઈ વાંદરો ભ્રમિત થયો હોય ને તે વાંદરાના ટોળામાંથી છૂટો પડી ગયો હોય તે જેમ થર થર કંપે છે તેમ હું પણ આત્મપતિના વિયોગે થરથર ધ્રૂજું છું. ચેતના કહે છે કે ચેતન સ્વયં દુઃખી છે અને બીજાને પણ દુઃખી કરે છે.

તેથી જ ચેતના, પ્રસ્તુત પદની ત્રીજી કડીમાં કહે છે,

देह न गेह न नेह न रेह न, भावे न दुहडा गाह,
आनंदघन वहालो बांहडी साहि, निशदिन धरुँ उछाह रे...मोने...।।३।।

ચેતના કહે છે કે ચેતન વિના મને ઘર, શરીર કે સંબંધીઓના

સંબંધો રાખવા પણ ગમતાં નથી. હવે મારાથી ગમ પણ ખવાતો નથી. ગમ ખાવી કઠિન લાગે છે. કારણકે આજ સુધી રેહ પીતી રહી તો ચેતનનાથ આટલા આગળ નીકળી ગયા. આ દુઃખનો ડુંગર મારાથી ઉપડતો નથી. ચેતનાને હવે પોતાનું સ્થૂલ શરીર ગમતું નથી. દુનિયાનો સ્થૂલ સ્નેહ કાંટાની માફક ખૂંચે છે.

લોકો ધર્મના નામે મિથ્યાત્વનો ફેલાવો કરી રહ્યા છે. મિથ્યાઆગ્રહી લોકો હું કહું તે સાચું, બીજાનું બધું તદ્ન ખોટું, આવું માની તે પોતાના શરીરમાં પણ સમાતી નથી. ઘણા લોકોની આવી સ્થિતિ જોવામાં આવે છે.

ચેતના કહે છે કે હે આનંદઘન પ્રભુ ! મારો હાથ ઝાલી મને ઉગારે તો હું આ પરિસ્થિતિમાંથી મુક્ત બનું. ચેતન પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખે અને મિથ્યાત્વથી દૂર રહે તો મારામાં અનેરો ઉત્સાહ આવે. ચેતન પૌદ્ગલિક દશામાં છે. તેથી ધર્મ કાર્યમાં રસ આવતો નથી. ભોગ–વિલાસ, ધન–વૈભવમાં ઓઘસંજ્ઞાથી ધર્મ કાર્ય કરવાથી રસની જમાવટ થતી નથી પણ જો આત્મસ્વરૂપનું લક્ષ્ય બંધાય તો ભોગકાર્યમાં વિરસતા આવે. પરિણામે તેને સદ્વર્તનમાં તથા આત્મગુણોમાં રસ આવે. પછી તો તે વિશુદ્ધમાર્ગનાં સાધન ધર્મો કરે છે. આવાં કાર્ય કરવામાં તેને એટલો બધો ઉત્સાહ આવે છે કે સામાન્યદૃષ્ટિવાળાને એવો ઉત્સાહ આવવો દુર્લભ તો શું અશક્ય છે. જીવની જ્યારે આવી દશા આવે છે ત્યારે આનંદઘન પ્રભુ હાથ પકડે છે. સાધ્યનું નિરંતર લક્ષ્ય રાખી દૃઢ મનોબળથી આત્મ વિચારણા કરવા આ પદમાં કવિએ સૂચન કર્યું છે.

કવિશ્રી આનંદઘનજીએ આ પદમાં ચેતનના માધ્યમથી લોક જાગૃતિ કરવા પ્રયાસ કર્યો છે. સમાજમાં ચાલેલી અંધાધૂંધી તથા આડંબરો ઉપર દૃઢ પ્રહાર કર્યો છે. આત્માર્થીઓ આવા આડંબરોથી મુક્ત રહી ઉદાસીન રહે છે. જેમ નાનું બાળક અથવા ગાય કે બકરીનું બચ્ચું તેની 'મા' થી છૂટું પડી જાય અને પછી 'મા' મળતાં આનંદ થાય છે તેમ ચેતનાને આનંદઘન સ્વામી સ્વરૂપી પ્રભુ પ્રાપ્ત થતાં તે પોતાની જાતને કૃતકૃત્ય માને છે.

કવિ આનંદઘનજીએ આ પદમાં વિરહિણી ચેતનાની ઉક્તિ વર્ણવી છે. વિરહિણીની વ્યથા તો વિરહિણી જ જાણે. પતિ વિરહમાં વિરહિણીને ઘરમાં કે બહારમાં કશું ગમતું નથી. તેને શણગાર સજવા ગમતા નથી.





તેની કાયા કરમાવા લાગે છે. તેની દેહડી થરથર ધ્રૂજવા લાગે છે. દિવસ–રાત તેનો તલસાટ તેના પ્રિયતમ માટે હોય છે. સમ્યગ્દર્શન પહેલાંની જીવની આવી જ દશા હોય છે. કવિએ એ દશાનું સચોટ વર્ણન આ પદમાં કર્યું છે.

# પદ-૫૦

"अनुभव प्रीतम कैसे मनासी"

મુમુક્ષુઆત્માની અંતરવેદના કેવી હોય છે તથા સમ્યક્ત્વ પ્રાપ્તિ પહેલાની કેવી પીડા હોય છે તેનું વર્ણન અનુભવીયોગી શ્રી આનંદઘનજી મહારાજે પોતાનાં પદો દ્વારા મુમુક્ષુ આત્માઓ માટે કર્યું છે.

પ્રસ્તુત પદમાં ચેતના અનુભવ મિત્રને કહી રહી છે કે તું ચેતનને કેવી રીતે મનાવીશ ? કારણે તે તો કાકીડા જેવો છે. તે ક્યારેક લાલ કે લીલો કે પીળો તો કાળો રંગ ધારણ કરે છે. આ રીતે વિધવિધ વેશ ભજવતા મારા ભરથારને ઓળખવો ઘણો મુશ્કેલ છે.

"ધન્નાશ્રી રાગ" માં લખાયેલા આ પદનો પ્રારંભ કરતાં શ્રી આનંદઘનજી કહે છે કે :

अनुभव प्रीत्तम कैसे मनासी.... अनु
छिन निरधन सघन छिन निरमक, समक रूप मनासी...अनु...।।१।।

ચેતનાએ ચેતનને મનાવવા બહુ પ્રયત્ન કર્યાં. તેને ઉપાલંભ આપીને પણ સમજાવ્યો. અરે ! નાના બાળકને દૃષ્ટાંતના માધ્યમથી સમજાવે તેમ સમજાવ્યો. બાળક ન માને તો તેની મા કહે હું કૂવામાં પડી મરી જઈશ. આવા ડરથી પણ બાળક સમજી જાય છે. તેમ ચેતનાએ કાશીએ કરવત મુકાવવાની બીકથી સમજાવ્યો છતાં હજુ તે ઠેકાણે આવ્યો નથી. એટલે હવે નાનાં-નાનાં ઉદાહરણો આપી સમજાવે છે.

આ પદમાં ચેતનને અનુભવ મિત્ર શું સમજાવે છે તે બતાવવામાં આવ્યું છે. ચેતન પર અનુભવનો પ્રભાવ છે. તેથી મિથ્યાત્વભાવમાં પડેલ ચેતનને મનાવવા અનુભવ તૈયાર થાય છે. ચેતના ! અનુભવ મિત્રને કહે છે કે હે અનુભવ ! તું જાણે છે કે ચેતનમાં કેટલી શક્તિ છે. તેને કેટલાય રૂપ કરતાં આવડે છે. તું એને ક્યાં જઈને પકડીશ ? અત્યારે તો તેઓ સ્વશક્તિનો દૂર ઉપયોગ કરી રહ્યાં છે. મિથ્યાત્વભાવથી ભ્રમિત થઈ આત્માને ક્ષણિક માને છે.

छिनमें शक्र तक्र फुनि छिनमें, देखुं कहत अनाशी,
विस्वन बीच्च आप हितकारी, निरधन जुठ खतासी।।२।।





ચેતના કહે છે કે હે અનુભવ મિત્ર ! ચેતન કેવાં કેવાં રૂપો ધારણ કરે છે તેનો તો તું વિચાર કર. તેઓ કોઈ વખત દેવોના પણ સ્વામી એવો ઇન્દ્ર બને છે તો વળી ક્યારેક ખાટી થઈ ગયેલી છાશ બને છે અથવા ક્યારેક રાજા તો વળી ક્યારેક રંક બને છે. ઘણીવાર મોટા પરિવારવાળો તો ક્યારેક એકલો જણાય છે. કોઈ વખત ઊંચકુળમાં દેખાય છે તો કોઈ વખત નીચકુળમાં પણ ચાલ્યો જાય છે. આવા અનેક વેશો, રૂપો, નામ, ગોત્ર કર્મના આધારે તથા વેદનીય – મોહનીયકર્મના ઉદયે ભોગવવા પડે છે. શાસ્ત્ર કહે છે કે જગતમાં એવી કોઈ ગતિ, જાતિ કે યોનિ નથી, એવું કોઈ કુળ કે સ્થાન નથી કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ન હોય. આમ એક વખત નહીં અનંતવાર એ જ સ્થાનમાં ઉત્પન્ન થયો છે, કારણ કે કર્મ સંગી ચેતનને, કર્મયોગે ભિન્ન ભિન્ન પ્રકારનાં શરીર ધારણ કરવાં પડે છે અને તે પ્રકારે આકૃતિ અને પ્રકૃતિ બનાવતો ફરે છે.

न सा जाइ न सा जोणी, न तं कुलं न तं ठाणं,
न जाया न मुआ जत्य, सत्त्वे जीवा अणंतसो।

આત્મા ફરી ક્ષણવારમાં ઇન્દ્રની જેમ ઈશ્વરતા ધારણ કરશે અને કહેશે કે ષટ્દ્રવ્યમાં મારા જેવો કોણ ? તો વળી છાશ જેવો પાતળો ને નરમ પણ બની જાય છે એટલે કે અહંકારરહિત બની જાય છે. આમ ચેતન અવનવાં રૂપો ધારણ કરે છે. તેનું કોઈ ઠેકાણું નથી. તેની એક સરખી ગતિ, કૃતિ કે વૃત્તિ નથી. વળી તે અવિનાશી છે, તેમ જ્ઞાનીજનો કહે છે. આ બંને કેમ સંભવી શકે ? હે અનુભવ ! તું પણ અવિનાશી કહે છે તો તે કેવી રીતે શક્ય છે ? આત્મા પોતાની વિભાવ પરિણતિને કારણે કર્મબંધ કરી જુદી જુદી ગતિ, યોનિમાં પરિભ્રમણ કરે છે. બંધાયેલું કર્મ ફળ આપી આત્માથી છૂટું પડી જાય છે. પણ કર્મોદય થતાં જીવ તેને આધીન બની જાય છે જેથી જીવ નવા કર્મબંધ કરતો જ રહે છે. કર્મ આઠ છે. દરેક કર્મ પોતાનો ભાવ ભજવે છે. તેથી આત્મા અત્યારે જ્ઞાનધન વિહીન હોવાથી નિર્ધન બની ગયો છે. નિર્ધનતાને કારણે તે ખોટાં ખાતા ખતવે છે. એક તો કર્મોનો કરજદાર છે અને દેવું વધારતો જાય છે તેથી તેની પાસે જે થોડી પણ મૂડી છે તે નાશ પામી જશે.

अप्पा नई वेयरणी, अप्पा में कुड सामली।
अप्पा काम दुहा घेणू, अप्पा मे नन्दणवणं।।

આત્મા વેતરણી નદી સમાન છે. આત્મા હળાહળ કુટશાલ્મલી ઝેર જેવો છે. આત્મા જો સીધો ચાલે તો કામધેનુ ગાય અને નંદનવન જેવો છે. આત્મા જ બધું છે. સ્વરૂપ રમણતામાં આત્મા સ્થિર બની જાય તો જેમ નંદનવન આનંદ કરવાનું ક્રીડા સ્થાન છે. તેમ આત્મા પણ સ્વયં આનંદભવન બની જાય છે. વિભાવભાવને કારણે તે વેતરણી નદી તથા હળાહળ ઝેરતુલ્ય બને છે. પોતે જ બધું હોવા છતાં તે બીજા ઉપર દોષારોપણ કરે છે. એ જ તેની વિચિત્રતા છે. પણ માયા–મમતાને કારણે તે ખોટું ખાતું ખતવે છે અને તે ભવસમુદ્રમાં ડૂબે છે. જો ધાર્મિક ક્રિયાકાંડો સત્યસમજણપૂર્વણ કરવામાં આવે તો કર્મનાશ થઈ શકે છે. પણ જો આડંબર કે લોકપ્રસંશા માટે અથવા યશ કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટે થતાં કાર્યોને ધર્મ માનવાથી જીવ દુર્ગતિમાં ચાલ્યો જાય છે આત્મલક્ષ્યે થતી ક્રિયા આત્મગુણોની વૃદ્ધિનું કારણ બને છે. લોકપ્રશંસા માટે થતી ક્રિયા આત્માનું અહિત કરનાર છે. પછી તે પ્રશસ્ત હો યા અપ્રશસ્ત હો. દરેક કાર્યનો કરનાર તો આત્મા જ છે. સાચા–ખોટા ખાતા ખતવનાર આત્મા જ છે. ચેતન જો ચેતી જાય તો સર્વ ચિંતા ટળી જાય. હવે ચેતના, અનુભવને શું કહે છે તે આપણે જોઈએ.

तुं हितु मेरो में हितु तेरी, अंतरा काटि, जनासी ।
आनंदघन प्रभु आन मिलावो, नहितर करो धनासी अनुभव।। ३।।

ચેતના, અનુભવમિત્રને કહે છે કે હે અનુભવ ! તું મારું હિત ઈચ્છે અને ભલું થાય તેવા કાર્યો કરે છે. તેમ હું પણ તારું હિત ઈચ્છનાર મિત્ર છું. તારા અહિતમાં મારું અહિત સમાયેલું છે. એમ સમજી હું હંમેશાં તારી સાથે રહું છું. આપણે પરસ્પર એકબીજાના હિતચિંતક છીએ તો પણ મારી તારી વચ્ચે અંતર શું છે તે તું જ કહે શું. મારે તને વારંવાર કહેવું પડે કે તું મારા પ્રભુને સમજાવ. મારે શું તને વારંવાર વિનંતી કરવી પડે ? એ બધું તો પારકા પાસે કરવું પડે છતાં પણ હું તને કહું છું કે મારો અને તેનો વિરહ કેમ હોય ?

હે અનુભવ ! ચેતનની અને તારી એક ગાંઠ છે માટે જ તને કહું છું કે મારું આ કામ કરી આપવું તે તારો મિત્રધર્મ છે. અનુભવજ્ઞાન થયા પછી ચેતનજી અવશ્ય સમતાના મંદિરે પધારે છે. ચેતન સન્માર્ગે આવે





એટલે ચેતનાની વિશુદ્ધિ થતી જાય છે. તેનો પણ અનુભવ થાય છે. આ રીતે એક બાજુ ચેતના છે તો બીજી બાજુ સમતા. ત્યારે અનુભવ એ બંનેને સહયોગી અને હિત કરનાર છે. પણ ખેદની વાતએ છે કે ચેતન વિભાવદશામાં ભયંકર દુઃખ ભોગવી રહ્યો છે તેથી તું તેને સમજાવી પોતાનાં આનંદસ્વરૂપનો અનુભવ કરાવ. તે સ્વયં ચિદાનંદ સ્વરૂપી છે. બસ આટલું કામ કરી આપ અને જો ન કરવું હોય તો ચાલતો થા તને મારી વેદનાની જાણે કે કાંઈ અસર જ નથી. તું તો જાણે સાવ પુરૂષાર્થ હીન થઈ ગયો છે.

આત્માને અનુભવજ્ઞાન થાય ત્યારે તે સમતાની નજીક જઇ શકે છે અને સમતાની નજીક જતા તેની ચેતના વિશુદ્ધ, વિશુદ્ધતર થતી જાય છે. જો અનુભવ હોય તો સમતા બની રહે છે. અનુભવ અને સમતાને બહુ નજીકનો સંબંધ છે. બંનેને કાર્ય–કારણરૂપ સ્નેહ સંબંધ છે. આ પદનો ભાવ છે કે અનુભવ દ્વારા સમતા પ્રાપ્ત કરવી અને ચેતનજીને પોતાનું સહજ સ્વરૂપ પ્રગટ કરવું.

દેવ –મંદિરોમાં છેલ્લે વધાઈ ગાવાનો રિવાજ છે. પણ એ વધાઈ લગભગ ‘ધન્નાશ્રી રાગ’માં હોય છે. સારાંશ એ નીકળે છે કે આ કાર્યક્રમ પણ પૂર્ણ થયો ગવૈયાઓ પણ છેવટે ધનાશ્રી ગાય છે.

અત્યાર સુધી જે આત્માનું વર્ણન કર્યું છે તે તો બહિરાત્મા છે. એટલે એ પરપરિણતિને પોતાની માને છે. પૌદ્ગલિક ભાવોમાં લોલુપતા રાખી ઉપર ઉપરની બાહ્યક્રિયામાં ઘેલો થઈ જાય છે. આ બહિરાત્માને સમજાવવું તો કઠિન છે. પણ બહિરાત્મમાંથી મુક્ત બની અંતરાત્માને જાગૃત કરી પરમાત્મભાવને વિચારવાની જરૂર છે. ચેતના, અનુભવને એટલા માટે વિનવે છે કે તે ચેતનને સમજાવી શકે એવું તેનામાં સામર્થ્ય છે. ચેતના કહે છે કે આત્મરામ એવા મારા ભરતાર મને મેળવી આપો. જો ન મેળવી શકો તો તમે પણ ધન્યાસી કરો. એટલે કળાવંત ગાનારને શીખ દેવી હોય તો તેને કહેવામાં આવે છે કે ધન્યાસી કરો. એટલે તમને શીખ છે. હવે અમે પોતે જ તેને મનાવી લઈશું અર્થાત્ ચેતનને મનાવવા તમે પ્રયત્ન કરો છો તે સારું છે નહિ તો તમને ફાવે ત્યાં જઈ શકો છો.

કર્માધીન ચેતનની બહિરાત્મભાવને કારણે અનેકવિધ ઊંચી–નીચી

અવસ્થા થાય છે. આત્મામાં જ્યારે અંતરજ્ઞાન અથવા અનુભવજ્ઞાન પ્રગટે ત્યારે બહિરાત્મભાવ છૂટી જાય છે. આ સ્થિતિમાંથી બહાર આવવા અનુભવજ્ઞાન સર્વ પ્રથમ જરૂરી છે.

અનુભવજ્ઞાન એ આત્માનું અમૃત છે. અનુભવજ્ઞાન વડે અંતરાત્મભાવમાં લય બની, પરમાત્મભાવ પ્રગટ થાય છે. પંડિતશ્રી બનારસીદાસ અનુભવનો મહિમા સમજાવતાં કહે છે,

અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હે રસકૂપ
અનુભવ મારગ મોખકો, મોખ સરૂપ,
અનુભવ કે રસકો રસાયન, કહત જગ
અનુભવ અભ્યાસ પહે, તીર થકી ઠૌર હૈ
અનુભવ કેલિ યહે, કામધેનુ ચિત્રાવલી
અનુભવકો સ્વાદ પંચ અમૃત કો કોર હૈ;

આવા અનુભવજ્ઞાનને બરાબર સમજવું પછી તેનાં પર ચિંતન, મનન કરતાં પરભાવ હટી જાય છે અને સ્વભાવ તરફ દૃષ્ટિ થાય છે. સ્વભાવમાં જો એક મુહૂર્ત સ્થિરતા આવી જાય તો મોક્ષ કાંઈ દૂર નથી. બીજાને જાણતાં પહેલાં પોતે – પોતાને જાણવા પ્રયાસ કરવો. આ વિષયમાં શ્રી ચિદાનંદજી કહે છે,

આપકું આપ કરે ઉપદેશ જશું, આપકું આપ સુમારગ આણે,
આપકું આપ કરે સ્થિર ધ્યાનમેં, આપકું આપ સમાધિમેં તાણે,
આપ થઈ જગ જાળથી ન્યારો જપું, આપ સ્વરૂપમેં આપ સમાવે,
આપ તજે મમતા, સમતા ઘર, શીલસું સાચો સનેહ જગાવે

આ રીતે ચેતનને જે કાંઈ કરવાનું છે તે બહારમાં કાંઈ કરવાનું નથી. જે કરવાનું છે તે અંદરમાં જ કરવાનું છે. તે ‘સ્વ’ માં છે. તે ‘સ્વ’માંથી મળશે. જો ‘સ્વ’ માં ચિત્ત ધરશે તો ‘સ્વ’માં ‘સ્વ’ ઠરશે. ‘સ્વ’ માં લીનતા આવતાં અનુભવજ્ઞાન પ્રાપ્ત થશે. જીવમાં જેમ જેમ સમતા આવશે તેમ તેમ કર્મનિર્જરા થતી રહે છે અને નવા કર્મબંધ અટકે છે. ચેતનની વિશુદ્ધિ થતાં, ચેતનાની વિશુદ્ધિ થાય છે. અનુભવમાં એટલી તાકાત છે કે તે ચેતનને ઠેકાણે લાવી શકે છે. કારણકે અનુભવ ચેતનનો શ્વાસ અને પ્રાણ છે. યથાર્થ દૃષ્ટિથી વિચારતાં પરપરિણતિમાં પણ ચેતનની સાથે અનુભવ તો છે જ છતાં પણ ચેતના અનુભવને કહે છે કે તું ચેતનને





સમજાવ.

પરમાત્મા પદપિપાસુ શ્રી આનંદઘનજી મહારાજે આ પદમાં સર્વ પદોનો નિચોડ આપી દીધો છે.

અનુભવજ્ઞાનનું જેણે રસપાન કર્યું છે તે જરૂર અમર બને છે. ચેતનાના માધ્યમથી ચેતનના અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવા કવિ પ્રેરણા કરે છે. જે આનંદઘન રસ પીવા કટિબદ્ધ થાય છે તે અનંત આનંદસાગરમાં આત્મનિમજ્જન કરી, આનંદ ઊર્મિઓમાં કલ્લોલ કરે.

ચેતનને મેળવવા માટે અનુભવની અનિવાર્યતા કેટલી બધી છે તે પણ આ પદમાંથી સૂચિત થાય છે. કવિ આનંદઘનજી અવધૂત હતા છતાં જીવનનાં સ્થૂલવ્યવહારનું એમનું અવલોકન પણ વાચકને આશ્ચર્યચકિત કરી નાંખે એવું હતું. એ આ પદ અને બીજા કેટલાંક પદોનું અવલોકન કરતાં જણાય છે.